આગ્રહ



તુમ સ્યાને મેરે સાથજી,
જિન રહો વિષે રસ લાગ ।
પાઉં પકડ કહે ઈન્દ્રાવતી,
ઉઠ ખડે રહો જાગ ।।

-(પ્રકાશ હિં, પ્ર.૧૭/ચો.૨૧).

અર્થ : હે મારા ધામના સુમન સુંદરસાથજી !

આપ બધા તો અત્યંત જ બુદ્ધિમાન, હોશિયાર તેમજ સમજદાર છો, સાંભળો, જુઓ અને વિચાર કરો ! પંચ વિષયના ઈન્દ્રિયજન્ય સ્વાદમાં જ લાગીને ન રહો. હું ઈન્દ્રાવતી આપ બધાના ચરણ પકડીને (પગે લાગીને) કહું છું કે અજ્ઞાનરૂપી નિદ્રામાંથી જ્ઞાન લઈને જાગો ! ઉઠો ! ! ઊભા થઈ જાવ ! ! ! કેમ કે હવે આપણી ઘેર જવાનો સમય થઈ ગયો છે.

- લેખક

પુનશ્ચ :-

❖ આત્મીય પ્રેમાગ્રહ ❖

સુખ લેને કો આયે હો, નહીં ભેજે સોવન કો ।
બિચાર દેખો હાદીય કી, બાની લે દિલમોં ।।

-(શ્રી ખુલાસા, પ્ર.૧૬/ચો.૭૯).

હે મારી પ્યારી ધામસ્થ આત્માઓ ! આપ લોકો નિજધામથી આ દુઃખરૂપી બ્રહ્માંડમાં કેમ આવ્યો છો ? અસત, જડ, દુઃખ અને સત, ચિદ્, આનંદનો તારતમ જ્ઞાનના માધ્યમથી સંતુલનાત્મક જ્ઞાનાર્જિત કરી (જ્ઞાન લઈને) તે જ્ઞાનના દ્વારા આત્મ-જાગૃતિ કરો કેમ કે આત્મ-જાગૃતિના અપૂર્વ, અવર્ણનીય સુખાનુભવ કરવા માટે જ આપ બધા શ્રી રાજજીથી વચનબદ્ધ થઈને આવ્યા છો. આપેલાં વચનને યાદ કરો.

શ્રી રાજજીએ આપ લોકોને આપેલાં વચનને બિલકુલ ભૂલીને કુંભકર્ણવત્ માયાવી નશામાં ચૂર થઈને સૂવા અથવા ભૂલવા માટે ખેલમાં મોકલ્યા નથી. જો તમે બધા ધામધણી સંબંધી આત્માઓમાંથી છો, તો પોતાના (આપણા) હાદી-સદ્ગુરુ નિજાનંદ શ્રી દેવચંદ્રજી અને મહામતિ શ્રી પ્રાણનાથજી પ્રદત્ત ઉક્ત વાણીની ચોપાઈને કોમલ ચિત્તમાં ધારણ કરો અને નિશ્ચિંત થઈને શીઘ્રાતિશીઘ્ર નિર્ણય કરી લ્યો કે આપ લોકો ધામથી સંસારમાં કેમ આવ્યા છો તથા શ્રી રાજજીએ કેમ મોકલ્યા છે ? ખેલમાં આવીને શું કરવું હતું ? વિચાર-વિવેક કરીને જુઓ ! શું આપ બધા આપેલાં વચનાનુસાર ચાલી રહ્યા છો ?

હે આત્માઓ !

ચરણ પકડીને કહે યશવંતી,
ઉઠો ! ઊભા રહો જાગી.

-પ્રણામ.

અક્ષરાતીત શ્રી કૃષ્ણ પરમાત્મને નમઃ

(શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ-શ્રીમન્નિજાનંદ સંપ્રદાય)

સ્વામી શ્રી લાલદાસજી મહારાજ પ્રણિત વીતક સાહેબના

***

શ્રી ૧૦૮ શ્રી દીનદયાલજી મહારાજ કૃત

પ્રશ્ન-ઉત્તર

(પૂર્વાંશ - પ્રથમ ખંડ)

લેખક-

''પ્રાણનાથ સાહિત્ય ભાસ્કર''-સન્માનથી વિભૂષિત

પરમપૂજ્ય ''વાણી આચાર્ય''

શ્રી ૧૦૮ શ્રી દીનદયાલજી મહારાજ

સંરક્ષક - શ્રી પ્રાણનાથ જ્ઞાન કેન્દ્ર ચે. ટ્રસ્ટ

બોરીવલી (પ.), મુંબઈ - ૪૦૦ ૦૯૨.

પ્રકાશક -

૧. હિન્દી - શ્રી પ્રાણનાથ જ્ઞાન કેન્દ્રના સંસ્થાપક,

''પ્રાણનાથ સાહિત્ય ભાસ્કર''-સન્માનથી વિભૂષિત

પરમપૂજ્ય ''વાણી આચાર્ય''

શ્રી ૧૦૮ શ્રી દીનદયાલજી મહારાજ

બોરીવલી (પ.), મુંબઈ - ૪૦૦ ૦૯૨.

૨. ગુજરાતી - જ્ઞાન કેન્દ્ર -

શ્રી પ્રાણનાથ મહિલા મંડળ (રજિ.),

બોરીવલી (પ.), મુંબઈ - ૪૦૦ ૦૯૨.

પુસ્તક પ્રાપ્તિ સ્થાન

૧. શ્રી ૧૦૮ પ્રાણનાથજી મંદિર
શ્રી ૫ પદ્માવતીપુરી ધામ (મુક્તિપીઠ), પન્ના,
મધ્ય પ્રદેશ–૪૮૮૦૦૧. સંપર્કઃ૦૭૭૩૨-૨૫૨૦૪૬

૨. શ્રી ૫ મહામંગલપુરી ધામ
શ્રી કૃષ્ણ પ્રણામી મોટા મંદિર,
સૈયદવાડા, સૂરત -૩. સંપર્કઃ ૦૨૬૧-૨૪૨૪૯૮૬

૩. શ્રી કૃષ્ણ પ્રણામી મૂલ મિલાવા માનવ મંદિર
વેડ રોડ, સૂરત. સંપર્કઃ૦૨૬૧-૨૫૧૨૭૨૨

૪. શ્રી પ્રાણનાથ જ્ઞાન કેન્દ્ર ચે. ટ્રસ્ટ
૩, સુંદરધામ, જાંમલી ગલી, બોરીવલી (વે.),
મુંબઈ-૪૦૦ ૦૯૨. સંપર્ક : ૦૨૨-૨૮૯૯ ૮૭૫૮

૫. શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર
દિલ્લી બજાર, કાઠમાંડુ (નેપાલ).
સંપર્ક : ૦૦૯૭૭-૯૮૪૧૨૩૧૦૩૫

૬. શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર
સેવક રોડ, સિલિગુડી, (પશ્ચિમ બંગાલ).
સંપર્ક : ૦૩૫૩-૨૬૪૨૭૨૮

૭. શ્રી કૃષ્ણ પ્રણામી સાધનાલય ચે. ટ્રસ્ટ
શ્રી પ્રાણનાથ વાણી પ્રશિક્ષણ કેન્દ્ર,
પોસ્ટ - ગડઊમરિયા, ધરમપુર, દર્રામુરા,
રાયગઢ, છત્તીસગઢ - ૪૯૬૦૦૧.
સંપર્ક : ૦૯૯૦૭ ૪૪૨ ૪૪૨

❖ વિષય સૂચી ❖

ક્રમ સંખ્યા	પ્રકરણોના નામ	પૃષ્ઠ સંખ્યા
૧.	અનુભૂમિકા	૧
૨.	સ્વલીલા અનુશીલન	૧૧
૩.	મૂલપાઠ - અથ શાસ્ત્રની સાક્ષી	૨૨
૪.	મહાકારણ	૩૪
૫.	કચ્છમાં ખોજ	૭૪
૬.	શ્રી દેવચંદ્ર સ્વરૂપની પહેચાન	૯૪
૭.	નવતનપુરી લીલા	૧૦૮
૮.	તારતમ પ્રકાશ	૧૨૪
૯.	સંક્ષિપ્ત જીવન વૃત્ત	૧૪૨
૧૦.	અંતર્ધાન એવં બલિદાન	૧૪૮
૧૧.	મોમિનોની કુરબાની	૧૫૨
૧૨.	શ્રી દેવચંદ્રજીનો પરિવાર પ્રસંગ	૧૫૮
૧૩.	સુંદરસાથ આગમન	૧૬૦
૧૪.	કુરાન પુરાણની સાક્ષી	૧૬૪
૧૫.	બંને સ્વરૂપોનું મિલન	૧૭૦
૧૬.	કસોટી	૧૯૮

૧૭.	અરબ યાત્રા	૨૧૬
૧૮.	સદ્‌ગુરુ અંતર્ધાન લીલા	૨૪૬
૧૯.	તારતમ વાણી અવતરણ	૨૫૮
૨૦.	સુંદરસાથ પ્રબોધ	૨૮૪
૨૧.	ત્રણ સૃષ્ટિ	૩૧૦
૨૨.	કબ લોં કાંસા કૂટેગા	૩૧૬
૨૩.	જાતિ સ્મરણ બોધ	૩૩૦
૨૪.	બ્રહ્મમુનિઓની રક્ષા	૩૪૦
૨૫.	ઠક્કાનગર વૃત્તાંત	૩૫૬
૨૬.	ચિંતામણી બોધ	૩૭૨
૨૭.	લાલદાસ મિલાપ	૩૮૬
૨૮.	મસકત બંદર	૩૯૬
૨૯.	અબાસી બંદર વૃત્તાંત	૪૧૨
૩૦.	નલિયાની તરફ	૪૪૦
૩૧.	નિષ્કાસિત ધારાનું પ્રત્યાગમન	૪૪૮
૩૨.	નાદ અને બિંદુમાં ભેદ	૪૭૨
૩૩.	સૂરત આગમન	૪૮૪

પૂર્વાંશ-પ્રથમ ખંડ સમાપ્ત.

❖ અનુભૂમિકા ❖

અહો ! ..... શ્રી નિજધામસ્થ સુમન સુંદરસાથજી !

આ સંસારરૂપી સાગર અતિ નિરસ, ધોકાદાર, છળકપટથી ભરેલો ફરી અવિશ્વાસનીય, નિર્દયી, દુસ્તરાતિદુસ્તર તેમજ વિભિન્ન અનર્થમય ગુણયુક્ત છે. એવા આ પાણીના પરપોટા સદૃશ ક્ષણિક જીવનની અંતિમ ઘટિકા ગણવાની અવધિકાલમાં પણ મને આજે ફરીથી લોકાભ્યુદય ગહન વિષયાત્મક સ્વ-સમાજ સેવાનો અતિ સોહામણો અવસર પ્રાપ્ત થયો છે. ફળસ્વરૂપ મારું દિમાગ સાતમા આસમાનમાં હોવું (બહુ ઘમંડ કરવું) એ કોઈ અસ્વાભાવિક વાત નથી. પરંતુ આ જાગણીના બ્રહ્માંડમાં મારા જેવા અશક્ત શારીરિક અવસ્થાવાળા વ્યક્તિ પર ધામધણી શ્રી રાજજી દ્વારા આવી અહોભાગ્યમય સુઅવસરની પ્રેરણાયુક્ત અસીમાતિઅસીમ અનુકંપા-દયા થવી, એ તો હકીકતમાં મારા દીનૈકબન્ધો પરમપૂજ્ય ધામધણી સ્વરૂપ ગુરુપ્રવર બાબાજી શ્રી લક્ષ્મીદાસજી મહારાજ, નવતનપુરી (જામનગર) ની આત્મીય પ્રેરણા, અપાર દયા-કૃપા સિવાય અકાટ્યરૂપે અસંભવ છે.

અતઃ તેમની હૃદયસ્થ આત્મીય પ્રેરણા, અસીમ દયા-કૃપાના પ્રતિફળ જે કાર્ય આગળ થઈ રહ્યું છે, તે બધી પ્રતિક્રિયાઓ પ્રત્યે હું મારા ધામધણી સ્વરૂપ શ્રી ગુરુદેવના ચરણોમાં શીશ નમાવું છું અને હું પોતાને આજીવન તેમનો ઋણી માનતો રહીશ. ઉપર્યુક્ત પ્રકારની અસીમ, અપાર દયા-કરુણા અથવા એમ કહી શકાય કે તેમની અદૃશ્ય હાર્દિક અનુકંપાના કારણે જ મેં ૭૬ વરસની ઉંમરમાં પોતાના અંતિમ સમયમાં પણ દેહત્યાગ કરવાનું છોડીને રહી સહી તેમજ થોડી ઘણી બચેલી હિંમત અને તાકાત ભેગી કરીને પોતાના સમાજની સેવાર્થે ફૂંકથી પહાડ ઉડાવવા (થોડી શક્તિથી મોટું કામ કરવાનો ઉદ્યોગ કરવા) જેવું કામ અર્થાત્ સ્વામી શ્રી લાલદાસજી મહારાજ કૃત મૂલ વીતક સાહેબને પ્રશ્ન-ઉત્તરના રૂપમાં પ્રકાશિત કરીને સમાજની સામે રાખવા જઈ રહ્યો છું.

આજથી પહેલાં આપણા શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ-નિજાનંદ સંપ્રદાયમાં લગભગ ૨૫-૩૦ વીતકોની રચના થઈ ગઈ છે. તેમાંથી સ્વામી શ્રી લાલદાસકૃત વીતક

સાહેબ ઉક્ત બધા વીતકોની આધારભૂત તેમજ મૂલ વીતક સાહેબ છે. શ્રી નિજાનંદ સંપ્રદાયમાં જેવી રીતે શ્રી પ્રાણનાથજીના પછી શ્રી લાલદાસજીનું સ્થાન છે, તેવી જ રીતે પ્રણામી સાહિત્યમાં ઉપાસ્ય ગ્રંથ ''શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ-શ્રી તારતમ સાગર'' ના પછી ''સ્વામી શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ'' નું સ્થાન છે. એટલા માટે અન્ય વીતકોમાં સ્વામી લાલદાસ કૃત વીતક સાહેબ સર્વાધિક પ્રાચીન, પૂજ્ય અને વિશ્વાસપાત્ર છે તથા પ્રણામી સમાજમાં એને પ્રથમ દર્જાની માન્યતા પ્રાપ્ત છે.

આદિકાળથી પ્રચલિત ઉક્ત વીતક સાહેબમાં કુલ ૭૩ પ્રકરણ અને ૪૩૭૭ ચોપાઈઓ છે. એ જ વીતક ગ્રંથના પ્રશ્ન-ઉત્તરના રૂપમાં પ્રકાશિત પ્રસ્તુત ગ્રંથ આપ લોકોની સમક્ષ ઉપસ્થિત છે, જેમાં કુલ ૫૪૭૭ પ્રશ્ન-ઉત્તર છે. ઉપરના ૫૪૭૭ પ્રશ્ન-ઉત્તરને ત્રણ ખંડોમાં વિભક્ત કરવામાં આવ્યા છે. જેમ કે -

૧. પ્રથમ ખંડમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૧૨૫૦ સુધી રહેશે અને વીતકની મજલ શરૂઆતથી લઈને સૂરતની વીતક સુધી આવશે.

૨. દ્વિતીય ખંડમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૨૦૧૬ સુધી હશે. પુનઃ મજલ સૂરતથી લઈને ઉદયપુરની વીતક સુધી આવશે.

૩. તૃતીય ખંડમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૨૨૧૧ સુધી હશે. પુનઃ મજલ મંદસોરથી લઈને અષ્ટપ્રહરની સેવા સુધી અર્થાત્ વીતક પૂરું થાય ત્યાં સુધી રહેશે. અતઃ ટૂંકાણમાં -

ક. પ્રથમ ભાગમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૧૨૫૦ હશે.

ખ. દ્વિતીય ભાગમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૨૦૧૬ હશે.

ગ. તૃતીય ભાગમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૨૨૧૧ હશે.

અતઃ ત્રણેય ખંડોના મળીને પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા (૧૨૫૦+૨૦૧૬ +૨૨૧૧=૫૪૭૭) પાંચ હજાર ચારસો સિત્યોતેર થશે.

ઉપરોક્ત સ્વામી શ્રી લાલદાસ કૃત વીતક સાહેબમાં મુખ્યતઃ ત્રણ સ્વરૂપની વીતક આવે છે. એમાંથી કોણ-કોણ સ્વરૂપ કયા-કયા કાર્ય હેતુ આવ્યા અને તે કઈ

રીતે આ દુઃખદાયી સંસારરૂપી સાગરની વચ્ચે આવેલાં નિજધામસ્થ સમાજની સાથે-સાથે સંસારની સર્વાત્માઓને સબ ધાન બાઇસ પસેરીના (સારા-ખરાબને સરખા સમજવા) દર્જામાં રાખીને (તથા ત્રણેય સૃષ્ટિઓની આત્માઓને સમદૃષ્ટિથી જોઈને) વાઘના મોઢામાં હાથ નાંખવા (સાહસનું કામ કરવા) જેવું કાર્ય સંપન્ન કરી ગયા ?

વર્તમાન કલિકાલ ગુણ ગ્રસ્ત (પ્રભાવિત) નિજાનંદી-પ્રણામી પ્રચારકોને શ્રીમન્નિજાનંદ-શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ સિદ્ધાંત અન્તર્ગત આ માન્યતાને ધ્યાનમાં લઈને ચાલવું જરૂરી અને અનિવાર્ય જોવામાં આવી રહ્યું છે. કેમ કે અમારો ધર્મ સિદ્ધાંત ટકસાલી (પ્રામાણિક) વાત કરવાવાળા પ્રચારકોને માન્યતા આપે છે, ન કે બકવાદી તેમજ ધર્મના દાણા બગાડવાવાળા નામધારી પ્રચારકોને ! અતઃ શ્રી લાલદાસ કૃત વીતક સાહેબમાં સ્થિત ''ત્રણ સ્વરૂપોની વીતક'' વિષયને નિમ્ન પ્રકારથી સમજવાથી ટટ્ટીની આડમાં શિકાર કરવા (ધૂર્તતાથી છૂપાઈને કાર્ય સાધવા) ના પ્રતિફલરૂપી પાપ-અપરાધથી બચી શકે છે. જેમ કે -

૧) ''પીઉ પાંચ બેર હમ વાસ્તે, સાગર મેં ડારયા આપ''

-(શ્રી પ્રકાશ હિન્દી, પ્ર.૧૭/ચો.૯).

પીઉ (મૂલમિલાવાવાળા ધણીજીનો જોશ) વ્રજમાં, રાસમાં અને જાગણીના બ્રહ્માંડના ત્રણ સ્વરૂપના રૂપમાં બ્રહ્માત્માઓને ખેલ બતાવવાના આશય પાંચ વાર પંચભૌતિક શરીર ધારણ કરી સંસારમાં આવ્યા. મૂલમિલાવાવાળા શ્રી રાજજીએ એ બ્રહ્માંડના કાર્ય-કલાપના મુદ્દાર (જવાબદારી) પણ એ ત્રણ મર્દ સ્વરૂપોની ઉપર જ સોંપ્યું છે. જેમ કે -

''મરદ તીનોં પર હૈ મુદ્દાર''

પુનશ્ચ-

૨) ''એ તીનોં સૂરત હૈં એક, સો રસૂલ તીનોં સરૂપ બિસેક''

-(શ્રી બડા કયામતનામા, પ્ર.૧૨/ચો.૨).

અતઃ ત્રણેય સ્વરૂપ-બસરી, મલકી અને હકીમાંથી બસરી સ્વરૂપ **''રાસ ખેલકે આયે બરારબ સ્યામ''** અર્થાત્ બરારબ અરબવાળા તૃતીય શ્યામ સ્વરૂપ મહંમદ સાહેબ છે. પુનઃ મલકી-સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી અને હકી સ્વરૂપ શ્રી મેહરાજ અર્થાત્ મહામતિ શ્રી પ્રાણનાથજી છે. યસર્થ હે મારા આત્મીય બંધુઓ, ધામસ્થ દોસ્ત અથવા નિજાનંદી-પ્રણામી પ્રચારકો ! પોતાના દિમાગને થોડી-ઘણી કસરત કરાવશોજી. આપ લોકો વ્યર્થમાં આકાશમાં છેદ કરવા (બહુ ચાલાકી બતાવવા) જેવી હિંમત કેમ કરવા લાગ્યા છો ? તે પણ શ્રી સદ્‌ગુરુ અને મહામતિ સ્વરૂપોની વિરુદ્ધ (ખિલાફ) ? વાહ રે વાહ ! મારા મિત્ર બંધુઓ ! ! તારતમ વાણીના ઈલમી (જ્ઞાની) કહેવડાવીને આવું ? પોત-પોતાની આંખોથી નિહાળીને નિમ્નોક્ત પ્રમાણ જોઈ લો ને !

૩) બસરી મલકી ઔર હકી, એ તીનોં કે જુદે ખિતાબ ।
એક ફુરમાન લ્યાઈ દૂસરી કુંજી, તીસરી ખોલે કિતાબ।।

-(શ્રી છોટા કયામતનામા, પ્ર.૧/ચો.૮).

શ્રી શ્યામાજીના ત્રણેય સ્વરૂપો-બસરી, મલકી અને હકીને અલગ-અલગ પ્રકારની શોભા (ઉપાધિઓ-પદવીઓ) પ્રાપ્ત થઈ છે. અતઃ કોનાથી પ્રાપ્ત થઈ ? મૂલમિલાવાવાળા શ્રી રાજજીથી. તેમાંથી એક પરમાત્મા (શ્રી રાજજી) નો સંદેશ લઈને આવ્યા, બીજાએ તારતમ જ્ઞાનરૂપી કુંજી પ્રદાન કરી, તો ત્રીજાએ બધા ધર્મગ્રંથોના ગૂઢ રહસ્યોને સ્પષ્ટ કર્યા.

અતઃ ઉક્ત ત્રણેય મર્દ સ્વરૂપો-બસરી-મહંમદ સાહેબ, મલકી-શ્રી સદ્‌ગુરુ દેવચંદ્રજી અને હકી - શ્રી મેહરાજ (મહામતિ શ્રી પ્રાણનાથજી) ને આ જાગણીના બ્રહ્માંડમાં કયા-કયા કાર્યોનો શ્રેય અને ખિતાબ મળ્યો ? અતઃ બસરી સ્વરૂપને લા, ઈલ્લાહ અર્થાત્ ક્ષર, અક્ષરથી પરે ઈલિલ્લાહ-અક્ષરાતીત બ્રહ્મધામ ખુદાના અરસરૂપી લક્ષ્યને સંસારમાં અવતરિત કરવાનો તથા ત્યાંના લોકોને સરિયત માર્ગ પર ચલાવીને ઇન્સાનિયતની મર્યાદાનું પાલન કરાવવાનો, પુનઃ બ્રહ્મ તેમજ

બ્રહ્માત્માઓને બીજીવાર સ્વપ્નિક જગત-ખેલમાં આવવા વિષયની સાક્ષી રાખવાનો ખિતાબ અથવા શ્રેય મળ્યો. મલકી સ્વરૂપ-સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીને હકીકત-વાસ્તવિકતા અથવા વાસ્તવિક બ્રહ્મને ઈંગિત કરવાવાળો બ્રહ્મ મંત્ર-તારતમ જ્ઞાન ખેલમાં અવતરિત કરી તે બ્રહ્મજ્ઞાનાધાર પ્રથમ સ્વરૂપ દ્વારા આપેલાં લક્ષ્યમાં પહોંચાડવાનો, પ્રેમ-સેવારૂપી ભક્તિ માર્ગ જાહેર કરવાનો ખિતાબ-શ્રેય મળ્યો. પુનઃ હકી સ્વરૂપ-મહામતિ શ્રી પ્રાણનાથજીને વિજ્ઞાન દર્જાના તારતમ-મારફતી જ્ઞાનના માધ્યમથી સૃષ્ટિના સર્વ ધર્મગ્રંથોના ગુહ્ય-ગોપ્ય અથવા સાંકેતિક બાતુની ભેદોને ખુલસ્ત કરી ત્રણેય સૃષ્ટિઓને એક અદ્વૈત બ્રહ્મના ચરણોમાં દૃઢ વિશ્વાસ અપાવીને માયાવી ભૂમિકાથી પરે બેહદ સ્થિત અક્ષર-અક્ષરાતીત બ્રહ્મના ચરણ તલે સચ્ચિદાનંદમય ભૂમિકામાં પહોંચાડવા અથવા અખંડ મુક્તિસ્થાનમાં અખંડ કરવાનો ખિતાબ-શ્રેય પ્રાપ્ત થયો. એટલું જ નહિ, જડ-ચેતનની મુક્તિનું વિધાન (નિયમ) જાહેર કરવાનો ખિતાબ અથવા શ્રેય પણ તેમને જ આપવામાં આવ્યો. અતઃ ઉક્ત ત્રણેય સ્વરૂપોને ઉપરોક્ત ભિન્ન-ભિન્ન કાર્યોને ખિતાબ-શ્રેય આપ્યો, તો કોણે ? સ્વયં મૂલમિલાવાવાળા અદ્વૈત બ્રહ્મ શ્રી રાજજીએ ! આ પ્રકારની ગુહ્ય વાસ્તવિકતાને સમજ્યા વગર શ્રી રાજજીના આદેશના વિરુદ્ધ આત્મઘાતરૂપી પ્રચાર-પ્રસાર કરીને મારા નિજાનંદી-પ્રણામી પ્રચારક બંધુ ધર્મસ્થાન તેમજ ધર્મ સિદ્ધાંત વિરુદ્ધ જીવન યાપન કરી (ગુજારવું-પસાર કરવું) અંતમાં ક્યાં પ્રસ્થાન (પ્રયાણ) કરવા માટે કમર બાંધી રહ્યા છે ? હે મારા મિત્રગણો ! આકાશપાતાળ એક (ખૂબ જ શોધખોળ) કરીને પણ જઘન્ય અપરાધરૂપી કાર્યમાં કેમ પ્રવૃત્ત (ક્રિયાશીલ) થાવ છો ? તેથી આપ પ્રચારકોને વિનયપૂર્વક કહું છું કે કૃપયા ધર્મ સિદ્ધાંત દ્રોહી સાબિત થવાથી પહેલાં જ પોત-પોતાની આંખોમાં તારતમરૂપી ચશ્મા પહેરીને નિમ્નોક્ત ચોપાઈ પ્રમાણના રૂપમાં જોઈ લ્યો ને ! જેમ કે -

૪) બસરી મલકી ઔર હકી, એ તીનોં એક સૂરત ।
એ તીનોં મહંમદકી, બીચ અરસ વાહેદત ।।

-(શ્રી મારફત સાગર, પ્ર.૧૪/ચો.૮૫).

અરે મારા આત્મીય બંધુઓ ! અથવા વર્તમાન તારતમ જ્ઞાનના નામધારી નિજાનંદી ઈલમીઓ ! ! **'બસરી મલકી ઔર હકી, એ તીનોં એક સૂરત'** કહ્યું, અતઃ કોની એક સૂરત ? પુનઃ અરસ વાહેદત્તના મહંમદ કોણ છે ? તેથી તેમની ત્રણ સૂરતો (સ્વરૂપો) ને અલગ કરવાવાળા સિદ્ધાંતદ્રોહી શું વાણી-વીતકના દુશ્મન તથા શ્રી રાજજીના જ દ્રોહી નહિ થશે ? અહો મારા ધામસ્થ આત્માધાર સંબંધી નિજાનંદી પ્રણામી ધર્મ પ્રચારકો ! બિચારા સમાજ જેમ તે સમય નિજાનંદાચાર્ય શ્રી સદ્‌ગુરુ અને મહામતિ શ્રી પ્રાણનાથજીના આશ્રય પર નિર્ભર હતા, તેમ જ આજનો સમાજ આપ લોકો પર આશ્રિત તથા નિર્ભર છે. અતઃ શું આપ વર્તમાન સમાજને તે બંને સિદ્ધાંત પ્રદત્ત (આપવાવાળા) મહાપુરુષોના સિદ્ધાંતથી વિમુખ બનાવીને ધુંધુકારી-પરીક્ષિત માર્ગ પર જબરજસ્તી ઘસેટીને દોડાવવાથી મૂલમિલાવાવાળા શ્રી રાજજી સ્વરૂપની નજરમાં એક કર્તવ્યપરાયણ સાચા ધર્મ પ્રચારક સાબિત થઈ શકશો ? અતઃ નિમ્નોક્ત ચોપાઈ પણ જોઈ લ્યો. જેમ કે -

૫) **રસૂલ રૂહ અલ્લા ઔર ઈમામ, એ તીનોં એક કહે અલ્લા કલામ।**
બસરી મલકી ઔર હકી, તીનોં તરફ સાહેબકે સાકી ।।

- (શ્રી બડા કયામતનામા, પ્ર.૫/ચો. ૩૭).

રસૂલ-મહંમદ સાહેબ, રૂહઅલ્લાહ - સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી અને ઈમામ - મહામતિ શ્રી પ્રાણનાથજી - એ ત્રણેય મૂલમાં એક જ સ્વરૂપ છે. આ વાતની સાક્ષી અલ્લાહ કલામ - શ્રી મુખવાણી છે. ઉક્ત ત્રણેય બસરી, મલકી અને હકી સ્વરૂપ છે. જાગણીના બ્રહ્માંડમાં એ ત્રણેય સ્વરૂપ જ અક્ષરાતીત બ્રહ્મ - શ્રી રાજજીના પ્રેમરૂપી અમૃતને તારતમ જ્ઞાનના માધ્યમથી ત્રણેય સૃષ્ટિઓને પીવડાવવાવાળા છે અને પીવડાવી રહ્યા છે.

અરે મારા પ્રિયાત્માઓમાં પણ અગ્રગણ્ય નિજાનંદી - પ્રણામી ધર્મ પ્રચારકો ! હાય રે હાય ! ! શ્રી રાજજીનો હુકમ - આદેશના સ્વરૂપયુક્ત શ્રી શ્યામાજીનો અંગ-ભંગ કરવો અને પોતાના જ સિદ્ધાંત વિરુદ્ધ સમાજદ્રોહી બનીને ધામમાં

મુખ બતાડવાનો દાવો પણ કરવો ? વાહ રે વાહ ! ! ''હમ તુમ એક વતન કે'' છે, એટલા માટે સવિનય હાથ જોડું છું કે પોતાની આત્માના ઉદ્ધાર માટે શ્રી લાલદાસ કૃત વીતક સાહેબના અષ્ટપ્રહરના મંગલાચરણની ચોપાઈ નં. ૧૯ ને સારી રીતે નિહાળીને જુઓ જરા ! કેમ કે આપ લોકો વાણી-વીતકને માનવા અને સદ્‌ગુરુ તથા મહામતિને જાણવાવાળા કહેવડાવો તો છો, પરંતુ કોના આધાર પર માનો તથા જાણો છો, એ પણ વિચારણીય છે ન ? અતઃ

૬) બસરી મલકી ઔર હકી, એ હુકમ તીન સૂરત ।
તિન દઈ હૈયાતી દુની કો, કરી સૈયન વાસ્તે સરત ।।

બસરી - મહંમદ સાહેબ, મલકી - શ્રી દેવચંદ્રજી તથા હકી - શ્રી મેહરાજ ઠાકુર (મહામતિ શ્રી પ્રાણનાથજી), એ ત્રણેય પરબ્રહ્મ શ્રી રાજજીના આદેશના સ્વરૂપ છે. એ સ્વરૂપોએ સંસારના લોકોને અખંડ મુક્તિ પ્રદાન કરી. એમાંથી હુકમના સ્વરૂપે બ્રહ્મત્માઓના સંસારમાં પ્રગટ થવાની ભવિષ્યવાણી કરી હતી.

અતઃ વર્તમાન અગ્રગણ્ય તારતમ જ્ઞાનના નિજાનંદી - પ્રણામી ધર્મ પ્રચારકો ! હું એટલા માટે આપ લોકોને સચેત કરી રહ્યો છું કે કઈ આપ લોકો જે થાળીમાં ખાઈ રહ્યા છે, તેમાં જ છેદન (ઉપકારનો બદલો અપકારથી) તો કરી રહ્યા નથી ને ? વર્તમાન સમાજના કર્ણધાર વિશિષ્ટ ધુરંધર બ્રહ્મજ્ઞાનજ્ઞ - તારતમ જ્ઞાનજ્ઞ મારા આત્મીય દોસ્તો ! હું તો આપ લોકોના ચલન વ્યવહાર, ધર્મ પ્રચાર-પ્રસારને જોઈ-સાંભળીને ચક્કરમાં પડેલો છું. યસર્થ આપ જેવાઓની સમક્ષ પ્રશ્ન કરી રહ્યો છું. હું પોતાની ધૃષ્ટતા (ઉદ્ધતાઈ) ના માટે ક્ષમા પ્રાર્થી છું. કિંતુ હે ધુરંધર અથવા વિશિષ્ટ વિદ્વાનો ! હું શ્રી મારફત સાગર પ્ર. ૧૩ ની ચો. ૧૨ થી ડરું છું, જ્યાં કહ્યું છે કે **''તો કહ્યા જલના યાકો હોએ''** પરબ્રહ્મ સંબંધી બ્રહ્મત્માઓનો દાવો લેવાવાળા એ બધા જીવોને તેમનો દાવો લેવા માત્રથી અથવા આ જઘન્ય અપરાધના કારણે નરકની અગ્નિમાં બળવું પડશે, તો સિદ્ધાંતદ્રોહી, શ્રી રાજજી-દ્રોહીઓની કેવી ગતિ થશે ?

પુનઃ શ્રી બડા કયામતનામા ગ્રંથના પ્ર. ૮ ની ચો. ૪૦ ને જોઈને આપ પ્રચારકોના પ્રતિ દયા-ભાવ પણ ઉત્પન્ન થાય છે, જ્યાં કહ્યું છે કે -

જો સકે ના સાંચ કર, સો જલે દોજખ માહેં કાફર ।
ભિસ્ત દોજખી દૂરથેં દેખેં, ત્યોં ત્યોં જલેં આપ વિસેખેં ।।

જે લોકો અંતિમ સમયમાં અવતરિત પરમાત્મા સ્વરૂપ શ્રી પ્રાણનાથજીના સિદ્ધાંતને માનતા નથી, તે નાસ્તિક સિદ્ધાંતદ્રોહી લોકો નરકની આગમાં બળે છે. મુક્તિસ્થળોમાં રહેવાવાળી મુક્તાત્માઓના સુખોને દૂરથી જોઈને તે સિદ્ધાંતદ્રોહી અને અધિકાધિકરૂપથી નરકાગ્નિમાં સંતપ્ત (તપ્ત-દુઃખી પીડિત) થતાં રહે છે.

અતઃ મને દુઃખ થઈ રહ્યું છે કેમ કે જીવનભરના શુભાશુભ કર્મનું ફળ, તો ધર્મ સિદ્ધાંત આપવાવાળા સ્વરૂપના હાથમાં જ છે ને ! ઉક્ત ચોપાઈના આધાર પર અહીંયા એક જમાત નિજાનંદ સિદ્ધાંત અમે રહ્યા. અંતતઃ અમારામાંથી કોઈ ધામમાં, તો કોઈ નરકમાં હશે, તો ? જ્યારે એક બીજામાં પરસ્પર ચાર આંખ થશે, ત્યારે નરકવાળા કેવા નરકાગ્નિની વધતી ગરમી-તાપ સહન કરી શકશે તથા ધામ (ભિસ્ત) વાળા તેમની ગતિવિધિને જોઈને કેવી રીતે પોતાની જાતને સંભાળી શકશે ?

યસર્થ **''એક મિલાય ખોલ દીજિએ, એ વસ્તુ પાવે તબ''** ના અનુસાર ઉક્ત બધી ચોપાઈઓનું મિલાન કરીને અત્યારે એ જ વખતે સતર્ક થઈ જવામાં જ તમારા બધાનું કલ્યાણ જોઈને જ હું અરજ કરી રહ્યો છું. જુઓ તો પણ મારા માટે નહીં, બલ્કે પોત-પોતાની આત્મા માટે જ જોવાનું કષ્ટ કરો. અત્યારે અહીંયા માત્ર છ પ્રમાણ આપેલાં છે, જરૂર પડવાથી તો અગણિત વધારે કઈઓ પ્રમાણ આપી શકાય છે. કિંતુ આશા કરું છું કે ઉક્ત પ્રમાણ દ્વારા જ પોતાની આત્માનું કલ્યાણ કરવાની તરફ અગ્રેસર થશો તેમજ મારે પુનઃ કષ્ટ ઉઠાવવું પડશે નહિ.

લક્ષ્યબોધ કરાવવાવાળા ઉક્ત આત્મીય જ્ઞાન નિજધામમાં રહેવાવાળા આત્માઓના જીવનમાં અત્યાધિક ઉપયોગી સાબિત થશે. અતઃ ઉક્ત ત્રણેય

સ્વરૂપોની જીવનયાત્રા વિષયનું જ્ઞાન બ્રહ્માત્માઓ માટે જીવન યાપન (પસાર) માં અવર્ણનીય રૂપે ફળદાયક સિદ્ધ થશે, આ વાતમાં કિંચિત માત્ર (જરાય) પણ શંકાની ઉન્માદ (ગુંજાઈશ) નથી કેમ કે એ સ્વરૂપોએ આત્માના તરણ-તારણ માટે સાધકને જે-જે વિષય-વસ્તુઓને હૃદયાંગમ કરવું જરૂરી હોય છે, તેને સમાજની સામે શરીરમાંથી કાળજું કાઢીને મૂકવા બરાબર સમર્પિત કરી દીધું છે. અતઃ ઉક્ત વાતોને હૃદયાંગમ કરી સૃષ્ટિની સર્વાત્માઓ પોતાની આત્માને એકના ત્રણ ગણા બનાવવાની (અનુચિત લાભ ઉઠાવવાની) દોડમાંથી ઉગારી શકે છે અને નિઃશંક બનીને લક્ષ્યમાં પહોંચી શકે છે.

એ ત્રણ મહાનાતિમહાન પુરુષોના વાસ્તવિક લક્ષ્યબોધ જ્ઞાનનું અનુકરણ કરી નિજધામસ્થ તે આત્માઓને, જે સંસાર સાગર (ભવ સાગર) માં ભૂલેલી-ભટકતી, મારી-મારી ફરી રહી છે, અવશ્યમેવ જ પોતાના ધણીના પગલાં પર ડગ ધરીને (કદમો પર કદમ રાખીને) ચાલવાનું પ્રેમમય આહ્વાન પ્રાપ્ત થશે અને 'યથા નામ તથા ગુણઃ' ચરિતાર્થ કરવામાં તે અવશ્યમેવ ફતેહમંદ થઈ શકશે. જેમ કે -

ચલના હાદી કે પીછલ, રખના કદમ પર કદમ ।
આદમી ચલે ન ચાલ રૂહ કી, ઈત દુની માર ન સકે દમ ।।

-(સિનગાર - પ્ર. ૨૩/ચો. ૬૨).

ઉક્ત સ્વામી શ્રી લાલદાસકૃત વીતક સાહેબને અમારા નિજાનંદી શ્રી કૃષ્ણ પ્રણામી સમાજમાં સ્વયં સાધ્ય સ્વરૂપ અમારા ઈષ્ટ દ્વારા જ કથિત (વર્ણવેલી, કહેલી) રચનાનો દરજ્જો તેમજ મહત્ત્વ પ્રાપ્ત છે. એટલા માટે ઉક્ત વીતક સાહેબના પ્રત્યેક પ્રકરણના અંતમાં મહામતિજીની છાપ જોવામાં આવે છે. અતઃ જે રીતે નિષ્કલંક બુદ્ધાવતાર મહામતિ શ્રી પ્રાણનાથજી દ્વારા પ્રદત્ત શ્રી મુખવાણી - શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ અને સ્વામી શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ તેમના તત્કાલીન સમાજ માટે ન હતી, કેમ કે તે સ્વયં શ્રી મુખવાણીમાં કહે છે, **''ચરને હેં સો તો આએ સહી, પર પિછલે કારન એ બાની કહી''** - (શ્રી પ્રકાશ હિન્દી - પ્ર. ૩૪/ચો. ૨૦), તે રીતે મારા

કાલબૂત (બીબું-પૂતળા) દ્વારા થઈ રહેલું આ પ્રકાશન કાર્ય મારા સમકાલીન વર્તમાન માત્ર જુબાન ચલાવી રહેવાવાળા સમાજ માટે હરગિજ (કદી પણ-જરા પણ) નથી કેમ કે એ લોકો તો આદુ ખાઈને (સત્તૂ બાંધકર) મારો કેડો (બૂરી રીતે પરેશાન) કરવાનું છોડતાં નથી.

તથાપિ (તો પણ) સમાજ ભલે જૂતા (બૂટ) ની ધાર (નોક) ઉપર મારવાનું (અતિ તુચ્છ સમજવાનું) ન છોડે, મારા કાર્યોમાં બાધક બનવાનું (ટાંગ અડાડવાનું) ધર્મ પાલન કરતાં જ રહે, તો પણ મારા તરફથી તેઓને એ જ આશીર્વાદ છે કે તે મારું કાળજું કોરવાનું (મસળવાનું-હૃદયને ચોટ પહોંચાડવાનું) ક્યારેય ન છોડે, હંમેશાં મસળતાં (કોરતાં) જ રહે કેમ કે સંસાર-સમાજમાં એ જ તો પ્રસિદ્ધરૂપેણ પ્રચલિત છે કે 'પાડાના વાંકે પખાલીને ડામ' ! (ગધા ખેત ખાય, જુલાહા મારા જાય-અપરાધ કોઈ કરે અને દંડ કોઈ બીજાને આપે) !

અન્ત્તોગત્વા (અંતમાં) વર્તમાન સમકાલીન નિજાનંદી -પ્રણામી સમાજ સમક્ષ સવિનય નિવેદન કરું છું કે આપ લોકો મારા પરમાર્થી કાર્યોના વિષયમાં એક બીજાને ભટકાવીને વિમુખ-આપસ્તમાં દ્વેષ કરવાનો (એકકા એક ખાયે જાનેકા) સ્વધર્મ તુરંત પરિત્યાગ કરી દો . છઠ્ઠીના દિવસે ભાગ્ય વિધાતાએ તેમના નસીબમાં મારા કાર્ય-કલાપમાં મદદ પહોંચાડવાનું લખ્યું જ ન હોય, **''સુખ તાલે લિખ્યા નાહીં''** તો તે બિચારા શું કરે ? અપિતુ મારી ધામસ્થ દિલદાર આત્માઓ-સખીઓ તો જરૂર જ એ ગ્રંથોથી લાભ ઉઠાવશે અને એ ગ્રંથોનું જતન-ઈજ્જત કરશે.

આ પ્રકારના મનોવાંછિત અધૂરા-મધુરા ભરોસાની સાથે હું મારી કલમ બંધ કરવા જઈ રહ્યો છું. આશા છે કે એ વાતો પર મારી ધામસ્થ દિલદાર-સજ્જન શ્રધ્ધા સુમન આત્માઓ વિચાર-વિવેક જરૂર કરશે.

સુજ્ઞેષુ કિં બહુના

તારીખ - ૧૭-૧૨-૨૦૧૩

લેખક

દીનદયાલ.

❖ સ્વલીલા અનુશીલન ❖

ધર્મપ્રેમી ધામસ્થ અદ્વૈત દિલવાળી આત્માઓ ! જાગણીના બ્રહ્માંડનો અત્યાધિક સુહાવનો અવસર આપણને પ્રાપ્ત થયો છે. પુનઃ આ ઉત્તમાતિઉત્તમ સાધનયુક્ત બ્રહ્માંડમાં પ્રાપ્ત માનવજીવનને સાર્થક બનાવવા હેતુ બ્રહ્મજ્ઞાન-તારતમજ્ઞાન ગ્રંથ પણ આપણા હાથમાં જ છે, કિંતુ શ્રીમન્નિજાનંદ સિદ્ધાંત-શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માન્તર્ગત પ્રચારકો દ્વારા વર્તમાન સમાજની આત્માઓનો કલ્યાણ-ઉદ્ધાર ત્યારે થઈ શકશે, જ્યારે તે સ્વયં સિદ્ધાંત પ્રદત્ત મહાપુરુષો - સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી અને મહામતિ શ્રી પ્રાણનાથજીના સૈદ્ધાંતિક ધર્મમાર્ગ પર ચાલે અને સામાજિક આત્માઓને પણ ચલાવે. જેમ કે -

ચલના હાદી કે પીછલ, રખના કદમ પર કદમ ।
આદમી ચલે ન ચાલ રૂહકી, ઈત દુની માર ન સકે દમ ।।

-(સિનગાર, પ્ર. ૨૩/ચો. ૬૨).

અરે પ્રિય ધામસ્થ આત્માઓ ! હાદી - સદ્‌ગુરુના સિદ્ધાંતને છોડીને મનમાની ચાલવાવાળાઓને કદમ પર કદમ રાખીને ચાલવાવાળા થોડા જ કહેશે. આપ બધા જરા સિદ્ધાંત વિષય જોઈને બ્રહ્મત્માઓની ચાલ ચાલો, ન કે દુનિયાઈ દમ (શ્વાસ) ભરો. હે મારા ધામસ્થ દોસ્તો ! આપ બધાના દિમાગમાં એ વાત યથાતથ્ય કેમ આવતી નથી કે સૂરજ ધૂળ નાંખવાથી છૂપતો (નીચની દૃષ્ટતાથી ભલા ભોળા આદમીઓના ગુણ છૂપતા) નથી. અતઃ સૈદ્ધાંતિક વાત તો સૈદ્ધાંતિક જ છે. તે અવિકલ્પ તેમ જ અકાટ્યરૂપેણ રહેશે. મારા નિજાનંદી ધર્મ પ્રચારક દોસ્તો ! શ્રીમન્નિજાનંદ સિદ્ધાંત કલિયુગી વિ.સં. ૧૬૭૮ માં પ્રકટ થયો છે અને શ્રીમદ્‌ભાગવત ગ્રંથ દ્વાપરયુગની રચના છે. અતઃ વેદોથી લઈને શ્રીમદ્‌ભાગવત સુધીના તમામ ધર્મગ્રંથ સૃષ્ટિ માત્રની માનવાત્માઓની જે કમીને દૂર ન કરી શકે, તે કમીને દૂર કરવા માટે જ શ્રીમન્નિજાનંદ ધર્મ સિદ્ધાંત પ્રકટ થયો છે. આ વિષયમાં શ્રીમન્નિજાનંદ સ્વામી શ્રી દેવચંદ્રજીને તારતમ પ્રદાન કરતાં સમયે સ્વયં શ્રી રાજજીએ શ્યામજીના મંદિરમાં શું કહ્યું હતું ? શું આપ નથી જાણતાં ?

અતઃ આપ લોકો જરા પોતાના ભેદ-રહસ્યનો પતા લગાવી (અંતડિયોને ટટોલી-આંતરડાઓને શોધવા) ધ્યાન દઈને નિમ્ન પ્રામાણિક ચોપાઈ પર વિચાર-વિવેક કરી લ્યો, જે સ્વયં શ્રી રાજજી-તારતમ આપવાવાળા સ્વરૂપે હાદી સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીને કહ્યું હતું. જેમ કે -

યહ ભાગવત કાગદ તુમ્હારા, એ તુમ્હેં ખુલે કલામ ।
ઔર કોઈ ના ખોલ સકે, એ જો ખલક આમ ।।

- (શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ, પ્ર. ૬/ચો.૩૨).

અર્થ :- આ ભાગવત ગ્રંથ તમારો જ પત્ર છે. એમાં નિહિત (છુપેલાં) બ્રહ્મજ્ઞાનના શબ્દ તેમજ ગૂઢ રહસ્ય તમને જ સ્પષ્ટ થશે. ચૌદ લોકના ભલે બધા જન (વ્યક્તિ-સમાજ) મળે, છતાં પણ એના રહસ્ય તેમજ વાસ્તવિકતાને તે પ્રગટ નહી કરી શકશે કેમ કે તમારા સિવાય કોઈ અન્ય એને સમજી શકે, ત્યારે તો ખોલીને પ્રગટ કરી શકશે.

એટલા માટે ઉક્ત પ્રામાણિક ચોપાઈના રહસ્યને સમજીને મારા આત્મીય દોસ્તો ! અત્યારે જ આ વિષયમાં સચેત થઈ જાઓ, જેનાથી અંતકાલ ધામ ચાલતાં સમયે છાતી પહોળી કરીને (નિર્ભય થઈને) ચાલવાને બદલે, સિર પકડીને રડવું (બહુ પશ્ચાતાપ કરવો) ન પડે. યસર્થ હું હાથ જોડી આગ્રહ કરું છું કે શીઘ્રાતિશીઘ્ર આત્મઘાતી માર્ગ છોડીને પોતાનો સૈદ્ધાંતિક માર્ગ અપનાવી લ્યો. મારા પ્રિય મિત્રો ! શ્રીમદ્‌ભાગવત ગ્રંથ ''શાસ્ત્ર શ્રવણ શ્રી ભાગવત'' એમ કેમ કહ્યું ? આ વિષયમાં ગહનતાપૂર્વક (ગહેરાઈથી) વિચાર-વિમર્શ કરો. ગહનતાપૂર્વક વિચાર-વિવેક કરવાથી વિવેકશીલ આત્માઓ અવશ્ય સમજી જશે કે એક તો ભાગવતમાં ''અદ્વૈત બ્રહ્મ નામ'' ને અવિકલ્પ રૂપેણ નિશ્ચિત કરી બતાવ્યું છે. જેમ કે -

અહો ભાગ્યમહો ભાગ્યં નન્દગોપવ્રજૌકસામ્ ।
યન્મિત્રં પરમાનન્દં પૂર્ણં બ્રહ્મ સનાતનમ્ ।।

- (શ્રીમદ્‌ભાગવત, સ્કંધ ૧૦/૧૪-૩૨).

અર્થ :- અહો ! નન્દ આદિ વ્રજવાસી ગોપોના ધન્ય ભાગ્ય છે વાસ્તવમાં તે જ અહોભાગ્યશાળી છે કેમ કે પરમાનંદ સ્વરૂપ સનાતન પરિપૂર્ણ બ્રહ્મ આપ, તેમના પોતાના સગાસંબંધી અને સુહૃદ (શુભચિંતક-મિત્ર) છે.

આ ગ્રંથની બીજી વિશેષતા છે - મિથ્યા સ્વપ્નિક સૃષ્ટિ વિષયમાં દેવર્ષિ શ્રી નારદમુનિ દ્વારા વેદવ્યાસજીને આપેલો ''ચતુઃ શ્લોકી ભાગવત'', જેમાં સ્વપ્નિક બ્રહ્માંડથી જાગૃત બ્રહ્માંડની તરફ તથા નાશવંત બ્રહ્માંડથી અવિનાશી બ્રહ્માંડ બેહદ ભૂમિકાની તરફ ઈશારો કરવામાં આવ્યો છે. અતઃ મહામતિ શ્રી પ્રાણનાથજી આ વિષયને સ્પષ્ટરૂપથી બતાવતાં કહે છે કે હે મુમુક્ષ આત્માઓ !

અસ્કંધ બીજો મુનિએ કહ્યો, ચત્રસલોકી જાંહે ।
બ્રહ્માંડનો જિહાં ઉતપન, અરથ જુઓ તાંહે ।।

-(શ્રી પ્રકાશ ગુજરાતી, પ્ર. ૩૧/ચો. ૬૬).

ત્રીજી વિશેષતા એ છે કે વેદવ્યાસજીને સમજાવતાં નૈષ્ઠિક (નિષ્ઠાવાળું) બ્રહ્મચારી દેવર્ષિ નારદમુનિ કહે છે કે હે વેદવ્યાસજી ! અદ્વૈત બ્રહ્મ શ્રી કૃષ્ણ નામ સિવાયના ધાર્મિક નામધારી થોથા (ઢંગધડા વગરના) જ્ઞાનયુક્ત સાહિત્ય તો, કાગડાના તીર્થરૂપ છે. જેમ કે -

''તદ્વાયસં તીર્થ મુશન્તિ માનસાઃ
ન યત્ર હંસા નિરમન્ત્યુશિક્ક્ષયાઃ ।''

અતઃ કાગડાના તીર્થરૂપી થોથા જ્ઞાનમાં માનસરોવરરૂપી પચીશ પક્ષમાં વિહાર કરવાવાળી તારતમજ્ઞાનની સમજ પ્રાપ્ત પરમહંસરૂપી બ્રહ્માત્માઓ ક્યારેય રમણભમણ (વેરણછેરણ) અથવા ક્ષણિક જીવનના અમૂલ્ય સમયને વ્યર્થ (નકામો - ફોગટ) બરબાદ કરશે નહિ. ઉક્ત ત્રિવિધ વિશેષતાઓના કારણે જ **''શાસ્ત્ર શ્રવણ શ્રી ભાગવત, બુદ્ધિ જાગૃત કો જ્ઞાન''** કહ્યું છે. પરંતુ બ્રહ્મનામ માત્રથી આત્મા-જાગ્રત થતી નથી. યસર્થ પોતાની આપવીતી લીલાથી આત્મ-જાગૃત કરવા હેતુ કહે છે કે -

અબ જાગ દેખો સુખ જાગની, એ સુખ સોહાગિન જોગ ।
તીન લીલા ચૌથી ઘરકી, ઈન ચારોં કો યામેં ભોગ ।।

- (શ્રી કલશ હિન્દી, પ્ર. ૨૩/ચો.૧).

અર્થ:- હે સુંદરસાથજી ! હવે આપ લોકો જાગૃત થઈને આ જાગણીના સુખને જુઓ. આ જાગણીના સુખ સુહાગણો માટે ગ્રહણ કરવા યોગ્ય છે. ત્રણેય લીલાઓ- વ્રજ, રાસ તથા જાગણીના વ્રજ અર્થાત્ નવતનપુરીમાં સદ્‌ગુરુ સ્વરૂપ દ્વારા કરેલી ૩૪ સાલની આડીકા લીલા તેમજ ચોથી પરમધામ પચીશ પક્ષની લીલાને આ જાગણીના બ્રહ્માંડમાં જાણીને-સમજીને અનુભવ કરવા જ આત્મ-જાગૃતિનું સુખ પ્રાપ્ત કરવું છે.

અતઃ હે મારા ધામસ્થ એકાત્મરૂપ દોસ્તો ! ઠંડા દિમાગથી વિચાર-વિવેક કરો. પોતાની અંદરની અક્કલના દુશ્મનપનાને તિલાંજલિ આપીને આપ બધા અક્કલના પૂતળા (બહુ બુદ્ધિમાન પુરુષ) સાબિત થવા કેમ ચાહતા નથી? જરા વિચાર-વિવેકશીલ દૃષ્ટિથી નિહાળીને ધર્મ સિદ્ધાંતની તરફ જુઓ તો ખરા કે મહામતિ સ્વરૂપ બ્રહ્મલીલાના વિષયમાં બ્રહ્માત્માઓને ઈશારાથી શું કહી રહ્યા છે જેમ કે - હે બ્રહ્માત્માઓ !

વ્રજલીલા અતિ મોટી છે, જો જો નરસૈયાં વચન પ્રમાણ।
એ પગલાં સરવે આપણાં, તમે જાણી સકો તે જાણ ।।

-(શ્રી રાસ ગ્રંથ, પ્ર. ૪ / ચો. ૧૧).

અર્થ :- વ્રજલીલા અમારી લીલા છે, જે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. નરસૈયાંના વચન એના સાક્ષી છે. હે બ્રહ્માત્માઓ ! યદિ આપ જાણવા ચાહતી હોય, તો એ અમારો પોતાનો જ માર્ગ છે. જોઈને સાવધાનીપૂર્વક એને શિરોધાર્ય કરો.

અતઃ એ વાત વિચારણીય છે કે જો ભાગવત ગ્રંથાન્તર્ગત વર્ણિત વ્રજલીલા મનન કરવા યોગ્ય હતી, તો શ્રી મુખવાણીમાં **''વ્રજલીલા અતિ મોટી છે, જો જો શુકજીનાં વચન પ્રમાણ''** એવું કેમ ન કહેવામાં આવ્યું ? એના બદલે **''જો જો**

નરસૈયાં વચન પ્રમાણ'' કેમ કહેવામાં આવ્યું ? અહો ! વર્તમાન સમાજના ધુરંધર વિદ્વાનો ! ! શું અત્યારે પણ આપ લોકો પર ભાગવતરૂપી સનક (ધૂન) સવાર (બુદ્ધિ ભ્રષ્ટ) થવામાં કંઈક બાકી બચ્યું છે ? ઠંડા દિમાગથી વિવેચન કરી લ્યો, જેનાથી સમાજ પણ પથભ્રષ્ટ થવાથી બચે અને આપ લોકો માટે પણ અંતકાલમાં અંગ-અંગ મુસ્કુરાતાં (અતિ પ્રસન્ન થઈને) શ્રી રાજજીની આગળ મુખ બતાવવાનો રસ્તો સુરક્ષિત રહે. પુનશ્ચઃ-

રાસ નરસૈએ રે નવ વરણવ્યો, મારે મન ઉતકંઠા એહ ।
ચરણ પસાએ રે વાલા તણે, તમે સાંભલો કહું હું તેહ ।।

-(શ્રી રાસ ગ્રંથ, પ્ર. ૫/ચો. ૨).

અર્થ :- ભક્ત નરસૈયાંએ રાસલીલાનું વર્ણન ન કર્યું. મારા મનમાં એ ઈચ્છા છે કે હું આપણી તે લીલાનું વર્ણન કરું. સદ્‌ગુરુ ધણીના ચરણોના પ્રતાપથી હું રાસલીલાનું વર્ણન કરું છું. હે બ્રહ્માત્માઓ ! આપ આપણી-પોતાની આપવીતી લીલાને ધ્યાનપૂર્વક સાંભળો કેમ કે અમારી પોતાની રાસલીલા રાજા પરીક્ષિતના શંકાપૂર્ણ પ્રશ્નના કારણે શુકદેવજી દ્વારા વર્ણન ન થઈ શકી. જેમ કે -

ક) **''પ્રશ્ન ચૂક્યો ભયો અજાન, રાસલીલા ના બરનવી પરવાન''**
ખ) **''મૈં જોગી તેં રાજા ભયો, રાસકો સુખ ન જાએ કહ્યો.''**
ગ) **''સો કેહેનેવાલા ઉઠકે ગયા, મૈં અકેલા બૈઠા રહ્યા.''**
ઘ) **'' પર એ કેહેવાએ ધની કે જોશ, સો ઉતર ગયા બચન કે રોસ.''**
ચ) **અબ સુકજીકે કેતી કહું બાન, સાર કાઢને ગ્રહ્યો પુરાન ।**
સબકો સાર કહ્યો એ જો રાસ, એ જો ઈન્દ્રાવતી મુખ હુઓ પ્રકાશ ।।

-(શ્રી પ્રકાશ હિન્દી, પ્ર. ૩૩/ ચો. ૧૨,૧૩,૧૮,૨૨,૨૫).

અર્થ :- ક) રાજા પરીક્ષિત ભૂલીને પ્રશ્ન કરી દેવાના કારણે રાસલીલાના આનંદથી વંચિત રહી ગયા. આ પ્રકાર રાસલીલાનું વર્ણન ન થઈ શક્યું. ખ) હવે હું પહેલાંની જેમ યોગીનો યોગી રહી ગયો અને તું પણ માત્ર રાજા જ રહી ગયો. આ પ્રકાર રાસલીલાના સુખાનંદનું વર્ણન ન થઈ શક્યું. ગ) હે રાજન ! મારી

અંતરાત્મામાં વિરાજમાન થઈને કોઈ શક્તિ મારાથી એ વચન કહેવડાવી રહી હતી. હવે તે શક્તિ જતી રહી અને હું અહીંયા એકલો જ બેઠેલો રહી ગયો. ઘ) રાસલીલાનું વર્ણન તો પરબ્રહ્મ પરમાત્માના આવેશથી થઈ રહ્યું હતું. તે આવેશ રાજા પરીક્ષિતના શંકાપૂર્ણ પ્રશ્નના કારણે શુકદેવ મુનિના ક્ષુબ્ધ (ભયભીત-વ્યાકુલ) થઈ જવાથી ઉતરી ગયું. ચ) શુકદેવજીની વાણીની હવે હું કેટલી ચર્ચા કરું ? તેનો સાર કાઢવા માટે જ મેં શ્રીમદ્‌ભાગવતની ચર્ચા કરી છે અને પૂરા ભાગવત ગ્રંથનો સાર આ ''રાસલીલા'' છે, જેનો પ્રકાશ (વિસ્તાર) શ્રી ઈન્દ્રાવતીના મુખથી (શ્રી રાસ ગ્રંથના માધ્યમથી) થયો.

અતઃ વર્તમાન યુગના શ્રી નિજાનંદી - શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પ્રચારકો ! ઉપરોક્ત ચોપાઈઓના આધાર પર કાલ કવલિત (નિગલવું-ખાધેલું-મૃત્યુને પ્રાપ્ત) થવાથી પહેલાં જ શીઘ્રાતિશીઘ્ર સ્વ આત્મ-જાગૃતિના સાધન પર વિચાર-વિવેક કરી લ્યો. આ રીતે સોચ વિચાર કંઈ પણ ન કરવું (ન આવ દેખના ન તાવ) અને ઔંધી (ઊલ્ટી) ખોપડીના (મૂર્ખ) મનુષ્ય જેવું જીવન વ્યતીત કરવું જાગણીના બ્રહ્માંડનું અહોભાગ્યમય જીવન પ્રાપ્ત બુદ્ધિજીવીઓના લક્ષણ નથી. હે મારા મિત્રગણો ! જે ધામસ્થ આત્માઓ ખેલમાં આવીને ધામ, ધણી અને પોતાની જાતને વિસ્મૃત કરી બેઠી છે, તેમની જાગણી પરમધામના અંકુર હોવાને કારણે તેમની આપવીતી લીલાઓ દ્વારા જ થશે. આપ લોકોની અક્કલ પર પત્થર પડવાના (સારા નરસાનું જ્ઞાન ન હોવાના-મતિ ભ્રષ્ટ યા વિવેકરહિત હોવાના) કારણે જ આપ સ્વધર્મ પ્રચારક-અગ્રગણ્ય હોવા છતાં પણ નિજાનંદી શ્રી કૃષ્ણ પ્રણામી સમાજને બીજાની માયાગુણ ગ્રસ્ત (પીડાયેલાં) જેમ શ્રીમદ્‌ભાગવતમાં વર્ણિત સ્વર્ગના દેવતાઓના ૧) ગુરુ બૃહસ્પતિના પોતાના ભાઈ ઉતથ્યની ગર્ભવતી પત્ની મમતા દ્વારા બળપૂર્વક ગર્ભાધાન કરાવીને ભારદ્વાજ નામક પુત્ર ઉત્પન્ન કરાવવો (૨) ચક્રવર્તી સમ્રાટ રાજા યયાતિના એક હજાર વર્ષ સુધી વિષયોને ભોગવવા-કામાસક્ત રહેવાથી પણ વિષય ભોગોથી અતૃપ્ત રહી જવું, (૩) પુનઃ ચિત્રરથના પુત્ર શશબિંદુને પોતાની દસ હજાર પત્નીઓ દ્વારા પ્રત્યેકથી લાખ-લાખ સંતાન ઉત્પન્ન કરી એક અરબ સંતાનનો વિસ્તાર કરવા જેવી કથાઓના મંડાણમાં જબરજસ્તી ઘસેટી રહ્યા છે. ઉક્ત વિષય લંપટ (વ્યભિચારી-વિષયાસક્ત) દેવગુરુઓ, સમ્રાટોની આપવીતી કહાનીના માધ્યમથી આપ પ્રચારકગણ નિજાનંદી

-શ્રી કૃષ્ણ પ્રણામી સમાજને પરમધામ લઈ જઈ રહ્યા છે યા નરક ધામમાં પહોંચાડી રહ્યા છે ? અરે પ્રચારકો ! ઉક્ત પ્રકારના માયાવી વિષયયુક્ત જ્ઞાન સંભળાવતાં આહ્વાન કરવું કે ''શ્રીમદ્ભાગવત શ્રવણથી જ પરમધામ જઈએ છીએ'', અરે બકવાદીઓ ! ! શું આપ ભાગવત શ્રવણથી જ પરમધામ (અક્ષરાતીત ધામ) ગયા કોઈપણ એક-બે વ્યક્તિઓના નામ ગણાવી શકો છો ? અગર નહિ, તો આ રીતે કહેતાં ગધેડાની જેમ ચિલ્લાવું, કોલાહલ કરવો, એ કેવી વિડંબના છે ?

તમોને પોતાની અક્કલ પર પત્થર પડવાના (પોતાને સારા નરસાનું જ્ઞાન ન હોવાના) કારણે જ આપ થોથા જ્ઞાનના આધાર પર **''શ્રીમદ્ભાગવત શ્રવણથી જ પરમધામ જાય છે''** આ પ્રકારનું આહ્વાન કરતાં ફરી રહ્યા છો. પોતાના સૈદ્ધાંતિક જ્ઞાન વિષય અંતડિયા ટટોલવાની (આંતરડા શોધવા - ભેદ યા રહસ્યનો પતો લગાડવાની) શક્તિ ન પહોંચી શકવાથી બીજાની આપવીતી કહાની લઈને ઉક્ત પ્રકારના આહ્વાન કરતાં ફરવામાં શું આપને જરા જેટલી પણ શરમ ન આવી ? તથાપિ (તો પણ) અંતકાલ સામે આવવાથી સિર ફોડી લોહી વહેવડાવું (ખોપડી રંગાવવી) ન પડે,એવા ધર્મ માર્ગ પર ચાલવા માટે સપ્રેમ આગ્રહ કરું છું.

અરે જાગણીના બ્રહ્માંડની જાગૃત આત્માઓ ! આપ બધા ધર્મ પ્રચારકોના દર્જામાં છે. એટલે પૂછું છું કે શ્રીમન્નિજાનંદ સિદ્ધાંતમાં પ્રણામી ધર્મ સમાજની આત્માઓની જાગણી કઈ લીલાઓના માધ્યમથી કરવાનો આહ્વાન કરવામાં આવ્યો છે ? ઉપરોક્ત ચોપાઈમાં વર્ણિત ચારેય લીલાઓમાંથી વ્રજ અને રાસલીલાના વિષયમાં સ્પષ્ટરૂપથી શું ઈશારો કરવામાં આવ્યો છે ? અતઃ અમારા જાગણી કાર્ય વિષયમાં વસિષ્ઠ (એક પ્રસિદ્ધ મંત્રદૃષ્ટા ઋષિ) સાર અને શ્રીમદ્ભાગવત ગ્રંથ દૃષ્ટાંતરૂપમાં છે, જેમાં વર્ણન કરવામાં આવ્યું છે કે ક્રમશઃ કેવી રીતે ભગવાન શ્રી રામચંદ્રજીને ગુરુ વસિષ્ઠજીએ રામચંદ્રજીની જ પૂર્વ આપવીતી લીલાથી અને ભગવાન વિષ્ણુએ બ્રાહ્મણરૂપ ધારણ કરી ભક્ત માર્કંડેય ઋષિને ધોબીનીની રૂપમાં તેમની જ પૂર્વ આપવીતી લીલા શ્રવણ કરાવી જાગૃત કર્યા હતા. ઉપરોક્ત બંને તથ્ય (વાસ્તવિકતા) નિજાનંદી - શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માન્તર્ગત આત્માઓના આત્મ-જાગૃત હેતુ દૃષ્ટાંતરૂપ છે. પ્રામાણિક રૂપમાં સિદ્ધાંત અમારા જાગણી ક્ષેત્રની આત્માઓ છે. અતઃ હે પ્રણામી ધર્મ પ્રચારકો ! હવે વિચાર-વિવેક

કરો કે આપ અમારા સમાજની આત્માઓને કોની લીલા દ્વારા, તે પણ ક્યાંની અને કોના દ્વારા વર્ણિત લીલાઓ દ્વારા જાગૃત કરી રહ્યા છો ? નિજાનંદીય ધર્મ પ્રચાર-પ્રસાર ક્ષેત્રના વિદ્વાન મહાનુભાવો ! ઉક્ત પ્રામાણિક વાતો, વિષય-વસ્તુઓને પોતાની નિજધામસ્થ સખીઓને આપવાના વિષયમાં તો હું તમારા બધાથી સતના વણઝારા (સતના વેપારી) બનવાનો જ આગ્રહ કરી રહ્યો છું. યસર્થ તમે બધા મહામતિજી દ્વારા પ્રદત્ત ચારેય લીલાઓના માધ્યમથી ધર્મ પ્રચાર-પ્રસાર કરતાં, તો પોતાના જ પગ પર કુહાડી મારવા (પોતાના હાથથી પોતાની હાની કરવા) જેવું અસોચ્ય અને હાનિકારક પરિસ્થિતિથી ઉગરી જાત અથવા બચી શકત.

અતઃ હે મારા ધામસ્થ એકદિલી જમાતની પ્રિયાત્માઓ ! ''**તીન લીલા ચોથી ઘર કી**'' માં વ્રજલીલા જોવા માટે ભક્ત નરસૈયાંનો ગ્રંથ ઢૂંઢવાની જરૂરત તેમજ આવશ્યકતા (મહત્ત્વ) નથી. નરસૈયાંથી પણ ઉત્તમ વ્રજલીલાનું જ્ઞાન શ્રી ઇન્દ્રાવતીના મુખારવિંદથી જ પ્રગટ થયું છે. અતઃ તેને જ હૃદયાંગમ કરવું અપેક્ષિત (જરૂરી) છે. કેમ કે એક તો ભક્ત નરસૈયાં સ્વયં વ્રજલીલામાં શામિલ ન હતા, બીજું નરસૈયાંનું વ્રજલીલા વર્ણન તારતમ વગરનું છે. પુનઃ શ્રી ઈન્દ્રાવતી આત્મા સ્વયં વ્રજલીલામાં શામિલ છે તથા તેમના શ્રી મુખથી વર્ણિત વ્રજલીલા તારતમ દ્વારા વર્ણિત હોવાને લીધે સર્વોપરી ઉત્તમ તેમજ ગ્રાહ્ય (લેવા જેવું) છે. શ્રી ઈન્દ્રાવતી આત્મા દ્વારા વર્ણિત વ્રજલીલા દ્વારા અમે લોકો પોતાની આપવીતી લીલાનો પ્રત્યક્ષ અનુભવ કરી શકીએ છીએ.

હે મારા ધામસ્થ પ્યારે સુંદરસાથજી ! શ્રી ઈન્દ્રાવતી આત્માએ વ્રજલીલાનું વર્ણન તારતમના માધ્યમથી શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ- તારતમ સાગર અન્તર્ગત શ્રી રાસ ગ્રંથના ૧) ''પ્રેમ સેવા વાલે પ્રગટ કિધી'' અને ૨) શ્રી રાસગ્રંથના પ્ર. ૫, ''એણે પગલે આપણ ચાલીએ'' ૩) રાસલીલાના દરમિયાન અંતર્ધાનના સમયમાં સ્વયં વ્રજલીલાનું અનુકરણ કરતાં સમયના વર્ણનવાળા પ્રકરણમાં તથા ૪) શ્રી કલશ ગ્રંથના પ્ર. ૧૯ ગોકુલલીલામાં વ્રજલીલાનું સારી રીતે બોધ કરાવ્યું છે. ઉક્ત ચારેય સ્થાનોના વર્ણન દ્વારા સ્પષ્ટ અનુભવ કરી શકીએ છીએ કે તે લીલાના દરમિયાન અમારા લોકોના કોલ (કહેવું) ફૈલ (ચાલવું) અને હાલ

(લક્ષણ-દશા) કેવા હતા ? અમારી ચિત્તવૃત્તિ નિરંતર ક્યાં કેન્દ્રિત હતી, જેના કારણે રાસલીલામાં દોડતાં સમયે આ સંસાર સાગર અમારા માટે ગૌપદવચ્છ પણ નામ માત્ર માટે જ રહ્યો. યસર્થ તમે બધા એ જ કોલ, ફૈલ અને હાલની તરફ ઈશારો કરીને અમને સાવચેત કરતાં કહ્યું છે કે ''એ પગલાં સર્વે આપણા, તમે જાણી સકો તે જાણ'' અને ''એણે પગલે ચાલજો, પગલા એહ પ્રમાણ સુંદરસાથજી.''

પ્યારે ધામસ્થ સુન્દરસાથજી ! બીજી શ્રી રાસલીલા શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ - તારતમ સાગરના પ્રથમ ગ્રંથ 'શ્રી રાસ'ના વર્ણન દ્વારા અનુભવ કરી લ્યો. ત્રીજી લીલા શ્રી નવતનપુરીમાં સદ્‌ગુરુ સ્વરૂપ દ્વારા ચોત્રીસ સાલ સુધી કરેલી આડીકા ઈત્યાદિ લીલા છે, જેનો અનુભવ - જાણકારી શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ અને શ્રી કુલજમ સ્વરૂપ સાહેબના શ્રી પ્રકાશ ગ્રંથ દ્વારા કરી શકાય છે. પુનઃ ચોથી લીલા ઘર - શ્રી પરમધામની લીલા છે, જેને શ્રી પરમધામ પચીસ પક્ષની ચર્ચની તેમજ ખિલવત, પરિક્રમા, સાગર અને સિનગાર - એ ગ્રંથો દ્વારા સ્વયં જાગૃત થઈને નિજધામસ્થ આત્માઓના દિલ-દિમાગમાં ભરાવી તેમને જાગૃત કરીને જાગણીના બ્રહ્માંડમાં જ એનો ભોગ-અનુભવ કરી શકાય છે. એ જ શ્રીમન્નિજાનંદીય - શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ સિદ્ધાંતમાં પ્રચાર-પ્રસાર દ્વારા આત્મા-જાગૃતિની વાસ્તવિક રીત છે.

ઉપરોક્ત ધર્મ સિદ્ધાંત પ્રદત્ત માર્ગથી સ્વયં વંચિત રહીને સમાજને પણ વંચિત કરાવવું, એ તો સ્વયંને આસમાન પર ખેંચવા જેવી વિડંબના છે. નિજાનંદ સ્વામી શ્રી સદ્‌ગુરુ અને મહામતિ શ્રી પ્રાણનાથજીના ધર્મ સિદ્ધાંતની સમક્ષ એવી પ્રદર્શની કરતાં શું તમને બધાને જરા જેટલી પણ શરમ નથી આવતી ?

હે કલિકાલ ગુણગ્રસ્ત ધર્મ પ્રચારકો ! હે મારા દોસ્તો ! ! આપ લોકો અત્યારથી આંખ-કાન ખોલીને ચાલવું અને સામાજિક આત્માઓને પણ ચલાવવું શરૂ કરી દો, નહિ તો પાછળ અવશ્યમેવ જ સિદ્ધાંત પ્રદત્ત ઉભય મહાજનો-શ્રી સદ્‌ગુરુ અને શ્રી મહામતિ સ્વરૂપોના દરબારમાં સાચા સર્વત્ર પૂજનીય હોય છે, જૂઠાનો કોઈ વિશ્વાસ કરતું નથી (સચ્ચાઈની બોલબાલા, જૂઠાનું મુખ કાળું) પ્રત્યક્ષ થશે. એવી વિકટ પરિસ્થિતિની સામે આવવાથી સામાજિક આત્માઓ તેમને કેવી રીતે જોઈ અથવા સહન કરી શકશે ?

અતઃ ધર્મપ્રેમી ધામસ્થ સુંદરસાથજી અને ધર્મ પ્રચારક મારા દોસ્તો ! હું તો એક તરફ ધર્મ સિદ્ધાંતને જોઉં છું, તો બીજી તરફ ધર્મ પ્રચારકોને !! પુનઃ સિદ્ધાંત પ્રદત્ત બંનેય **''મહાજનો યેન ગતઃ સ પન્થાઃ''** સદ્‌ગુરુ સ્વરૂપ અને મહામતિ શ્રી પ્રાણનાથજીની આગળ તોબા (હવે હદ થઈ) ખેંચતા એ જ કહું છું કે હે ધણી ! આ કહેવત સાકારરૂપમાં પ્રત્યક્ષ થઈ રહી છે. જેમ કે ''કૂતરા ચોરોથી મળી જાય, ત્યારે પહેરા કોને આપે ?'' (રક્ષક જ્યારે ચોરોથી મળી જાય છે ત્યારે રખેવાળી કોની થાય) અર્થાત્ જ્યારે કુતિયા અને ચોરો મળી ગયા, ત્યારે પહેરો કોને આપવો અર્થાત્ કુતિયા-ધર્મ સિદ્ધાંત રક્ષક ગાદીપતિ છે, ચોર–સ્વગુરુજ્ઞાન દ્રોહી, કુપથગામી, નામધારી વિદ્વાન, ધર્મ સિદ્ધાંત ભક્ષક,સલાહકાર મંત્રી જ ચોર છે. એ રાજા અને મંત્રી મળી ગયા, તો ધર્મ સિદ્ધાંતની રક્ષા કોણ કરે ? નિમ્નોક્ત પ્રકારની બકવાદ કરવાવાળા સલાહકાર, મંત્રીની જુબાન મૂળથી ઉખાડીને તેની જ હથેળી પર રાખવા માટે શ્રીમન્નિજાનંદ ધર્મ સિદ્ધાંત હરગિજ (ક્યારેય) પાછળ હટશે નહિ. એટલા માટે હે ધણી ! આપના ચરણોમાં પ્રાર્થના કરું છું કે એ નામધારી ધર્મ પ્રચારકોને થોડી જેવી સદ્‌બુદ્ધિ પ્રદાન કરવાનું કષ્ટ અવશ્ય કરે, જેનાથી કે સામાજિક આત્માઓનો ઉદ્ધાર-કલ્યાણ થઈ શકે.

નોંધ : શ્રીમન્નિજાનંદ સિદ્ધાંતાન્તર્ગત વર્તમાન ત્રણેય પુરી ધામ તેમજ દ્વાદશ પરમહંસ પીઠો (મઠો) સહિત પંદર ગાદીપતિ મહારાજ પોત-પોતાના ક્ષેત્રમાં ધર્મ સૈદ્ધાંતિક જ્ઞાનના પ્રચાર-પ્રસાર દ્વારા જાગણી અભિયાનનો વિસ્તાર કરી રહ્યા છે. ઉક્ત ગાદીપતિઓનું મુખ્યતઃ કર્તવ્ય છે કે તે સ્વધર્મ સિદ્ધાંતના રક્ષક બનતાં સિદ્ધાંત ભક્ષકોને પણ ધર્મ સિદ્ધાંતના પ્રતિ શ્રદ્ધા-વિશ્વાસ અપાવે અને સ્વ-ઈષ્ટના પ્રતિ પ્રેમ ઉત્પન્ન કરાવે.

પરંતુ પોત-પોતાના સ્થાનથી ભવિષ્ય માટે નીકળેલાં-નીકળતાં સૈદ્ધાંતિક જ્ઞાનની તાલીમથી સંપન્ન નામધારી વિદ્વાન પ્રચારક જ સૈદ્ધાંતિક ''પ્રાણનાથ સાહિત્ય'' ધર્મના ઉપાસ્ય (ઉપાસના કરવા લાયક) ગ્રંથ શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ-

શ્રી તારતમ સાગર અને શ્રી વીતક સાહેબ, પુનઃ શ્રીમન્નિજાનંદ સ્વામી સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી અને મહામતિ શ્રી પ્રાણનાથજી - એ બંને સ્વરૂપોના પ્રતિ ચર્મચક્ષુ -સુવર (સુકર) દૃષ્ટિ લઈને બેઠાં છે. અતઃ તે સ્વયં ઉક્ત બ્રહ્મ લીલામય બ્રહ્મજ્ઞાનના પ્રતિ આંગળી ઉઠાવતાં (બદનામ કરવા-અપકીર્તિ ફેલાવવા) ભોળા-ભલાં, સાધારણ ધર્માનુયાયી સમાજને પણ વીતક, વાણી અને ઉભય સ્વરૂપોના પ્રતિ ચર્મચક્ષુ-સુવર (સુકર) દૃષ્ટિવાળા જ બનાવી રહ્યા છે. યસર્થ હું આગ્રહ કરું છું કે એવા માત્ર નામધારી વિદ્વાન પ્રચારક ઉત્પન્ન કરવાથી તો ધર્મસ્થાન છોડીને પોતાના પ્રચારકોને સાથે લઈને પોતાના ગામમાં જ ગૌશાળા-ભેંસશાળા ઊભી કરને ઘાસ કાપતાં જીવન ગુજારા કરવું અત્યુત્તમ છે. કેમ કે-''જઘન્ય ગુણ વૃત્તિસ્થાઃ'' ઉક્ત પ્રકાર કરતાં, તો સ્વયં પણ બચત અને ધર્મ સમાજ પણ બચી શકતો !!

સુજ્ઞેષુ કિં બહુના-

-લેખક

દીનદયાલ.

સૂચના : તારીખ ૨૪ જૂન ૨૦૧૧ના દિવસે સાંજે ૭.૩૦ વાગે પોતાના આત્મીય સુંદરસાથની સાથે મોબાઈલ ફોનમાં થયેલાં વાર્તાલાપના દરમિયાન શ્રી પ્રાણનાથ સ્વરૂપ અને તારતમ સાગર શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ અંતર્ગત વાણી-જ્ઞાન વિષય પ્રયુક્ત (ઉપયોગ) કરેલાં આક્ષેપ આરોપયુક્ત બિભર્ત્સનાપૂર્ણ શબ્દો સહિત કહેલાં ૧૦ પ્રશ્નોના રેકોર્ડિંગ સહિત સપ્રમાણ જવાબ સમયના માટે સુરક્ષિત છે. જરૂર પડતાં જ (પડશે તો) નામ સ્થાનની સાથે સ્પષ્ટ કરવામાં આવશે. જ્યાં સુધી મારે આગળ વધવું ન પડે, દયા કરજો ! સાવધાન !!!

❖ સ્વામી શ્રી લાલદાસ કૃત વીતકના પ્રશ્ન ❖

❖ અથ શાસ્ત્રની સાક્ષી ❖

(રાજાઓના નામ)

પ્ર.૧- શ્રીમન્નિજાનંદ સંપ્રદાય-શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માંતર્ગત કુલ કેટલાં વીતકોનું વર્ણન આવે છે ?

ઉ. ૧- શ્રીમન્નિજાનંદ સંપ્રદાય-શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માંતર્ગત લગભગ કુલ સત્તર વીતકોનું વર્ણન આવે છે. એ સત્તર વીતકોમાંથી મુખ્ય બે વીતકોની →

પ્ર. ૨- 'વીતક' કહેવાથી શું સમજવું જોઈએ ? 'વીતક' શબ્દનો અર્થ શું છે ?

ઉ. ૨- વીતક કહેવાથી કોઈપણ મહાપુરુષના સંસારમાં વીતેલી (વીતી ગયેલી- →

પ્ર. ૩- શું અન્ય વીતક અને શ્રી લાલદાસ કૃત વીતક સાહેબમાં કોઈ અંતર છે ? અગર છે, તો શું ?

ઉ. ૩- હા છે ! અંતર તો જરૂર છે. શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ, સાહેબ શ્રી →

પ્ર. ૪- શ્રી લાલદાસ કૃત વીતક સાહેબના પ્રારંભ તથા અન્ય વીતકોના પ્રારંભમાં અંતર છે યા નહિ ? અગર છે, તો શું ?

ઉ. ૪- હા છે ! અંતર છે અન્ય બીજા બધા વીતકોની શરૂઆત વીતકકારોએ પોત-પોતાના ઈષ્ટ તથા વિદ્યાદાત્રી સરસ્વતીની સ્તુતિ-પ્રાર્થનાની સાથે કરેલી છે. →

પ્ર. ૫- શ્રી લાલદાસ કૃત વીતક સાહેબમાં સૌ પ્રથમ ચારેય યુગોના રાજાઓની ગણતરી કરવાનું મુખ્ય કારણ શું છે ?

ઉ. ૫- શ્રી લાલદાસ કૃત વીતક સાહેબમાં વીતક રચના કરતાં પહેલાં શ્રી લાલદાસજીએ જે સ્વરૂપોની વીતકનું વર્ણન કરવું છે, તે સ્વરૂપ સંસારની →

❖ સ્વામી શ્રી લાલદાસ કૃત વીતકના પ્રશ્ન ❖

❖ અથ શાસ્ત્રની સાક્ષી ❖

(રાજાઓના નામ)

→ વિશેષ માન્યતા છે. જેમ કે-૧. શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ ૨. શ્રી વ્રજભૂષણ કૃત વૃત્તાંત મુક્તાવલી. એ બે વીતકોમાંથી પણ શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ મૂલ અને મુખ્ય પણ છે. અન્ય બધા વીતકોની રચના ઉપરના વીતક સાહેબના આધાર પર કરેલી છે.

→ બની ગયેલી) ''ઈહ લીલા''નો સંગ્રહ અથવા ગ્રંથ સમજવું જોઈએ. 'વીતક' શબ્દનો અર્થ છે. સાહેબની આપવીતી વાતોનો સંગ્રહ અથવા ઈતિહાસ, પુરાણ અર્થાત્ ભૂતકાળમાં ગુજરેલી વાતોનો સંગ્રહ વીતક સાહેબનું અનેરું અને વિશિષ્ટ મહત્ત્વ છે.

→ મહામતિજીના આશીર્વાદ દ્વારા રચિત તથા સ્વયંસિદ્ધ વીતક છે. અન્ય બધા વીતકોની રચના શ્રી લાલદાસ કૃત વીતક સાહેબના આધાર પર થયેલી છે.

→ પરંતુ શ્રી લાલદાસ કૃત વીતક સાહેબની શરૂઆત શ્રી લાલદાસજીએ ''શાસ્ત્રોની સાક્ષી'' ભવિષ્ય પુરાણના આધાર પર ચારેય યુગોમાં ભારતવર્ષમાં જે ચક્રવર્તી રાજાઓએ રાજ્ય સંચાલન કર્યું, તે ચક્રવર્તી રાજાઓના નામ ક્રમશઃ ગણાવતાં કર્યું છે તથા સાથે સમય-કાલ પણ નિશ્ચિત કરાવી દીધો કે, 'આ રાજાઓના શાસનકાલ' માં સાહેબ અવતરિત થશે.

→ વચ્ચે કયા રાજાના રાજ્યકાલમાં અવતરિત થશે ? તે રાજાની શાસન-પદ્ધતિ કેવી હશે ? અર્થાત્ દેશની તત્કાલીન પરિસ્થિતિઓથી અવગત (જાણકારી) કરાવવા માટે જ ચતુર્યુગી રાજાઓના નામ સહિત ગણતરી કરી છે.

પ્ર. ૬- સતયુગ અને કૃતયુગમાં અંતર છે યા નહીં ? અગર છે, તો શું ?

ઉ. ૬- સતયુગ અને કૃતયુગમાં અંતર છે. કૃતયુગની પ્રજા આપસમાં (પરસ્પર) ચેતનની પૂજા કરતી હતી. ભક્ત અને ભગવાનની દૃષ્ટિ તે સમયમાં નહોતી. એક બીજાને ચેતનની દૃષ્ટિથી જોતાં અર્થાત્ સર્વત્ર ભગવાન જ ભગવાન નજરમાં હોવાથી તે સમયની પ્રજા એક બીજાની જ પૂજા-આરતી કરતાં હતા. યસર્થ રાજા અને પ્રજા બંનેય કૃતકૃત્ય હતા. તેથી યુગનું નામ પણ કૃતયુગ જ હતું. આ પ્રમાણે બે રાજાઓ- કૃત અને કૃતદત્તના રાજ્યકાલ પશ્ચાત માયાના પ્રભાવથી ધીરે-ધીરે કૃતયુગ પૂરો થવા લાગ્યો અને સતયુગ ચાલુ થયો. કેટલાય સમય સુધી માયાવી દૃષ્ટિ રહિત ચૈતન્ય દૃષ્ટિના કારણે પરસ્પર ચેતનની પૂજા થતી હતી. કિંતુ માયાના કારણે તે દૃષ્ટિ વધુ સમય સુધી રહી શકી નહીં. પ્રજામાં પરસ્પર જૂઠું બોલવું, છળકપટ કરવું, ધોકો →

પ્ર. ૭- શ્રીમન્નિજાનંદ સિદ્ધાંત-શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની માન્યતાઓમાં મુખ્ય વિશેષતાઓ કઈ-કઈ છે ?

ઉ. ૭- શ્રીમન્નિજાનંદ સિદ્ધાંત-શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની માન્યતાઓમાં મુખ્ય →

પ્ર. ૮- કૃતયુગના સર્વપ્રથમ રાજા કોણ હતા ? કૃતયુગમાં કેટલાં રાજા થયા અને કોણ-કોણ તથા કેવા હતા ?

ઉ. ૮- કૃતયુગમાં સર્વપ્રથમ કૃત નામક રાજાએ રાજ કર્યું. કૃતયુગમાં કૃત અને કૃતદત્ત નામક બે રાજા થયા. એ બંનેય રાજા ચેતન પ્રજાયુક્ત તથા →

પ્ર. ૯- સતયુગના સર્વપ્રથમ રાજાનું નામ શું છે ?

ઉ. ૯- કૃતયુગના ઉક્ત બે રાજાઓના શાસનકાળના પશ્ચાત સતયુગ શરૂ →

પ્ર. ૧૦- ધૂમ્ર ઋષિ સતયુગના કેટલાં નંબરના રાજા હતા ?

→ આપવો વગેરે વ્યવહાર દૃષ્ટિમાં આવવા લાગ્યો. એક બીજામાં ચેતનની દૃષ્ટિ ન રહેવાને લીધે, પહેલાં જેવી પૂજા આરતી જ ન રહી અને ન ચેતનની ભાવના રહી. ત્યારે બધા બુદ્ધિજીવી વિદ્વાનોએ વિચાર કર્યો કે જ્યારે માયાવી પ્રભાવને લીધે અત્યારે સતયુગમાં જ ચેતનભાવ તેમ જ પૂજનાદિ લોપ થઈ રહ્યા છે, તો કલિયુગમાં શું થશે ? ઈન્સાન તો માયાવી પ્રભાવના લીધે ચલ-વિચલ થઈ જાય છે. તેથી અચલ-નેહેચલની ભાવના જનતામાં બની રહે, એ ધ્યેયથી તે વિદ્વાનોએ એક પત્થરની મૂર્તિનું નિર્માણ (સર્જન) કરીને તેમણે નરના ઈષ્ટરૂપ નારાયણ નામથી સ્થાપિત કરી દીધી. ત્યારે બધા જ્ઞાન વગરના, અશિક્ષિત જનતા મૂર્તિપૂજામાં વિશ્વાસ કરવા લાગી. પરંતુ તેઓમાંથી કેટલાય સમજદાર લોકોએ મૂર્તિપૂજા ન કરી. આ પ્રમાણે સતયુગથી જ મૂર્તિપૂજા થતી આવી છે.

→ વિશેષતાઓ નિમ્ન પ્રકાર છે. જેમ કે-અમારા ધર્મમાં ચાર યુગોના બદલે પાંચ યુગોની માન્યતા છે. વેદ પ્રત્યે પણ આપણે પાંચ વેદોની માન્યતા રાખીએ છીએ તથા શ્રીમદ્‌ભગવત ગીતા પ્રમાણયુક્ત ભક્તોની ગણતરીમાં પણ આપણે પાંચની વિશેષતા રાખીએ છીએ.

→ ચેતન (આત્મા) ના પૂજારી હતા. ''જેવા રાજા તેવી પ્રજા'' કથનાનુકૂળ એ બંને રાજાઓના શાસનકાળમાં બધી પ્રજા પણ ચેતનની જ પૂજા-આરતી કર્યા કરતી હતી. સ્વયંસિદ્ધ કૃતકૃત્ય અર્થાત્ ''યથા નામ તથા ગુણ'' હોવાને લીધે યુગનું નામ પણ 'કૃતયુગ' જ કહેવાય છે.

→ થયો. સતયુગના સર્વપ્રથમ રાજાનું નામ હતું-રાજા અંત, અંત રાજાથી લઈને કૃતયુગના બે રાજાઓને છોડીને સતયુગમાં કુલ પંદર રાજા થયા.

ઉ. ૧૦- ધૂમ્ર ઋષિ સતયુગના પંદરમા રાજા હતા. યદિ કૃતયુગથી લઈને ગણીએ, તો તે સત્તરમા રાજા હતા.

પ્ર. ૧૧- હિરણ્યકશ્યપ કયા યુગના કેવા રાજા હતા ? તેમનો સંહાર કયા અવતારે કર્યો હતો તથા તેમના સ્થાન પર કોને રાજા બનાવ્યા હતા.

ઉ. ૧૧- હિરણ્યકશ્યપ સતયુગના આઠમા રાજા હતા. તે પોતાના કુકર્મોના લીધે →

પ્ર. ૧૨- કુલ સત્તર રાજા કોણ-કોણ અથવા કેટલાં યુગોના ગણ્યા ?

પ્ર. ૧૩- ત્રેતાયુગમાં કુલ કેટલાં રાજા થયા તથા સર્વપ્રથમ રાજા કોણ થયા ?

પ્ર. ૧૪- રાજા વિશ્વામિત્રના પહેલાં અને પછી કોણ–કોણ રાજા થયા ?

પ્ર. ૧૫- રાજા હરિશ્ચંદ્રના પહેલાં અને પછી કોણ-કોણ રાજા રાજગાદી પર આસીન થયા તથા રાજા હરિશ્ચંદ્ર ત્રેતાયુગના કેટલાં નંબરના રાજા હતા ?

પ્ર. ૧૬- રાજા રોહિતાશ ત્રેતાયુગના કેટલાં નંબરના રાજા હતા ?

પ્ર. ૧૭- રાજા માંધાતા કયા રાજાના પછી રાજગાદી પર આસીન થયા ?

પ્ર. ૧૮- રાજા આશામિત્રના પહેલાં અને તેમના પછી કયા-કયા રાજાઓએ ભારતવર્ષ પર રાજ કર્યું ?

પ્ર. ૧૯- રાજા દિલીપથી લઈને રાજા લવ સુધી કુલ કેટલાં રાજા થયા ? કોણ કોણ ?

પ્ર. ૨૦- દ્વાપરયુગમાં કુલ કેટલાં રાજા થયા ? સર્વપ્રથમ રાજાનું નામ શું છે ?

→ સતયુગમાં અત્યંત જ કુખ્યાત હતા. તેમના અત્યાધિક અત્યાચાર (ક્રૂરતા) ને કારણે જ નૃસિંહ અવતારે તેમનો સંહાર કરીને તેમના સ્થાન પર લોક પ્રસિદ્ધ ભક્ત પ્રહ્લાદને ભારત વર્ષના રાજા બનાવ્યા હતા.

ઉ. ૧૨- કુલ સત્તર રાજા કૃતયુગ અને સતયુગ અથવા બંનેય યુગોના ગણ્યા.

ઉ. ૧૩- ત્રેતાયુગમાં કુલ ઓગણત્રીસ રાજા થયા તથા સર્વપ્રથમ બ્રહ્મા નામક રાજા રાજસિંહાસન પર બેઠા.

ઉ. ૧૪- રાજા વિશ્વામિત્રના પહેલાં સિંહાસનાસીન થયેલાં રાજાનું નામ અરણ્યભા હતા અને તેમના પછી મહામંત્ર નામક રાજા સિંહાસીનાસીન થયા.

ઉ. ૧૫- રાજા હરિશ્ચંદ્રના પહેલાં ત્રિશંખ નામક રાજા રાજગાદી પર આસીન થયા હતા. રાજા હરિશ્ચંદ્ર પછી તે સ્થાન પર તેમના જ સુપુત્ર રાજા રોહિતાશ બિરાજમાન થયા. રાજા હરિશ્ચંદ્ર ત્રેતાયુગના તેરમા રાજા હતા.

ઉ. ૧૬- રાજા રોહિતાશ ત્રેતાયુગના ચૌદમા રાજા હતા.

ઉ. ૧૭- રાજા માંધાતા વિશ્વ પ્રસિદ્ધ સત્યવાદી રાજા હરિશ્ચંદ્રના સુપુત્ર રાજા રોહિતાશના પછી રાજગાદી પર આસીન થયા.

ઉ. ૧૮- રાજા આશામિત્રના પહેલાં સગર નામક રાજએ અને તેમના પછી ભાગીરથ નામક રાજાએ ભારતવર્ષ પર રાજ કર્યું.

ઉ. ૧૯- રાજા દિલીપથી લઈને રાજા લવ સુધી કુલ છ રાજા થયા. જેમકે-રાજા દિલીપ, રાજા રઘુ, રાજા અજ, રાજા દશરથ, રાજા રામચંદ્ર અને રાજા લવ.

ઉ. ૨૦- દ્વાપરયુગમાં કુલ ઓગણીસ રાજા થયા તથા સર્વપ્રથમ રાજાનું નામ- રાજા ઈન્દ્ર.

પ્ર. ૨૧- દ્વાપરયુગમાં થયેલાં કેટલાં રાજાઓ પછી રાજગાદી પર રાજા શાંતનુ આસીન થયા ?

પ્ર. ૨૨- દ્વાપરયુગના રાજા વિચિત્રના પહેલાં અને પછી કોણ-કોણ રાજા થયા ?

પ્ર. ૨૩- રાજા વ્યાસ પછી પાંડુ રાજા થયા, તો રાજા પાંડુના પછી કોણ રાજા થયા ?

પ્ર. ૨૪- રાજા પાંડુના પુત્ર અર્જુન તો રાજાના રૂપમાં રાજગાદી પર બેઠાં જ નહોતા, તો તેમનું નામ રાજાઓમાં કેમ આવ્યું ?

ઉ. ૨૪- અરે ભાઈ ! શ્રી લાલદાસ કૃત વીતક સાહેબમાં માત્ર રાજસિંહાસન પર આસીન થયેલાં રાજાઓના નામ જ નથી ગણ્યા. અપિતુ આ વીતક સાહેબમાં તો ભવિષ્ય પુરાણમાં વેદવ્યાસજી દ્વારા કરેલી ગણતરીના અનુસાર રાજાઓના નામ અંકિત કરેલાં છે. ભવિષ્ય પુરાણમાં ધરતી →

પ્ર. ૨૫- રાજા અર્જુનથી લઈને રાજા પરીક્ષિતની વચ્ચે કેટલાં રાજા રાજગાદી પર બેઠાં અને કોણ-કોણ ?

પ્ર. ૨૬- રાજા જન્મેજય કોણ હતા અને તે દ્વાપરયુગના કેટલાં નંબરના રાજા હતા ?

પ્ર. ૨૭- કલિયુગમાં કુલ કેટલાં રાજા થયા અને સર્વપ્રથમ કોણ રાજા થયા ? પુનઃ વિક્રમાદિત્ય રાજા કલિયુગના કેટલાં નંબરના રાજા હતા ?

પ્ર. ૨૮- કલિયુગમાં કુલ કેટલાં હિંદુ રાજા થયા તથા અંતિમ હિંદુ રાજા કોણ હતા ?

ઉ. ૨૧- દ્વાપરયુગમાં થયેલાં પાંચ રાજાઓ પછી રાજગાદી પર રાજા શાંતનુ આસીન થયા.

ઉ. ૨૨- દ્વાપરયુગના રાજા વિચિત્રના પહેલાં રાજા ચિત્ર અને પછી રાજા વ્યાસ થયા.

ઉ. ૨૩- રાજા વ્યાસ પછી પાંડુ રાજા થયા, તો રાજા પાંડુના પછી તેમના જ પુત્ર નરકેસરી પુરુષાર્થી અર્જુન રાજા થયા.

→ પર પ્રસિદ્ધ તે જ પુરુષાર્થીઓની ગણતરી રાજાના રૂપમાં કરેલી છે, જેમનું નામ, યશ અથવા બોલબાલા સારી પૃથ્વી પર હોય. પછી તે ચાહે કોઈપણ માર્ગના પુરુષાર્થી કેમ ન હોય. જેમ કે-ધૂમ્ર ઋષિ, વ્યાસજી અને હિરણ્યકશ્યપ વગેરે. ધૂમ્ર ઋષિ તપના ક્ષેત્રમાં પ્રસિદ્ધ હતા, તો અર્જુન પૃથ્વીની નરાત્માઓમાં અવ્વલ દર્જાના પુરુષાર્થી હતા. પુનઃ જ્ઞાન ગરિમાના ક્ષેત્રમાં વેદવ્યાસજી ખ્યાતિ પ્રાપ્ત હતા, તો હિરણ્યકશ્યપ કુખ્યાત અત્યાચારીના રૂપમાં સંસાર પ્રસિદ્ધ હતા.

ઉ. ૨૫- રાજા અર્જુનથી લઈને રાજા પરીક્ષિતની વચ્ચે કુલ છ રાજા રાજગાદી પર બેઠાં, જેમના નામ આ પ્રમાણે છે. જેમ-અહિવરન કુમાર, સેત્રનખ, શાંતનુ, બલિવાન, નિરવાન અને બલીચક્ષુ.

ઉ. ૨૬- રાજા જન્મેજય રાજા પરીક્ષિતના સુપુત્ર હતા તથા તે દ્વાપર યુગના ઓગણીસમા રાજા હતા.

ઉ. ૨૭- કલિયુગમાં કુલ ૨૦ (વીસ) રાજા થયા. જેમાંથી પ્રથમ રાજા જદુ થયા. અગર રાજા જદુથી ગણીએ, તો વિક્રમાદિત્ય કલિયુગના પાંચમા રાજા હતા.

ઉ. ૨૮- કલિયુગમાં કુલ સાત હિંદુ રાજા થયા તથા કલિયુગના અંતિમ હિંદુ રાજા, રાજા ભોજ હતા.

પ્ર. ૨૯- કલિયુગમાં કેટલાં રાજાઓના રાજશાસન પછી ભારતવર્ષની ઈમામત મુસલમાન બાદશાહોના હાથમાં જતી રહી તથા સર્વપ્રથમ કયા મુસલમાન બાદશાહની બાદશાહી શરૂ થઈ ?

પ્ર. ૩૦- યવન (મલેચ્છ-જંગલી માનવ) બાદશાહોમાંથી પહેલાં, બીજા અને ત્રીજા બાદશાહોના નામ કયા-કયા છે ?

ઉ. ૩૦- યવન બાદશાહોમાંથી ભારતવર્ષની બાગડોર હાથમાં લઈને બાદશાહી →

પ્ર. ૩૧- બાદશાહ તૈમૂરલિંગથી લઈને ક્રમશઃ પાંચ બાદશાહોના નામ કયા-કયા છે ?

પ્ર. ૩૨- શાહજહાંના કેટલાં પુત્ર હતા અને કોણ-કોણ ?

પ્ર. ૩૩- બાદશાહ ઔરંગઝેબ કલિયુગના કેટલાં નંબરના રાજા હતા ? તેમનું બીજું નામ શું હતું અને આ નામકરણ કોણે અને કેમ કર્યું હતું ?

ઉ. ૩૩- બાદશાહ ઔરંગઝેબ કલિયુગના વીસ રાજાઓમાંથી બધાથી છેલ્લા અર્થાત્ વીસમા બાદશાહ હતા. તેમનું બીજું નામ હતું. 'કલિયુગ'. આ નામકરણ વેદવ્યાસજી દ્વારા શ્રી રાજજીના જોશે કર્યું હતું. તેનું કારણ એ હતું કે તેમના જ નસીબમાં કલિયુગનું મુખ્ય કર્તવ્ય લખવામાં આવ્યું હતું કે 'આ જ બાદશાહ બીજા પરાર્ધના અઠ્ઠાવીસમા કલિયુગમાં પૂર્વ વ્યતીત →

પ્ર. ૩૪- કલિયુગના વીસમા રાજા (બાદશાહ) ના શાસનકાળમાં શું થવાની ભવિષ્યવાણી થઈ હતી ?

ઉ. ૩૪- કલિયુગના વીસમા રાજા (બાદશાહ) ના શાસનકાળના વિષયમાં એ →

ઉ. ૨૯- કલિયુગના સાતમા રાજા, રાજા ભોજના રાજશાસન પછી ભારતવર્ષની ઈમામત મુસલમાન બાદશાહોના હાથમાં જતી રહી. સર્વપ્રથમ મહમ્મદ ગૌરી નામક મુસલમાન રાજા ભારતવર્ષની રાજગાદી પર આસીન થયા અને ત્યારથી મુસલમાન બાદશાહોની બાદશાહી શરૂ થઈ.

→ કરવાવાળા બાદશાહોમાંથી પહેલાં બાદશાહનું નામ મહંમદ ગૌરી, બીજા બાદશાહનું નામ અલાઉદ્દીન અને ત્રીજા બાદશાહનું નામ નસીરુદ્દીન હતું.

ઉ. ૩૧- બાદશાહ તૈમૂરલિંગથી લઈને ક્રમશઃ ચોથા બાદશાહનું નામ બાબર, ત્રીજા બાદશાહનું હુમાયુ, બીજા બાદશાહનું નામ અકબર અને પહેલાં બાદશાહનું નામ સલીમ શાહ હતું.

ઉ. ૩૨- શાહજહાંના કુલ ચાર પુત્ર હતા. જેમ કે-દારા, સૂજા, ઔરંગઝેબ અને મુરાદ.

→ કલિયુગોથી અનાચાર, પાપાચાર, દુરાચાર, ભ્રષ્ટાચાર વગેરેના સેંકડો ગુના વૃદ્ધિ કરાવીને (વધારો કરીને) ''યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારતઃ'' પ્રમાણવત્ અક્ષરાતીત બ્રહ્મધામથી બુદ્ધ તથા કલ્કિ અવતારને ભારતખંડમાં ઉતારશે અને અક્ષરાતીત અવતારને અક્ષરાતીતની આત્મા સિવાય અન્ય કોઈ અવતરિત કરી શકે તેમ નહોતું. અતઃ કલિયુગની વૃદ્ધિ કરાવી અક્ષરાતીત 'બુદ્ધ નિષ્કલંકાવતાર' ને અક્ષરાતીત ધામથી ભરતખંડમાં ઉતારવાની જવાબદારીરૂપી વિશેષતાના ગુણાનુકૂળ જ બાદશાહ ઔરંગઝેબનું નામકરણ વેદવ્યાસજીએ 'કલિયુગ' કરી દીધું.

→ ભવિષ્યવાણી થઈ હતી કે **''द्वे परार्धे अष्टाविंशति कलौयुगे''** અર્થાત્ સતલોક સ્થાયી બ્રહ્માજીના બીજા પરાર્ધના અઠ્ઠાવીસમા કલિયુગમાં જે બુદ્ધ-કલ્કિ અવતાર અવતરિત થશે, તે માત્ર ત્રિગુણ (ત્રિદેવા) ને જ નહિ પરંતુ સારી સૃષ્ટિના જડ-ચેતનને ગતિ-મુક્તિ પ્રદાન કરશે. →

(આપશે). પુનઃ એ બુદ્ધ-કલ્કિ ''વિજયાભિનંદબુદ્ધનિષ્કલંકાવતાર'' ના નામથી કલિયુગના વીસમા બાદશાહ ઔરંગઝેબના શાસનકાળમાં પ્રગટ થશે અને અનર્થકારી ઔરંગઝેબ બાદશાહના શાસનકાળનો

પ્ર. ૩૫- અરે ! કથિત વીતકના રચનાકાર તો શ્રી લાલદાસજી મહારાજ છે, તો અંતમાં છાપ શ્રી મહામતિની ! એવું કેમ ?

ઉ. ૩૫- શ્રી લક્ષ્મણ શેઠ, જેમનું આધ્યાત્મિક નામ શ્રી લાલદાસજી મહારાજ હતું. તેઓએ શ્રી પ્રાણનાથજી સ્વરૂપના આધ્યાત્મિક ધર્મ પર્યટનની મજલમાં, જ્યારે શ્રી મહામતિજી દીવબંદરથી નબી-પોરબંદર, નલિયા, કચ્છ-ભુજનગર થઈને ઠટ્ઠાનગર પહોંચ્યા હતા, ત્યારે તેમની સાથે સત્સંગ કર્યો હતો અને તેમના શ્રીમન્નિજાનંદ સિદ્ધાંતના શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મમાં દીક્ષિત (દીક્ષા લીધી) થયા હતા. ત્યારથી લઈને અંતિમ સુધી તે શ્રી પ્રાણનાથજીની સાથે જ રહ્યા. વિ. સં. ૧૭૫૧ માં જ્યારે મહામતિ શ્રી પ્રાણનાથજીનો પરમધામ પાછાં જવાનો સમય આવ્યો, ત્યારે શ્રી લાલદાસજી મહારાજ અને શ્રી કેશવદાસજી શ્રી પ્રાણનાથજીથી પહેલાં જ ધામમાં ઉઠવાની (જવાની) તૈયારી કરવા લાગ્યા. એ જોઈને મહામતિ શ્રી પ્રાણનાથજીએ બંને ભાઈઓને બે અધૂરા કાર્ય સોંપતાં આજ્ઞા આપી કે આપ બંનેમાંથી શ્રી કેશવદાસજીને શ્રી મુખથી ઉતરેલ વાણી (તારતમ સાગર) ના સંબંધ મિલાવી (મેળવી) જિલ્દ બાંધવાનું અને શ્રી લાલદાસજીને 'વીતક સાહેબ' ની રચના કરીને કાર્ય પૂરું

પ્ર. ૩૬- વીતકકાર શ્રી લાલદાસજીએ શ્રી મહામતિજીની તરફથી સંબોધનમાં કોને લીધા છે ?

ઉ. ૩૬- વીતકકાર શ્રી લાલદાસજી મહારાજે શ્રી મહામતિજીની તરફથી 'આગે અપની વીતક' ના આધાર પર સંબોધનમાં ધામની ૧૨૦૦૦ બ્રહ્મત્માઓને લીધી છે. તેઓને સંબોધિત કરતાં તે કહી રહ્યા છે કે હે

➞ અંત કરી દેશે. એ અવતાર આવશે તો, બુદ્ધ-કલ્કિના સ્થાન પર કિંતુ વૈકુંઠથી નહિ, બલ્કે અક્ષર–અક્ષરાતીત ધામથી અથવા નૂર-નૂર તજલ્લાહથી.

→ ગયા અને તેમને ત્યાં ઊભા જોઈને આશ્ચર્યચકિત રહી ગયા કેમ તે સોચવા લાગ્યા કે અસવારી ન હોવાથી પણ આ દેવચંદ્ર અને અસવારીયુક્ત જાનૈયાઓની સાથે-સાથે જ કેવી રીતે આવી પહોંચ્યા ?

→ બોલ્યા કે આપ લોકોના પદચિહ્નોને જોઈને ચાલતાં-ચાલતાં અહીંયા આવી પહોંચ્યો છું આ સાંભળીને સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીની હિંમત જોઈને વજીર અત્યંત દંગ રહી ગયા.

→ બરાતીઓમાંથી કેટલાય લોકો અસવારીઓની પીઠ પરથી સામાન વગેરે ઉતારી રહ્યા હતા, તો કેટલાય ચા-પાણીનો પ્રબંધ માટે આગ ચાંપી વ્યવસ્થા કરી રહ્યા હતા. હમણાં બારાતીઓ ત્યાં પહોંચ્યાને પાંચ મિનિટ પણ થઈ ન હતી કે સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી પણ ત્યાં આવી પહોંચ્યા.

→ ક્યોં, ત્યારે સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ તેમને કહ્યું કે હું પોતાના હાથથી બનેલી રસોઈ જ લઉં છું અને રસોઈ તૈયાર કરવા માટે સીધું-સામાન પણ હું પોતાની સાથે જ લઈ આવ્યો છું.

→ દ્વારા સ્વયં ભોજન તૈયાર કરે. તેમાં પણ આપ અને અમે તો એક જ જાતિના છે. અમે પણ કાયસ્થ છે અને તમે પણ. અતઃ તમારે અમારા ભંડારમાંથી સીધું તો લેવું જ પડશે''. પહેલાં બરાત સાથે કચ્છ આવવા માટે સદ્‌ગુરુને આ જ વજીરે ના પાડી હતી, એટલા માટે તે આટલા દિલગીર થઈને સદ્‌ગુરુ સ્વરૂપને આગ્રહ કરી રહ્યા હતા.

પ્ર. ૮૨- કાયસ્થ મુખીના આગ્રહ કરવાથી સદ્‌ગુરુ સ્વરૂપે તેમનું સીધું લઈને શું કર્યું અને કેવો નિયમ બાંધીને આગળ વધવા લાગ્યા ?

ઉ. ૮૨- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ કાયસ્થ મુખીના આગ્રહ કરવાથી તેમના ભંડારમાંથી સીધું-સામાન લીધું અને સ્વયં પોતાના જ હાથથી ભોજન →

પ્ર. ૮૩- ભોજન તથા આરામ કર્યા પછી જ્યારે બધા બરાતી પુનઃ આગળ જવા તૈયાર થયા, ત્યારે બરાતના અગ્રગણ્ય તે કાયસ્થ વજીરને શું યાદ આવ્યું ?

પ્ર. ૮૪- તત્પશ્ચાત્ તે કાયસ્થ વજીરે પોતાના બરાતીઓને શું પૂછ્યું તથા કેટલાં સવારીયુક્ત અસવાર પર સદ્‌ગુરુ સ્વરૂપને સામિલ કર્યા તેમજ અસવારી કઈ હતી ?

ઉ. ૮૪- તત્પશ્ચાત તે કાયસ્થ વજીરે પોતાના પ્રત્યેક બરાતીઓને પૂછ્યું કે અરે ! કોના-કોના ઊંટ પર કેટલાં-કેટલાં જણ સવાર છે ? આ પ્રમાણે બધાને →

પ્ર. ૮૫- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી બરાતી સાથે કેટલાં દિવસે કચ્છ પહોંચ્યા ?

પ્ર. ૮૬- ક્યાં પહોંચવાથી સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી બરાતના મુખીથી વિદાય થઈને અલગ (જુદા) થયા અને ખોજ કરવા લાગ્યા ? આ વખતે તેમની ઉંમર કેટલી છે ?

ઉ. ૮૬- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી જ્યારે બરાતની સાથે પાંચમા દિવસે કચ્છ પ્રદેશની →

→ પ્રસાદ તૈયાર કર્યો. ત્યારપછી જે સ્વરૂપના તેમને ઉમરકોટથી કચ્છ આવતાં રસ્તામાં દર્શન થયા હતા, તે સિપાહી વેશવાળા સ્વરૂપને ભોજન-પ્રસાદથી ભરેલો થાળ અર્પણ કરી તે થાળનો પ્રસાદ નિત્ય પ્રત્યે ભોજનના રૂપમાં લેવા લાગ્યા અને એ જ નિયમ બાંધીને નિરંતર આગળ વધવા લાગ્યા.

ઉ. ૮૩- ભોજન વગેરે કર્યા પછી થોડો સમય આરામ કરી જ્યારે બધા બરાતી આગળ ચાલવાની તૈયારી કરવા લાગ્યા, ત્યારે તે કાયસ્થ વજીરને યાદ આવ્યું કે હવે સવારી વગરના શ્રી દેવચંદ્રજીને પણ અમારા જમાતની કોઈ અસવારીમાં શામિલ કરવા પડશે.

→ પૂછતાં-પૂછતાં તે લોકોમાંથી એક જણે જવાબ આપ્યો કે અમારા અસવાર પર ચાર જણ છે, ત્યારે તે કાયસ્થ મુખીએ તેમને કહ્યું હતું કે પાંચમા સવારના રૂપમાં એમને પણ પોતાના અસવાર પર શામિલ કરી લ્યો. આ પ્રમાણે સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી ઊંટ પર સવાર થઈને બરાતની સાથે ચાલ્યા.

ઉ. ૮૫- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી બરાતી સાથે ચોથા દિવસે કચ્છ પહોંચ્યા.

→ સીમામાં પહોંચી ગયા, ત્યારે તેઓએ કાયસ્થ મુખી વજીર લાલદાસ દેસાઈની પાસે જઈને કચ્છ સુધીનો રસ્તો બતાવ્યા હેતુ આભાર પ્રકટ કર્યો અને પોતાના કાર્ય હેતુ વિદાય થવાની વિનંતી કરી. બરાતથી વિદાય થઈને તે પોતાના કાર્યમાં લાગી ગયા. આ વખતે તેમની ઉંમર સત્તર વર્ષની છે.

-(પ્રકરણ-૨, પ્રશ્ન-ઉત્તર નં.-૮૬, કુલ સં. ૩૮+૮૬=૧૨૪).

❖ કચ્છમાં ખોજ ❖

પ્ર. ૧- કચ્છ દેશની સીમામાં પહોંચતાં જ શ્રી દેવચંદ્રજીએ વજીરથી વિદાય લઈને ''જિન સબકો પૈદા કિયા, વહ કહાઁ હૈ પરમેશ્વર ?'' આ તત્ત્વની ખોજ સર્વપ્રથમ ક્યાંથી શરૂ કરી ?

ઉ. ૧- કચ્છ દેશની સીમામાં પહોંચતાં જ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી બરાતના મુખી વજીર લાલદાસ દેસાઈથી વિદાય થઈને બરાતથી અલગ થઈ ગયા અને પોતાના અનુઠા (વિચિત્ર) પ્રશ્ન **''જિન સબકો પૈદા કિયા, વહ કહાઁ હૈ** →

પ્ર. ૨- તે કોણ હતા ? શું કરતાં હતા તથા તેમની પાસે સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી કેટલાં સમય સુધી રહ્યા ?

ઉ. ૨- તે દેવાલયના મહંત હતા તથા મૂર્તિપૂજક કર્મકાંડી બ્રાહ્મણ હતા. તેમના →

પ્ર. ૩- તે દેવીના મંદિરમાં સત્સંગ ર્ક્યા પછી સદ્‌ગુરુ સ્વરૂપ ક્યાં ગયા ?

ઉ.૩- ઉક્ત પ્રકાર પ્રશ્ન વગેરે દ્વારા સત્સંગ કરવાથી જ્યારે મંદિરના મહંત દ્વારા કોઈ ઉત્તર ન મળ્યો, ત્યારે અશાંતિ મહેસૂસ કરવાના કારણે સદ્‌ગુરુ સ્વરૂપ મંદિરનો સત્સંગ છોડીને આગળ વધ્યા. ત્યારબાદ તેમને સાંભળવામાં આવ્યું કે ગામમાં પ્રસિદ્ધ એક ડિંભધારી (આડંબરી) સંન્યાસીનું તે ક્ષેત્રમાં બહુમાન કરવામાં આવે છે. તે દત્તાત્રયના ધર્મનું →

પ્ર. ૪- બાહ્યાભિચારી આડંબરયુક્ત સંન્યાસીની સાથે સત્સંગ ર્ક્યા પછી શ્રી દેવચંદ્રજી બ્રહ્મતત્ત્વની ખોજ કરતાં-કરતાં ક્યાં પહોંચ્યા ?

ઉ. ૪- બાહ્યાભિચારી આડંબરયુક્ત ડિંભધારી સંન્યાસીની સાથે સત્સંગ કરીને આશીર્વાદ લીધા પછી સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી જ્યારે આગળ વધ્યા, તો →

❖ કચ્છમાં ખોજ ❖

→ **પરમેશ્વર ?''** નો જવાબ પ્રાપ્ત કરવા માટે સર્વપ્રથમ કચ્છ દેશના એક દેવાલયમાં પહોંચ્યા. ત્યાંના વિદ્વાન મહંતની આગળ પોતાનો તે પ્રશ્ન રાખી દીધો ત્યારે તેમને પોતાના મંદિરમાં પધરાવેલી મૂર્તિની તરફ ઈશારો કરતાં કહ્યું કે અમે તો એમને જ પરમાત્મા-પરમેશ્વર માનીએ છીએ. અતઃ તે તત્ત્વને ગહનથી જાણવા માટે સદ્‌ગુરુ સ્વરૂપ તેમની સાથે સત્સંગ કરવા લાગ્યા.

→ જીવનમાં વિભિન્ન પ્રકારની દેવીઓની પ્રતિમારૂપી પરમેશ્વર સિવાય બીજું કોઈ મુક્તિદાયિની ન હતું. તેમનું કહેવું હતું કે અગર જો તમને મુક્તિની ચાહના છે, તો એમને પૂજો. આ દેવાલયમાં શ્રી દેવચંદ્રજી આઠ મહિના દસ દિવસ રહ્યા. ત્યાં કશુંય પ્રાપ્ત ન થવાથી તે તેમને છોડીને આગળ વધ્યા.

→ પાલન કરતાં હતા. તેમનું કહેવું હતું કે તે પરમાત્માના વિષયમાં બધું જ જાણે છે. તેથી પરમાત્મા-પરમતત્ત્વને જાણવાની જિજ્ઞાસાથી સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી તે સંન્યાસીથી દીક્ષામંત્ર લઈને તેમની સાથે સત્સંગ કરવા લાગ્યા. અહીંયા તેઓએ અષ્ટાંગયોગ ભક્તિની સાધના પણ કરી. અહીં સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી ત્રણ મહિના રહ્યા. ત્રણ મહિના સુધી સત્સંગ કર્યા પછી પણ જ્યારે તેમને આત્મસંતોષ ન થયો, ત્યારે તેમનાથી આશીર્વાદ લઈને સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી આગળ વધ્યા.

→ ગામમાં જ તેમને એક વાત સાંભળવા મળી કે આ ડિંભધારી સંન્યાસી તો માત્ર ગામ પ્રસિદ્ધ છે. કિંતુ ગામમાં જ એક કનફટે યોગી રહે છે, જે હોનહાર રાજગુરુ છે. આ વાત સાંભળતાં શ્રી દેવચંદ્રજી તે રાજગુરુ કનફટે યોગીની પાસે એ વિચારીને પહોંચી ગયા કે એમની પાસે કદાચ પરમતત્ત્વ વિષય કંઈ તો જ્ઞાન હશે.

પ્ર. ૫- તે કનફટે યોગી કેવા હતા? તેમની સાથે સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ કેટલો સમય સુધી સત્સંગ કર્યો અને શું પામ્યા?

ઉ. ૫- તે કનફટે યોગી તો રાજગુરુ હતા. પૂરા કચ્છ દેશ સહિત ત્યાંના રાજા પણ તેમને પોતાના ગુરુ માનતા હતા. અતઃ સદ્‌ગુરુ સ્વરૂપ તેમની સાથે સત્સંગ કરવા જતાં રહ્યા. તેમની આગળ પણ સદ્‌ગુરુ સ્વરૂપે એ જ પ્રશ્ન →

પ્ર.૬- વૈરાગી કાપડી સાધુઓની સાથે સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી કેટલો સમય સુધી સત્સંગ-ખોજ કરતાં રહ્યા? એ સાધુ કેવા હતા?

ઉ. ૬- રાજગુરુ કનફટે યોગીથી વિદાય લઈને સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી વૈરાગી કાપડી સાધુઓની પાસે પહોંચી ગયા, ત્યાં પણ તેઓએ તે જ પ્રશ્ન રાખ્યો અને સત્સંગ કરવા લાગ્યા. થોડા દિવસોમાં સદ્‌ગુરુ સ્વરૂપે જાણ્યું કે એ →

પ્ર. ૭- કોનો સત્સંગ કર્યા બાદ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી મુલ્લાથી સત્સંગ કરવા પહોંચ્યા?

ઉ. ૭- વૈરાગી કાપડી સાધુઓની વિચિત્ર લીલા જોતાં, એમાં તે પરમતત્ત્વ વિષય કશુંય નથી, એવું વિચારીને તે જગ્યાને છોડીને સદ્‌ગુરુ સ્વરૂપ આગળ વધી જ રહ્યા હતા કે રસ્તામાં એમની નજર એક દેવાલય તરફ, જ્યાં બહુ જ ભીડ લાગી હતી. ત્યાં જઈને સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ જોયું →

પ્ર. ૮- મસ્જિદમાં જઈને શ્રી દેવચંદ્રજીએ મુલ્લાની સાથે કેટલાં સમય સુધી સત્સંગ કર્યો અને શું પ્રાપ્ત કર્યું?

ઉ. ૮- હિંગળાજ દેવીના દેવાલયથી નીકળીને સદ્‌ગુરુ સ્વરૂપ આગળ વધી જ રહ્યા હતા કે તેમના કાનમાં **'લા ઈલાહ ઈલ્લુલ્લાહ'** આ રીતે મુસલમાનોની →

→ મૂક્યો કે **''जिन सबको पैदा किया, वह कहाँ है परमेश्वर?''** આ પ્રમાણે રાજગુરુ કનફટે યોગીની સાથે સદ્‌ગુરુ સ્વરૂપે ચાર મહિના સત્સંગ કર્યો અને જાણ્યું કે જ્ઞાન વિષયમાં તો એમની પાસે ડિંભધારી સંન્યાસી જેટલું પણ નથી. અતઃ ચાર મહિના તેમની સાથે સત્સંગ કર્યા પછી સદ્‌ગુરુ સ્વરૂપ તેમને છોડીને પણ આગળ નીકળી પડયા.

→ વૈરાગી કાપડી સાધુઓની દિનભરની લીલા તો એક છે, કિંતુ રાતની લીલા તો બીજી જ છે. એ સાધુ તો સ્વતઃ જ ઈન્દ્રિયોના પ્રત્યે મોહિત હતા, તો તે ઈન્દ્રિયોને પોતાના વશમાં કેવી રીતે કરી શકતા હતા. અતઃ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ સાધુઓની પાસે માત્ર પાંચ દિવસ રહ્યા અને એમની જાણકારી પ્રાપ્ત થતાં જ ત્યાંથી નીકળી ગયા.

→ અને પૂછ્યું કે આ કોનું મંદિર છે? ત્યારે તેમને જવાબ મળ્યો કે ''આ દેવાલય હિંગળાજ દેવીનું છે. સંસારમાં માનવાત્માઓને ચાર પદાર્થો દ્વારા રિદ્ધિ-સિદ્ધિરૂપી મુક્તિ આપવાવાળી આ જ એક માત્ર દેવી છે. અગર જો ''તમને મુક્તિ જોઈએ, તો એને ભજો'', ત્યારે આ દેવીના દેવાલયમાં સદ્‌ગુરુ સ્વરૂપે પંદર દિવસ સુધી સત્સંગ કર્યો. ત્યારબાદ તે મસ્જિદમાં મુલ્લાની સાથે સત્સંગ કરવા લાગ્યા.

→ કલમારૂપી બાંગનો અવાજ સંભળાયો ત્યારે એમની પાસે શું છે? એ જાણવા માટે સદ્‌ગુરુ સ્વરૂપ મસ્જિદમાં મુલ્લાથી સોબત (સત્સંગ) કરવા પહોંચી ગયા. તેમની સાથે એક મહિના સુધી સત્સંગ કરવાથી પણ કંઈ જ પ્રાપ્ત ન થવાથી તેમનું ચિત્ત વધારે ઉદાસ થઈ ગયું અને તે તે પરમતત્ત્વની ખોજના માટે વધારે આગળ વધવા લાગ્યા.

પ્ર. ૯- અનેક વેશોમાં સુસજ્જિત બ્રાહ્મણોના 'વેદભવન'માં પહોંચીને સદ્‌ગુરુ સ્વરૂપે શું વિચાર્યું અને કેટલાં સમય સુધી વેદોનું અધ્યયન કર્યું ?

ઉ. ૯- અનેક વેશોમાં સુસજ્જિત બ્રાહ્મણોના 'વેદભવન' માં પહોંચીને સદ્‌ગુરુ સ્વરૂપને લાગ્યું કે જેટલાં પણ ધર્મ તેમજ સંપ્રદાય છે, તે બધા પોત-પોતાના ધર્મોને વેદોના પ્રમાણોની સાક્ષી આપીને શ્રેષ્ઠ બતાવે છે, તો →

પ્ર. ૧૦- અત્યારે આ વખતે સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીને બરાતથી વિદાય થઈને ખોજ કરવા નીકળે કેટલાં સાલ થઈ ચૂક્યા છે ?

પ્ર. ૧૧- કચ્છ દેશમાં ખોજ કરતાં-કરતાં અંતમાં 'વેદભવન' થી વેદ અધ્યયન (અભ્યાસ) કરીને નીકળ્યા પછી સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીને શું થવા લાગ્યું ? પુનઃ તે રાજધાની ભુજનગર ક્યારે આવી પહોંચ્યા ? આ સમયે તેમની ઉંમર કેટલી છે ?

ઉ. ૧૧- ઉક્ત પ્રકાર સાત-સાત સ્થાનોમાં જઈને તે પરમેશ્વર-પરમાત્મા અથવા →

પ્ર. ૧૨- કચ્છ દેશની રાજધાની ભુજનગરમાં કોણ રહેતાં હતા ? તે કયા ધર્મના અને કેવા અનુયાયી હતા ?

ઉ. ૧૨- કચ્છ દેશની રાજધાની ભુજનગરમાં ગુરુ શ્રી હરિદાસજી રહેતાં હતા. →

પ્ર. ૧૩- ગુરુ હરિદાસજી કયા ભાવથી તથા કોની મૂર્તિની સેવા કરતાં હતા ?

પ્ર. ૧૪- તેમનામાં બાંકે બિહારી અને બાલમુકુંદની મૂર્તિની સેવાને લઈને કેવો ભાવ અને લગન હતી ?

ઉ. ૧૪- ગુરુ હરિદાસજીમાં પોતાના ઈષ્ટની મૂર્તિઓ-બાંકે બિહારી અને બાલમુકુંદના પ્રત્યે પથ્થરની મૂર્તિની ભાવના ન હતી. તે તો નિત્ય- →

➞ કેમ ન જાણીએ કે વેદોમાં શું છે ? અતઃ તેઓએ વિચાર્યું કે કેમ હું પણ વેદનું અધ્યયન ન કરું ? એ નિશ્ચિત કરીને તે વેદોનું અધ્યયન કરી પરમાત્મા તત્ત્વની ખોજમાં લાગી ગયા. આ પ્રમાણે સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ 'વેદભવન' માં રહીને લગભગ બે સાલ સાત મહિના સુધી વેદ-શાસ્ત્ર, પુરાણોનું (શ્રુતિ-સ્મૃતિ માર્ગનું) અધ્યયન કર્યું.

ઉ. ૧૦- અત્યારે આ વખતે સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીને બરાતથી વિદાય લઈને ખોજ કરવા નીકળે પૂરા ચાર સાલ થઈ ચૂક્યા છે.

➞ બ્રહ્મતત્ત્વ વિષયક વિભિન્ન મત-મતાંતરોની માન્યતાઓને સાંભળીને સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીની આત્મામાં શાંતિના બદલામાં વધારે ક્રાંતિ મચી ગઈ. ત્યારે તેમને ચાર સાલ બાદ કચ્છ દેશની રાજધાની ભુજનગરમાં વિરાજમાન ગુરુ શ્રી હરિદાસજીની યાદ આવી, જેમની પાસે તે બચપણમાં એકવાર પિતાજી સાથે ગયા હતા. આ સમયે તેમની ઉંમર એકવીસ વર્ષ છે.

➞ તે ગૃહસ્થી હતા તથા રાધાવલ્લભ સંપ્રદાયના સાચા અનુયાયી હતા. તે મોટા વિદ્વાન પણ હતા તથા આતિથ્ય સત્કારમાં હંમેશાં તત્પર (તૈયાર) રહેતાં હતા.

ઉ. ૧૩- ગુરુ હરિદાસજી સખી ભાવથી શ્રી કૃષ્ણના બાલ અને કિશોર સ્વરૂપ (જે બાંકે બિહારીના નામથી લોકપ્રિય છે) ની સેવા કરતાં હતા.

➞ નિરંતર તે મૂર્તિઓની સાક્ષાત્ પોતાના જેવા ચેતન સ્વરૂપ જાણીને સાચા આત્મીય ભાવ અને લગનની સાથે સેવા કરતાં હતા. શરીરને ભલે કોઈપણ પ્રકારની કસોટી કેમ ન હોય, કિંતુ તે સેવા-પૂજા બહુ જ પવિત્રતાથી કરતાં હતા.

પ્ર. ૧૫- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી ગુરુ હરિદાસજીથી ક્યારે અને કેવી રીતે મળ્યા ?

ઉ. ૧૫- સદ્‌ગુરુ સ્વરૂપની કચ્છની ચાર સાલની ખોજ પૂરી થયા પછી પણ તેમના દિલ-દિમાગમાં શાંતિના બદલે ક્રાંતિ જ મચી (ઉમળી) રહી હતી. અતઃ પોતાના ક્રાંતિમય દિલ-દિમાગ સહિત સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી ભુજનગર રહેતાં ગુરુ હરિદાસજીની ઘેર આવી પહોંચ્યા અને એ બંને ચંદ્ર-ચકોરની જેમ એકબીજાને જોતાં રહી ગયા. તત્પશ્ચાત ગુરુ હરિદાસજીએ શ્રી દેવચંદ્રજીને પૂછ્યું **''તમે આટલાં સમય સુધી ક્યાં** →

પ્ર. ૧૬- ગુરુ હરિદાસજી સચવટીપૂર્વક શ્રી બાંકે બિહારી અને બાલમુકુંદજીની સેવા ઋતુ પ્રમાણે કેવી રીતે કરતાં હતા ?

ઉ. ૧૬- ગુરુ હરિદાસજી શ્રી બાંકે બિહારી અને બાલમુકુંદજીમાં મૂર્તિનો ભાવ રાખતાં નહોતા. તે તો એ સ્વરૂપોને સાક્ષાત્ સશરીર ચેતનયુક્ત માનીને પોતાના આત્મકલ્યાણર્થ સખી ભાવથી તેમની સેવા કરતાં હતા. ત્રણ વર્ષના બાળકને કયા સમયે શું જોઈએ, એમનું ધ્યાન જેવી રીતે એક માતા રાખે છે, તેવી રીતે બંને સ્વરૂપોનું ત્રણ સાલના બાળકની જગ્યામાં →

પ્ર. ૧૭- 'યહ સચવટી દેખ કે' અર્થાત્ કોની સચવટી, કોણે જોઈ અને શું વિચાર ક્યો ?

ઉ. ૧૭- 'ગુરુ હરિદાસજીની બાલમુકુંદ અને બાંકે બિહારીની મૂર્તિની સેવા જોઈને સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીના મનમાં અત્યંત શાંતિ મહસૂસ થઈ અને તે વિચારવા લાગ્યા કે ગુરુજી જે ભાવના તથા શ્રદ્ધા-વિશ્વાસથી →

પ્ર. ૧૮- ''ઈનકી મૈં સેવા કરોં'' - એવું કોને અને કોની સેવા કરવાના પ્રત્યે વિચાર્યું તથા કેમ ? સ્પષ્ટ કરો.

ઉ. ૧૮- **''ઈનકી મૈં સેવા કરોં''**-એવું સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ ગુરુ હરિદાસજીની →

→ **ભટકી રહ્યા હતા ?''** બરાતની સાથે ઘેરથી ભાગી ગયા તમને કેટલાં વર્ષ થઈ ચૂક્યા છે ? શું તમે ઘરમાં કોઈ ખબર આપી અથવા ચિઠ્ઠી લખી ?'' ત્યારે સદ્‌ગુરુએ કહ્યું ''ઘરની મને ક્યારેય યાદ આવી હોત તો તે હું ઘરમાં ખબર આપતો અથવા ચિઠ્ઠી લખતો ! મને તો ક્યારેય તેમની યાદ જ નથી આવી. મારાથી મોટી ભૂલ થઈ.'' ત્યારે તુરંત હરિદાસજીએ તેમનાથી ચિઠ્ઠી લખાવી ઉમરકોટ રહેતાં તેમના માતા-પિતા કુંવરબાઈ અને મતુ મહેતાની પાસે મોકલાવી દીધી. હવે સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી હરિદાસજીની સાથે સત્સંગ કરવા લાગ્યા.

→ રાખીને સ્વયં માની સ્થાનમાં થઈને સેવા કરતાં હતા. પુનઃ જ્યારે ગરમીની ઋતુ હોય, તો દરેક પ્રકારથી ઠંડક પહોંચે અને ઠંડીની ઋતુમાં વસ્ત્ર-કપડાં, જળ વગેરે ગરમ કરીને ગરમી પહોંચાડવાનો ઈલાજ કરતાં હતા. ઋતુ બદલાય તે પહેલાં જ અટકળ (અનુમાન) લગાડીને સાવચેત થઈને બહુ પ્રેમથી હવે આવવાવાળી ઋતુમાં શું-શું વસ્તુઓ જોઈશે, એ ધ્યાનમાં લઈને પહેલેથી જ મિલાવી રાખવાની સેવા તત્પર થઈને કરતાં હતા, શારીરિક પવિત્રતા માટે ભલે દિનમાં બે ચારવાર નહાવું પડે, પરંતુ નિયમ ભંગ થવા દેતાં નહોતા.

→ અત્યંત લગનપૂર્વક એવી સાચી સેવા કરી રહ્યા છે', આવી સાચી સેવા કરવાવાળા તો દુનિયામાં લાખો-કરોડોમાંથી એકાદ યદા-કદા (ક્યારે-ક્યારે) જ મળે છે. અતઃ ગુરુ હરિદાસજીની મૂર્તિ સેવાની આવી સચવટી જોઈને સદ્‌ગુરુ સ્વરૂપ શ્રી દેવચંદ્રજી મનોમન ગુરુ હરિદાસજીની સેવા કરવાનો વિચાર કરવા લાગ્યા.

→ સેવા કરવાના પ્રત્યે વિચાર્યું કેમ કે ગુરુ હરિદાસજીની સેવાની સચવટી જોઈને સદ્‌ગુરુ સ્વરૂપને એ વિશ્વાસ થઈ ગયો કે તેમને આત્મ-પરમાત્મા સંબંધી જેટલું પણ જ્ઞાન-સમજ, દર્શન-પર્શન મળ્યું છે, તે બધું એમનાથી જ મળ્યું છે. તેથી એમની સેવા મારે જરૂર કરવી છે.

પ્ર. ૧૯- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી તો અહીં ગુરુ હરિદાસજીની સેવામાં લાગી ગયા, પરંતુ ત્યાં મતુ મહેતાની શું હાલત છે ?

ઉ. ૧૯- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી તો ત્યાં બ્રહ્મતત્ત્વની પ્રાપ્તિ હેતુ ગુરુ હરિદાસજીની સેવામાં લાગી ગયા, કિંતુ ત્યાં ઉમરકોટમાં જ્યારે શ્રી દેવચંદ્રજીની હસ્તાક્ષરયુક્ત ચિઠ્ઠી પહોંચી, ત્યારે પિતા મતુ મહેતાએ કુંવરબાઈને પહેલાં →

પ્ર. ૨૦- 'બેજાર હુએ તબ' અર્થાત્ કોણ બેજાર થયા અને કેમ ?

ઉ. ૨૦- **'બેજાર હુએ તબ'** અર્થાત્ પિતા મતુ મહેતા પોતાના પુત્ર શ્રી દેવચંદ્રજીને ઘેર લઈ જવા માટે ઉમરકોટથી કચ્છ-ભુજનગર ગુરુ હરિદાસજીની પાસે દોડીને પહોંચ્યા. પરંતુ દેવચંદ્ર તો પિતા મતુ મહેતાની પાસે →

પ્ર. ૨૧- જ્યારે મતુ મહેતા શ્રી દેવચંદ્રજી પ્રત્યે બેજાર (પરેશાન) થઈને ગુરુ હરિદાસજીના શરણમાં આવ્યા, ત્યારે ગુરુ હરિદાસજીએ તેમને શું સલાહ આપી ?

ઉ. ૨૧- જ્યારે પિતા મતુ મહેતા શ્રી દેવચંદ્રજીને સમજાવીને પોતાના બનાવવા કોશિશ કરવા લાગ્યા, કિંતુ તે હાથમાં જ ન આવ્યા, ત્યારે બેજાર (હેરાન) થઈને પિતા મતુ મહેતા ગુરુ હરિદાસજી પાસે આવ્યા અને ચરણ પકડીને રડતાં-રડતાં તેઓએ પોતાના દિલનું દર્દ ગુરુજી પાસે રાખ્યું અને પૂછ્યું ''ગુરુજી ! હવે હું શું કરું ?'' તેમની બધી વાતો સાંભળ્યા પછી ગુરુ હરિદાસજી તેમને સમજાવતાં બોલ્યા, ''જુઓ ! હું આપના કહેવાથી કોઈપણ પ્રકારથી દેવચંદ્રને સમજાવીને અત્યારે તમારી સાથે ઘેર જવા મનાવી પણ લઉં અને તે મારા વચનનું પાલન કરવા →

પ્ર. ૨૨- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ ગુરુ હરિદાસજીની કોણ-કોણ સેવા કરી ?

ઉ. ૨૨- સર્વપ્રથમ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ બાલમુકુંદ અને બાંકેબિહારીજીની →

→ બોલેલાં જૂઠનો ખુલાસો કરતાં બતાવ્યું કે ''વાસ્તવમાં શ્રી દેવચંદ્ર તો હવે ચાર સાલ બાદ ગુરૂ હરિદાસજીની ત્યાં આવી પહોંચ્યા છે. અતઃ હું તેમને ઘેર પાછાં લઈ આવવા કચ્છ-ભુજનગર જઈ રહ્યો છું.'' એવું કહીને પિતા મતુ મહેતા શ્રી દેવચંદ્રજીને ઘેર પાછાં લઈ આવવા માટે અત્યંત હરખથી આનંદપૂર્વક ઉમરકોટથી કચ્છ-ભુજનગર ગુરુ હરિદાસજીની પાસે દોડી ગયા તથા પાંચમા દિવસે ભુજનગર આવી પહોંચ્યા.

→ આવવા માટે પણ તૈયાર નહોતા. દૂર-દૂર જ ભાગતાં હતા. તેમના આવા વ્યવહારને જોઈને પિતા મતુમહેતાને લાગ્યું કે ''હવે તો એમનામાં પહેલાંથી પણ બહુ પરિવર્તન આવી ગયું છે. એ તો વૈરાગ્ય માર્ગમાં બહુ જ આગળ વધી ગયા છે. હવે એ અમારા હાથમાં કેવી રીતે આવશે ?'' આ વિચારીને મતુ મહેતા બેજાર (હેરાન-પરેશાન) થઈ ગયા.

→ માટે અત્યારે તમારી સાથે ઘેર ચાલી પણ જાય, કિંતુ ઘેર પહોંચીને પહેલાંની જેમ જ અગર જો તે ફરી ભાગી જશે, તો ન તમારા હાથમાં આવી શકશે અને ન મારા ! તેથી એવું કરવાથી તો સારું, હું તમને એક સલાહ આપું છું'', તમે બંને પતિ-પત્ની ઉમરકોટના બદલે અહીં ભુજનગર આવીને રહો. તમારો ધંધો એને એ જ રહેશે. અત્યારે તમે ઉમરકોટ રહેતાં સોદાગરના જાનવર અહીંથી ત્યાં લઈ જઈને વેચો છો તેની બદલે તમે તે જ જાનવર અહીંથી ત્યાં લઈ જઈને વેચજો. અહીં રહેવાના સ્થાનની પણ ફિકર કરવાની જરૂર નથી. મારું એક મકાન ખાલી પડ્યું છે. તેમાં આવીને રહો. એવું કરશો તો તમે ત્રણેય જણ એક સાથ રહી શકશો. અન્ય તો કોઈ ઉપાય જોવામાં આવતો નથી.'' ગુરુ હરિદાસજી દ્વારા આપેલી સલાહ મતુ મહેતાને ગમી અને ગુરુજીની આજ્ઞા શિરોધાર્ય કરીને તે ઉમરકોટ પાછાં ગયા.

→ સેવામાં લાગવાવાળા પાત્રને સાફ કરવાની, તેમને સજાવી રાખવાની તથા ફૂલોના હાર ગૂંથવાની સેવા હાથમાં લીધી, જે ગુરુજી શ્રી હરિદાસજી કરતાં હતા. ગુરુ શ્રી હરિદાસજીને જ્યારે આ વાતની ખબર પડી, તો →

→ તેઓએ તુરંત જ તે સેવાઓ છોડાવી દીધી અને તેમને કહ્યું કે, ''હે દેવચંદ્ર! તમે પોતાના અધ્યયન, ભણવા-લખવામાં જ સમય આપો એવી સેવાઓ તો બધા કરી શકે છે.'' ગુરુજીએ ના પાડવાથી દેવચંદ્રજીએ તે સેવાઓ છોડી દીધી અને ગુરુ શ્રી હરિદાસજી દિનભર જ્યાં-જ્યાં ચાલતાં-ફરતાં હતા, તે રસ્તા પર ઝાડુ લગાડવાની સેવા પકડી લીધી, જેનાથી ચાલતાં-ફરતાં વખતે ગુરુજીના ચરણોમાં કાંકરા વગેરે ન ચૂભે. આ સેવા પણ થોડા જ દિવસ કરી શક્યા હતા કે અચાનક એક →

પ્ર. ૨૩- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીની સાચી સેવા અને ભાવ તથા અધ્યયનની લગનને જોઈને ગુરુ હરિદાસજીએ તેમને શું આપવાનું નક્કી કર્યું ?

ઉ. ૨૩- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીની સાચી સેવા અને ભાવ તથા કથા-ચર્ચાનું →

પ્ર. ૨૪- આ સમયે પિતા મતુ મહેતા અને માતા કુંવરબાઈ ક્યાં છે અને શું વિચાર કરી રહ્યા છે ?

ઉ. ૨૪- માતા-પિતા કુંવરબાઈ અને મતુ મહેતા ગુરુ હરિદાસજીની આજ્ઞા-શિરોધાર્ય કરીને બંને ઉમરકોટ છોડીને ભુજનગર આવી ગયા અને હરિદાસજી દ્વારા આપેલાં ઘરમાં મહેમાનના રૂપમાં રહેવા લાગ્યા. →

પ્ર. ૨૫- 'એક દિલમેં લિયા દિન' અર્થાત્ શુભ મુહૂર્ત નિશ્ચિત કરીને કોણે-કોણે શું-શું વિચાર કરીને કયા-કયા કાર્ય કરવા માટે કમર બાંધી ?

ઉ. ૨૫- **'એક દિલમેં લિયા દિન'** અર્થાત્ ગુરુ હરિદાસજીએ શ્રી દેવચંદ્રજીને આધ્યાત્મિક માર્ગનું 'નામ સુમિરન' આપીને આત્મીય સંબંધમાં બાંધવા માટે જે શુભ દિન નિશ્ચિત કર્યો હતો, તેમના માતા-પિતા પણ તેમને →

પ્ર. ૨૬- ગુરુ હરિદાસજીએ આત્મીય કાર્ય હેતુ શુભ મુહૂર્તના દિવસે શ્રી દેવચંદ્રજીને શું કરીને આવવાનું કહ્યું ?

→ દિવસ ગુરુ હરિદાસજીને ખબર પડી ગઈ. ત્યારે ખબર પડતાં જ તેઓએ એ સેવા પણ છોડાવી દીધી અને ના પાડતાં સમજાવવા લાગ્યા. ''હે દેવચંદ્ર! તમે રાતદિવસ અધ્યયનમાં જ મન લગાવો. તમારે બીજું કંઈ પણ કરવાની જરૂરત નથી. તમે માત્ર મહેનત અને લગનથી ધ્યાન દઈને અધ્યયન કરો. એ જ મારી સાચી સેવા છે.'' કિંતુ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી વિચારવા લાગ્યા, ''એ તો મારો સ્વાર્થ છે, એનાથી ગુરુજીની સેવા કેવી રીતે થઈ શકે છે?'' તેથી એ વિચાર કરીને ગુરુ મંદિરની પરિક્રમા કરવાની સેવા પકડી લીધી.

→ શ્રવણ, મનન તથા અધ્યયનની લગનને જોઈને ગુરુ હરિદાસજીએ તેમને 'નામ સુમિરન' આપવાનો અને પોતાના શિષ્ય બનાવવાનું નક્કી કર્યું.

→ ત્યારથી શ્રી દેવચંદ્રજી ગુરુ હરિદાસજીના ઘરના દાણા ન ખાઈને પોતાના ઘરના દાણા ખાતાં ગુરુ હરિદાસજીના ઘેર આવવા લાગ્યા અને અધ્યયન-મનન કરવા લાગ્યા. પરંતુ પુત્રને સંસારના પ્રતિ પ્રતિદિન વિરક્ત થતાં જોઈને પિતા મતુ મહેતા અને માતા કુંવરબાઈ તેમને સાંસારિક કર્મબંધનમાં બાંધી દેવાનો વિચાર કરવા લાગ્યા.

→ ભૌતિક માર્ગના શારીરિક સંબંધમાં બાંધવા માટે તે જ દિવસ નિશ્ચિત કરી તત્પર થઈને બેઠાં હતા. આ પ્રકાર ગુરુ તેમજ માતા-પિતા બંનેય શ્રી દેવચંદ્રજીને પોત-પોતાના માર્ગમાં પ્રવૃત્ત કરવાના હેતુ એક જ દિવસ નિશ્ચિત કરી કમર બાંધીને તૈયાર હતા. અતઃ બંનેય પક્ષોના શુભ મુહૂર્ત એક જ દિવસ હતો.

ઉ. ૨૬- ગુરુ હરિદાસજીએ આત્મીય કાર્ય હેતુ શુભ મુહૂર્તના દિવસે આવતાં સમયે શ્રી દેવચંદ્રજીને ભદ્ર (કલ્યાણકારી) વેશ ધારણ કરીને આવવાનું કહ્યું કેમ કે તે તેમને 'નામ સુમિરન' આપવા જતાં હતા.

પ્ર. ૨૭- નામ સુમિરન આપવાના પહેલાં શ્રી દેવચંદ્રજીને ગુરુ હરિદાસજીએ શું પૂછ્યું ?

ઉ. ૨૭- નામ સુમિરન આપવાના પહેલાં ગુરુ શ્રી હરિદાસજીએ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીને પૂછ્યું, ''શું તમે આનાથી પહેલાં કોઈપણ મંત્ર લીધો છે ?'' સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી જવાબ આપતાં બોલ્યા, ''હા ! મેં આનાથી પહેલાં એક સંન્યાસીથી મંત્ર લીધો હતો.'' ત્યારે ગુરુ શ્રી હરિદાસજીએ તેમને કહ્યું, ''અગર જો એવું છે, તો તે મંત્ર એક કાગળમાં લખીને તે કાગળ રોટલીમાં ચોંટાડીને તે સંપ્રદાયના કોઈ ભક્તને આપી દેવો.'' ગુરુ હરિદાસજીની વાતો સાંભળીને સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ તેમને કહ્યું, ''હે →

પ્ર. ૨૮- શ્રી દેવચંદ્રજી દ્વારા મંત્ર વિષયક કહેલાં ઉક્ત વિવેચનને સાંભળીને ગુરુ હરિદાસજીએ શું કહ્યું ?

ઉ. ૨૮- ઉક્ત પ્રકાર મંત્રની શક્તિના વિષયમાં શ્રી દેવચંદ્રજીના મહત્ત્વપૂર્ણ વિવેચનને સાંભળી ગુરુ હરિદાસજી શ્રી દેવચંદ્રજીના પ્રત્યે અત્યંત પ્રસન્ન થયા અને શ્રી દેવચંદ્રજીને પ્રાપ્ત વસ્તુ-વિષયક વિવેચનની શક્તિને →

પ્ર. ૨૯- શ્રી બાલમુકુંદ તથા બાંકે બિહારીની મૂર્તિઓની સમક્ષ દીક્ષા આપવા બેઠેલાં ગુરુ હરિદાસજીએ ઉક્ત સ્વરૂપોને બતાવતાં શ્રી દેવચંદ્રજીને શું કહ્યું ? અર્થાત્ ઉક્ત સ્વરૂપોને કઈ રીતે તથા કયા પ્રકારની ભાવનાથી ભજવા અને ધ્યાન ધરવાનું કહ્યું ?

ઉ. ૨૯- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીની વિવેચન શક્તિની સરાહના કર્યા પછી ગુરુ હરિદાસજીએ શ્રી દેવચંદ્રજીને શ્રી બાલમુકુંદ તથા બાંકેબિહારી સ્વરૂપની →

પ્ર. ૩૦- ગુરુ હરિદાસજીએ શ્રી દેવચંદ્રજીને નામ સુમિરનના રૂપમાં કયો મંત્ર આપ્યો ?

→ ગુરુદેવ ! આપની એ વાત તો બાળકના ખેલ જેવી પ્રતીત થાય છે કેમ કે મંત્રમાં તો ઈષ્ટની શક્તિ સમાવિષ્ટ રહે છે. અતઃ આપ મને જે મંત્ર આપવા જઈ રહ્યા છો, અગર જો તેમાં સંન્યાસી દ્વારા આપેલાં મંત્રની અપેક્ષા (ઈચ્છા) શક્તિ વધારે છે, તો સંન્યાસી દ્વારા આપેલો મંત્ર પોતાની મેળે જ મારી અંદરથી ભાગી જશે. યદિ નહિ, આપના મંત્રમાં સંન્યાસી દ્વારા આપેલાં મંત્રની અપેક્ષા તુલના વધારે શક્તિ છે, તો રોટલીમાં ચોંટાડી આપવાથી તો શું, બીજું કંઈ પણ કરવાથી મારી અંદરથી તે મંત્ર કયારેય નહીં હટી શકે.'' શ્રી દેવચંદ્રજીના આ પ્રકારના વિવેચનને સાંભળીને ગુરુ હરિદાસજી અત્યંત પ્રસન્ન થયા.

→ પ્રભુ પરમાત્માની જ દેન (શક્તિ, તાકાત) સમજીને શ્રી દેવચંદ્રજીને બોલ્યા, ''હે દેવચંદ્ર ! આપની જેમ કોઈપણ વિષયમાં વિવેચન કરવાની શક્તિ અમને પ્રાપ્ત નથી. આપ તો ધન્ય-ધન્ય છો. તમારા માધ્યમથી પરમાત્માને કદાચ આગળ કશું કરાવવાનું હશે. આવી શક્તિ પરમાત્માની દેનથી જ પ્રાપ્ત થાય છે.''

→ મૂર્તિને આગળ રાખી આસન પર બેસી જવા માટે કહ્યું. જ્યારે તે બેસી ગયા, ત્યારે ગુરુ હરિદાસજીએ શ્રી બાલમુકુંદ તથા બાંકેબિહારીની મૂર્તિઓને બતાવતાં કહ્યું, ''આ બાંકેબિહારી સ્વરૂપ વૃંદાવનના કુંજ-નિકુંજ વનમાં વિહાર કરવાવાળા સ્વરૂપ છે. એમને પોતાના આત્માના પતિ માનીને સખી ભાવથી ભજવું. એમને પ્રત્યક્ષ ધણી સમજીને જ એમનું મનન-ચિંતન કરવું અને ધ્યાન ધરવું.''

ઉ. ૩૦- ગુરુ હરિદાસજી દ્વારા સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીને નામ સુમિરનના રૂપમાં આપેલો મંત્ર નિમ્નલિખિત છે. જેમ-

''ભજમન શ્રી વૃંદાવન, કુંજવિહારી નિત બિલાસ.''

પ્ર. ૩૧- જ્યારે શ્રી દેવચંદ્રજી ભદ્રવેશ ધારણ કરી મંત્ર-દીક્ષા લીધા પછી ઘેર આવ્યા, ત્યારે તેમના પિતા મતુ મહેતાએ શું કહ્યું અને પિતાજીની વાતો સાંભળીને શ્રી દેવચંદ્રજીએ પિતાજીને શું જવાબ આપ્યો ?

ઉ. ૩૧- જ્યારે સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી ભદ્રવેશથી સુસજ્જિત થઈને દીક્ષા-મંત્ર લીધા પછી પોતાની ઘેર આવ્યા, ત્યારે તેમનો તે વેશ જોઈને પિતાશ્રી મતુ મહેતા અત્યંત ક્રોધિત અને દુ:ખી થઈને બોલ્યા, ''અરે ! દેવચંદ્ર ! ! તું આજે આ કેવો વેશ બનાવીને આવ્યો છે ? આજ તો તારે સોળ →

પ્ર. ૩૨- શ્રી દેવચંદ્રજીનો શારીરિક વિવાહ થયો કે નહિ ? અગર જો થયો, તો કોનાથી ?

ઉ. ૩૨- ઉક્ત પ્રકારથી માતા-પિતા રડવા-કરવા લાગ્યા અને અનેકો ફિટકાર- →

પ્ર. ૩૩- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી પ્રતિદિન ગુરુ હરિદાસજીની સાથે ચોવીસ કલાકોમાંથી કેટલો સમય પસાર (વ્યતીત) કરતાં હતા અને ઘરમાં કેટલો સમય રહેતાં હતા ?

પ્ર. ૩૪- રાતના ત્રણ વાગે ઉઠીને શ્રી દેવચંદ્રજી ક્યાં જતાં અને શું કરતાં હતા ?

પ્ર. ૩૫- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી દ્વારા ગુરુ મંદિરની પરિક્રમા લગાવવાના વિષયની વાત ગુરુ હરિદાસજીને કેવી રીતે ખબર પડી ?

ઉ. ૩૫- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી પોતાના આત્મ-સાધન હેતુ પ્રતિદિન રાતના ત્રણ વાગ્યાથી સવારે છ વાગ્યા અર્થાત્ એક પ્રહર સુધી ગુરુ મંદિરની પરિક્રમા લગાડી રહ્યા હતા. એક દિવસ રાતના અચાનક ગુરુ →

→ શણગારથી સુસજ્જિત થવાનો દિવસ છે. તારી બુદ્ધિ તો ચૌદ લોકથી નિરાળી જ છે.'' આ રીતે તેમનો ભદ્રવેશ જોઈને પિતા મતુ મહેતા બહુ જ રડ્યા - તેમને કેટલાય ફિટકાર આપ્યા. ત્યારે શ્રી દેવચંદ્રજીએ કહ્યું, ''આપ લોકો આજે શું કરવા ચાહો છો ? હું વારંવાર જે વાત માટે ના પાડી રહ્યો છું, આપ લોકો તે જ કરવા માટે કમર કસીને પાછળ પડ્યા છો. **''मैं ब्याह करना था जिनसों, किया है तिन सों''** અર્થાત્ મારે જેનાથી વિવાહ કરવા હતા, હું તેનાથી કરીને આવ્યો છું.

→ ધિક્કાર પછી તે જ દિવસે સંધ્યાના સમયે ખટપટમાં જ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીનો શારીરિક વિવાહ ધામની જ એક સુશીલ આત્મા લીલબાઈ સાથે વિધિપૂર્વક સંપન્ન થયા.

ઉ. ૩૩- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી પ્રતિદિન ચોવીસ કલાકમાંથી ગુરુ હરિદાસજીની સાથે મનન-ચિંતન, અધ્યયન તથા સેવા વગેરે કાર્યોમાં એકવીસ કલાક અર્થાત્ સાત પ્રહર વ્યતીત કરતાં હતા અને રાતના બાર વાગ્યાથી સવારે ત્રણ વાગ્યા સુધી અર્થાત્ એક પ્રહર ઘરમાં રહેતાં હતા.

ઉ. ૩૪- બ્રહ્મ મુહૂર્ત અર્થાત્ રાતના ત્રણ વાગે ઉઠીને સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી ગુરુ હરિદાસજીના મંદિર જતાં હતા અને ત્યાં જઈને આત્મ-સાધન હેતુ એક પ્રહર સુધી મંદિરની પરિક્રમા લગાવતાં હતા.

→ હરિદાસજીની ઊંઘ ખુલી (ઉઘડી) અને તે લઘુશંકા માટે ઊઠ્યા, તો તેઓએ જોયું કે એક વ્યક્તિ ઘરની ચારે બાજુ ગોળ-ગોળ ફરી રહ્યા છે. તેમને લાગ્યું કે કઈ આ ચોર-ડાકુ તો નથી તથા ચોરી કરવા માટે ઘરમાં ઘુસવાનો રસ્તો તો શોધી રહ્યા નથી ને ! ગુરુ હરિદાસજી તેમને કેટલીવાર સુધી ઊભા રહેવાની રાહ જોઈ રહ્યા. પણ જોતાં-જોતાં આશ્ચર્ય થયું કે એ તો ફરતાં જ રહે છે. ઘરમાં તો ઘુસતા જ નથી ! ત્યારે →

→ગુરુ હરિદાસજીએ બૂમ પાડીને (અવાજ દઈને) પૂછ્યું, ''અરે! તમે કોણ છો અને કેમ ચક્કર લગાવી રહ્યા છો?'' ત્યારે સામેથી અવાજ આવ્યો, ''હું દેવચંદ્ર છું '' ત્યારે ગુરુ હરિદાસજીએ દરવાજો ખોલ્યો અને પૂછ્યું, ''અરે દેવચંદ્ર! આજે આટલા જલ્દી કેમ આવી ગયા!''→

પ્ર. ૩૬- એક દિવસ જ્યારે ગુરુ હરિદાસજી અને શ્રી દેવચંદ્રજી સંભળાવવા - સાંભળવાની સેવામાં નિમગ્ન હતા, તે વખતે ''હરિદાસજી .... હરિદાસજી ..... હરિદાસજી .....'' એવો અવાજ આવ્યો, તે અવાજ દેવાવાળા કોણ હતા અને અવાજ કેમ દઈ રહ્યા હતા?

ઉ. ૩૬- એક દિવસ જ્યારે હંમેશાંની જેમ ગુરુ હરિદાસજી અને શ્રી દેવચંદ્રજી ભાગવતની ચર્ચા-કથા સાંભળવા અને સંભળાવવાના રસમાં નિમગ્ન હતા. તે વખતે અચાનક તેમને ''હરિદાસજી ..... ! ઓ હરિદાસજી!! એવા ઉતાવળા અવાજમાં એક જોરદાર અવાજ સંભળાયો, બંનેએ કથાથી ઉઠીને બહાર આવીને જોયું, તો એક માણસ તેમના ઘરના આંગણમાં અચેત અવસ્થામાં પડેલો હતો. તે બેભાન અવસ્થામાં પડેલાં માણસને ઘેરીને બીજા ચાર જણ ઊભા છે. ગુરુ હરિદાસજીના પૂછવાથી તે કહેવા લાગ્યા, ''એને વીંછીએ ડંખ મારી દીધો છે. તેથી આપ એનો કંઈક ઈલાજ→

પ્ર. ૩૭- ''દેવચંદ્રજી બડો મંત્ર હૈ, એ રાખોં તુમ્હારે તન''-એવું ક્યારે, કોણે, કોને અને કેમ કહ્યું ?

ઉ. ૩૭- **''દેવચંદ્રજી બડો મંત્ર હૈ, એ રાખોં તુમ્હારે તન''**-એ વાત ગુરુ હરિદાસજીએ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીને ત્યારે કહી, જ્યારે વીંછીના ડંખનું→

પ્ર. ૩૮- ગુરુ હરિદાસજીની ઉક્ત વાતો સાંભળીને શ્રી દેવચંદ્રજીએ શું જવાબ આપ્યો? પુનઃ શ્રી દેવચંદ્રજી દ્વારા કહેલાં વિવેચન પ્રત્યે ગુરુ હરિદાસજીએ શ્રી દેવચંદ્રજીને શું કહ્યું?

→ ત્યારે શ્રી દેવચંદ્રજીએ જવાબ આપ્યો, ''આજે સમયનું જ્ઞાન ન થયું'' ત્યારે ગુરુ હરિદાસજીએ કહ્યું, ''હાં ! ક્યારે-ક્યારે એવું થઈ જાય છે. આપણે સમજીએ કે સવાર થઈ ગઈ છે અને ઉઠી જઈએ છીએ. પરંતુ રાત બહુ જ બાકી હોય છે'' બંનેમાં માત્ર આટલી જ વાત થઈ.

→ કરો.'' હરિદાસજીએ જ્યારે પોતાની મૂછને હાથથી મરડી, ત્યારે તેમને ખબર પડી કે આ વ્યક્તિના સર્વાંગોમાં ઝેર ભરેલું છે. મંત્ર બોલીને બીજીવાર જ્યારે તેઓએ પોતાની મૂછને જોરથી મરડી ત્યારે અડધું ઝેર ઉતરી ગયું, તે જ પ્રમાણે ત્રીજીવાર ફરીથી મૂછ મરડતાં જ ઝેર બધુંય ઉતરી ગયું અને તે ભાઈ ઉઠીને બેસી ગયા. સાથે આવેલાં ચારે ય ભાઈઓએ ગુરુ હરિદાસજીને સાષ્ટાંગ પ્રણામ ર્ક્યા અને તેમના ગુણ ગાતાં બોલ્યા, ''આજે તમે માત્ર આ ભાઈની જ નહિ, પરંતુ પાંચ લોકોની આત્મરક્ષા કરી છે. અગર જો તે આજે મરી જાત, તો એમના ત્રણ બાળકો સહિત એમની પત્ની પણ મરી જાત. આપ તો ધન્ય-ધન્ય છે.'' આ પ્રમાણે ગુરુ હરિદાસજીના ગુણગાન કરતાં-કરતાં તે લોકો જતાં રહ્યા. વીંછીના ડંખ મારવાથી જે વ્યક્તિ મૃતતુલ્ય થઈને જમીન પર પડેલાં હતા, તે એક મુસલમાન હતા.

→ ઝેર ઉતારવા આવેલાં તે પાંચેય ભાઈ હરિદાસજીના ગુણગાન ગાતાં-ગાતાં પોતાની ઘેર પાછાં ગયા. ગુરુ હરિદાસજીએ શ્રી દેવચંદ્રજીને એ વાત એટલા માટે કહી હતી કેમ કે શ્રી દેવચંદ્રજી તેમના અતિ પ્રિય શિષ્ય હતા અને ગુરુ હરિદાસજી ચાહતા હતા કે શ્રી દેવચંદ્રજી પણ તે મંત્ર દ્વારા તેમની જ જેમ ભવિષ્યમાં પરમાર્થનું કાર્ય કરતાં રહે.

ઉ. ૩૮- ગુરુ હરિદાસજીની વીંછીનો ઝેર ઉતારવાના મંત્ર આપવાની ઈચ્છાના વિષયમાં સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ પોતાનો વિચાર પ્રગટ કરતાં કહ્યું, ''હે ગુરુદેવ ! આપને થોડા દિવસ પહેલાં જ મને જે મંત્ર આપ્યો હતો, →

→ તે મંત્ર કેવો છે ? તે મંત્ર તો જન્મના સમયે અને મરતી વખતે થવાવાળા લાખો વીંછીના ડંખ સદૃશ પીડાને નિર્મૂળ કરી તેનાથી બચાવીને અમને અખંડ સચ્ચિદાનંદમય સુખ આપવાવાળો છે અને તે જ મંત્ર મારા રોમ-રોમમાં વ્યાપક છે. હવે આ એક વીંછીના ડંખના દર્દથી બચાવવાવાળો મંત્રને હું ક્યાં રાખું ? શ્રી દેવચંદ્રજી દ્વારા મંત્ર વિષયક →

પ્ર. ૩૯- ''મૈં જાન્યા તુમ એક દિન, ભૂલ કે રાત કો આયે''-એવું કોણે, કોને, ક્યારે અને કેમ કહ્યું ? સ્પષ્ટ કરો.

ઉ. ૩૯- **''મૈં જાન્યા તુમ એક દિન, ભૂલ કે રાત કો આયે''**-એવું ગુરુ હરિદાસજીએ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીને કહ્યું. એક દિવસ જ્યારે શ્રી દેવચંદ્રજી પ્રતિદિનની જેમ રાતના ગુરુ હરિદાસજીના મંદિરની પરિક્રમા લગાવી રહ્યા હતા અને પહેલાંની જેમ ગુરુ હરિદાસજીથી પકડાઈ ગયા, તે વખતે ગુરુ હરિદાસજીએ ઉક્ત વચન કહ્યા. કેમ કે શ્રી દેવચંદ્રજીની →

પ્ર. ૪૦- ''મૈં તુમ્હેં દેઉઁ બાલમુકુંદ'' અર્થાત્ ગુરુ હરિદાસજીએ શ્રી બાલમુકુંદજીની મૂર્તિ શ્રી દેવચંદ્રજીને આપવાનો નિશ્ચય કેમ કર્યો ? એની પાછળ શું રહસ્ય છુપાયેલું હતું ? સ્પષ્ટ કરો.

ઉ. ૪૦- ગુરુ હરિદાસજી શ્રી દેવચંદ્રજીની પરિક્રમાની સેવા સહન કરી શકતા નહોતા. તેથી બહુ જ વિચાર-વિવેક કર્યા પછી ગુરુ હરિદાસજીએ શ્રી બાલમુકુંદજીની મૂર્તિ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીના જ ઘરમાં પધરાવવાનો અને તેમના દ્વારા →

પ્ર. ૪૧- જ્યારે શ્રી બાલમુકુંદજીને પોતાના જ ઘરમાં પધરાવવાની વાત શ્રી દેવચંદ્રજીએ સાંભળી, ત્યારે તેઓએ શું કહ્યું ?

ઉ. ૪૧- જ્યારે ગુરુ હરિદાસજીએ શ્રી બાલમુકુંદજીની મૂર્તિ શ્રી દેવચંદ્રજીના ઘરમાં →

પ્ર. ૪૨- ''જો આજ્ઞા તુમ્હારી હોય'' એવું કોણે કોને કહ્યું ?

→ આવું વિવેચન સાંભળીને ગુરુ હરિદાસજી કહેવા લાગ્યા, ''હે દેવચંદ્ર ! તમારા જેવી વિવેચન શક્તિ અને મંત્રના મહત્ત્વની વિશેષતા અમને ક્યાં પ્રાપ્ત છે ? તમારી પર પરમાત્માની બહુ કૃપા છે, જેના દ્વારા તમે વસ્તુનો યથાયોગ્ય વિવેચન કરી તેમના મહત્ત્વને પારખી શકો છો. મને ક્ષમા કરો.''

→ પરિક્રમા લગાવવાની આ સેવા ગુરુ હરિદાસજી સહન કરી શકતા નહોતા. એટલા માટે તેમને આ ચિંતાએ ચારે બાજુથી ઘેરી લીધા અને તે વિચારવા લાગ્યા કે દેવચંદ્રજીની એ પરિક્રમા કોઈપણ રીતે છોડાવી દઉં. પરંતુ કેવી રીતે ? કેમ કે શ્રી બાલમુકુંદ અને બાંકેબિહારીજીની પરિક્રમા બંધ કરાવી એ તો અપરાધ છે અને બાંકેબિહારીજીની પરિક્રમા ન રોકું, તો સાથે-સાથે મારી પણ પરિક્રમા થઈ રહી છે કેમ કે હું પણ તે જ મંદિરમાં છું. તેથી ''આગળ કૂવો, તો પાછળ ખાઈ'' ની સ્થિતિ આવી ગઈ.

→ ઘરમાં જ પરિક્રમા કરાવવાનો નિશ્ચય કર્યો, જેનાથી એ તો બચી શકશે. અતઃ એ વિચાર કરી તે શ્રી દેવચંદ્રજીને બોલ્યા, **''मैं तुम्हें देऊँ बालमुकुंद''** અર્થાત્ મેં શ્રી બાલમુકુંદજીની મૂર્તિ તમારા ઘરમાં જ પધરાવવાનો નિશ્ચય કર્યો છે, જેનાથી કે તમે તમારા ઘરમાં જ જેટલી ચાહો પરિક્રમા લગાવી શકો.'' શ્રી બાલમુકુંદજીની મૂર્તિ શ્રી દેવચંદ્રજીના ઘરમાં જ પધરાવી દેવાથી શ્રી દેવચંદ્રજી તે જ ઘરમાં રહીને પરિક્રમા કરે અને ગુરુ હરિદાસજી બચી જાય. એ કાર્યની પાછળ આ રહસ્ય હતું.

→ પધરાવવાની ઈચ્છા પ્રગટ કરી, ત્યારે તેમની એ ઈચ્છા સાંભળીને શ્રી દેવચંદ્રજીએ કહ્યું, ''આપની જેવી ઈચ્છા કેમ કે હું તો ''ગુરોરાજ્ઞા ગરીયસી'' માં જ પૂર્ણ વિશ્વાસ રાખું છું. આપની ઈચ્છા મને શિરોધાર્ય છે.''

ઉ. ૪૨- **''जो आज्ञा तुम्हारी होय''**-એવું શ્રી દેવચંદ્રજીએ પોતાના ગુરુ હરિદાસજીને કહ્યું.

પ્ર. ૪૩- ''જો બીતક પહિચાન પર'' ચોપાઈનું આ ચરણ કઈ વાતનો ઈશારો (ઇંગિત) કરી રહ્યા છે ? કોના દ્વારા, કોને અને કોની પહેચાન થશે ?

ઉ. ૪૩- ''**જો બીતક પહિચાન પર**''-ચોપાઈના આ ચરણ શ્રી બાલમુકુંદજીના દર્શન દ્વારા ગુરુ હરિદાસજીને પ્રાપ્ત થવાવાળી શ્રી દેવચંદ્રજીની ઓળખ →

❖ શ્રી દેવચંદ્ર સ્વરૂપની પહેચાન ❖

પ્ર.૧- ગુરુ હરિદાસજીએ શ્રી બાલમુકુંદજીને શ્રી દેવચંદ્રજીના ઘરમાં પધરાવવાનો નિશ્ચય કરી જે દિવસે રાતના અંતિમ પોઢાવની કરી, તેના જ બીજા દિવસે સવારે શું થયું ?

ઉ. ૧- ગુરુ હરિદાસજીએ પોતાના મંદિરમાં શ્રી બાલમુકુંદ તેમજ શ્રી બાંકે બિહારીજીની મૂર્તિની પોઢાવની કરતી વખતે મનમાં વિચારી રહ્યા હતા, ''શ્રી બાલમુકુંદજીની પોઢાવની કરવાનો આજે મારો છેલ્લો દિવસ છે.'' મનમાં આ પ્રમાણે સોચતાં, વિચાર કરતાં-કરતાં તેઓએ પોઢાવની કરી →

પ્ર. ૨- બીજા દિવસે સવારે જ્યારે શ્રી દેવચંદ્રજી ગુરુ હરિદાસજીની ઘેર પહોંચ્યા, ત્યારે ત્યાં શ્રી બાલમુકુંદજીની મૂર્તિને અદૃશ્ય થવાને લઈને શું હલચલ મચી હતી ?

ઉ. ૨- બીજા દિવસે સવારે જ્યારે રાતના મંદિરમાં પોઢાવેલાં સ્થાન પર શ્રી બાલમુકુંદજી ન મળ્યા, ત્યારે ગુરુ હરિદાસજીએ ઘરના બધા સ્થાનોમાં તેમને શોધી વર્યા, ઘરના જણ-જણને તેમના પ્રત્યે પૂછપરછ કરી, પરંતુ ક્યાંય પણ કોઈને પણ તેમની ખબર નથી. આવી આશ્ચર્યપૂર્ણ →

પ્ર. ૩- શ્રી બાલમુકુંદજીની મૂર્તિને અદૃશ્ય થઈ જવાની હકીકતના વિષયમાં શ્રી દેવચંદ્રજી અને ગુરુ હરિદાસજીની વચ્ચે કેવો વિવાદ થયો ?

→ ની તરફ ઈંગિત કરી રહ્યા છે કેમ કે આગળના પ્રકરણમાં શ્રી બાલમુકુંદજીની મૂર્તિ દ્વારા ગુરુ હરિદાસજીને સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીના વાસ્તવિક સ્વરૂપની પહેચાન કરાવવાનો પ્રસંગ આવશે.

-(પ્રકરણ-૩, પ્રશ્ન-ઉત્તર નં.-૪૩, કુલ સં. ૧૨૪+૪૩=૧૬૭).

❖ શ્રી દેવચંદ્ર સ્વરૂપની પહેચાન ❖

→ અને મંદિરનો દરવાજો બંધ કરી બહારથી તાળું મારી અને ચાવી પોતાના ખિસ્સામાં મૂકી દીધી. તત્પશ્ચાત તે પોતાના શયનકક્ષમાં જતાં રહ્યા, જ્યારે ગુરુ હરિદાસજી પણ સૂવાની તૈયારી કરવા લાગ્યા, ત્યારે ગુરુ હરિદાસજીને પ્રણામ કરી સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી પણ શયનાર્થ પોતાની ઘેર જવા માટે વિદાય લીધી. રાત પસાર થયા પછી બીજા દિવસે સવારે પૂજા માટે જ્યારે ગુરુ હરિદાસજીએ મંદિરનો દરવાજો ખોલ્યો, તો જુએ છે કે માત્ર શ્રી બાંકેબિહારીજી જ છે. શ્રી બાલમુકુંદજી ગાયબ છે.

→ ઘટનાને લઈને ઘરના પ્રત્યેક સદસ્યના દિલમાં હલચલ મચી રહી હતી. એવામાં શ્રી દેવચંદ્રજી પણ ત્યાં આવી પહોંચ્યા અને જોયું કે વિશેષ કરીને ગુરુ હરિદાસજી અત્યંત જ દુઃખી છે. શ્રી બાલમુકુંદજીની મૂર્તિને લઈને ઘરના બધા લોકો બહુ ચિંતિત છે. તેમાં પણ ગુરુ હરિદાસજીને દુઃખી જોઈને સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ તેમને કહ્યું, ''મારા જ કારણે શ્રી બાલમુકુંદજી અદૃશ્ય થયા છે. કદાચ તે મારી પાસે આવવા જ ચાહતા નથી. શ્રી બાલમુકુંદજીના અદૃશ્ય થઈ જવાનું મૂળ કારણ હું જ છું કેમ કે આપને તો તેમને મારે સુપરત કરી દીધા હતા.

ઉ. ૩- શ્રી બાલમુકુંદજીની મૂર્તિના અદૃશ્ય થઈ જવાના વિષયમાં ગુરુ હરિદાસજી અને શ્રી દેવચંદ્રજીના વચ્ચે તેના કારણને લઈને વિવાદ શરૂ થયો. એક બાજુ ગુરુ હરિદાસજી શ્રી બાલમુકુંદજીના અદૃશ્ય થવાનું કારણ પોતાના →

→ સિર પર લેતાં કહેવા લાગ્યા, ''મારા જ કારણે શ્રી બાલમુકુંદજી અદૃશ્ય થઈ ગયા છે. મેં આપને વચન તો આપી દીધું હતું, પરંતુ પૂરું ન કરી શક્યો. આજના દિવસે જ શુભ મુહૂર્તમાં તેમને પોતાની ઘેર સિંહાસનમાં પધરાવવાના હતા.'' બીજી બાજુ શ્રી દેવચંદ્રજી કહેવા લાગ્યા, ''આપ →

પ્ર. ૪- ઉક્ત વાદ-વિવાદ ચાલતાં જ જ્યારે ગુરુ હરિદાસજીએ શ્રી બાલમુકુંદજી ન મળે ત્યાં સુધી અન્નજળ ગ્રહણ ન કરવાની પ્રતિજ્ઞા લીધી, ત્યારે તેના પછી તેમના ઘરમાં શું સિલસિલો શરૂ થયો ?

ઉ. ૪- ઉક્ત વાદ-વિવાદ ચાલતાં જ જ્યારે ગુરુ હરિદાસજીએ અત્યંત દુઃખી થઈને શ્રી બાલમુકુંદજી ન મળે ત્યાં સુધી અન્નજળ ગ્રહણ ન કરવાની →

પ્ર. ૫- બધાને ક્રમશઃ એકાદશી કરવાની પ્રતિજ્ઞા કરતાં જોઈને શ્રી દેવચંદ્રજીએ શું કર્યું ?

ઉ. ૫- ઉક્ત બધાની પ્રતિજ્ઞા સાંભળીને શ્રી દેવચંદ્રજીએ પણ પ્રતિજ્ઞા કરી કે જ્યાં →

પ્ર. ૬- ''સાક્ષાત્ દિયો દરસન'' અર્થાત્ કોણે, કોને અને ક્યારે દર્શન આપ્યા ? તે સમય ગુરુ હરિદાસજી કઈ અવસ્થામાં હતા ?

ઉ. ૬- **''સાક્ષાત્ દિયો દરસન''** અર્થાત્ સવારે બ્રહ્મ મુહૂર્તના સમયે શ્રી →

પ્ર. ૭- દર્શન આપીને શ્રી બાલમુકુંદજીએ ગુરુ હરિદાસજીને શું કહ્યું ? સ્પષ્ટતઃ સમજાવો.

ઉ. ૭- દર્શન આપીને શ્રી બાલમુકુંદજીએ ગુરુ હરિદાસજીને કહ્યું, ''હે હરિદાસજી ! તમે હમણાં શ્રી દેવચંદ્રજીના વાસ્તવિક સ્વરૂપને ઓળખતાં નથી. અત્યારે જે તમારો શિષ્ય બનેલો છે, તે દેવચંદ્ર તો પોતાની સંગી-સહેલીઓને પરમધામ લઈ જવા આવ્યા છે. તમે મને શ્રી →

→ તો શ્રી બાલમુકુંદજીને મને સુપરત કરી ચૂક્યા હતા, કેવળ પધરાવવાના જ બાકી હતા. તે કદાચ મારા ઘરે આવવા જ ચાહતા ન હોય, એટલા માટે તે અદૃશ્ય થઈ ગયા. તેથી તે મારા લીધે જ અદૃશ્ય થયા છે, આપના લીધે નહિ.''

→ પ્રતિજ્ઞા કરી, ત્યારે પતિદેવની ઉક્ત પ્રતિજ્ઞા સાંભળી ગુરુ હરિદાસજીના ધર્મપત્ની - ગુરુમાએ પણ જ્યાં સુધી પતિદેવ અન્નજળ ગ્રહણ ન કરે. ત્યાં સુધી અન્નજળ ગ્રહણ ન કરવાની પ્રતિજ્ઞા કરી, ત્યારબાદ માતા-પિતાની ઉક્ત પ્રતિજ્ઞા સાંભળી તેમના પુત્ર વૃંદાવને પણ જ્યાં સુધી માતા-પિતા અન્નજળ ગ્રહણ ન કરે, ત્યાં સુધી અન્નજળ ગ્રહણ ન કરવાની પ્રતિજ્ઞા કરી.

→ સુધી ગુરુજી અન્નજળ ગ્રહણ નહીં કરે, ત્યાં સુધી તે પણ અન્નજળ ગ્રહણ નહીં કરે. આ પ્રમાણે ચારેય જણે પ્રતિજ્ઞા કરી રાજભોગ અને બાલભોગ બંનેય શ્રી બાંકેબિહારીજીને ધરાવીને પ્રસાદ ઘરના બાળકોમાં વહેંચી દીધો તથા તે બધાય શ્રી બાલમુકુંદજીની ચિંતામાં રહ્યા.

→ બાલમુકુંદજીએ ગુરુ હરિદાસજીને દર્શન આપ્યા, તે સમય સવારના સાડા ચાર વાગી રહ્યા હતા અને ગુરુ હરિદાસજી સવારની ઠંડી-ઠંડી હવામાં ''કછૂ આંખ મિલી કે ન મિલી'' એવી તંદ્રા અવસ્થામાં ઊંઘના ઝોંકા લઈ રહ્યા હતા. એટલામાં જ તેમને શ્રી બાલમુકુંદજીએ દર્શન આપ્યા.

→ દેવચંદ્રજીના ઘરમાં પધરાવવા જઈ રહ્યા હતા. એટલા માટે મને અંતર્ધાન થવું પડ્યું. કેમ કે શ્રી દેવચંદ્રજીના હાથથી થવાવાળી સેવા હું સહન કરી શકતો નથી. લેકિન એ વાત સાંભળીને શ્રી દેવચંદ્રજી દુઃખી થાય, એ પણ હું સહન કરી શકતો નથી. યસર્થ આપના પૂજા ઘરમાં સ્થિત શ્રી બાંકેબિહારીજી સ્વરૂપની પાસે આપને એક નવા વસ્ત્ર દૃશ્યમાન થશે. મારી જગ્યાએ તે વસ્ત્રને આપ શ્રી દેવચંદ્રજીના ઘેર પધરાવી દેશો.'' આ સાંભળીને ગુરુ હરિદાસજીએ તેમને પૂછ્યું, હે પ્રભુ! આપ ક્યાં →

છો ?'' આ ઉપર શ્રી બાલમુકુંદજીએ જવાબ આપ્યો, ''કાલે રાત્રે તમે મને જ્યાં પોઢાવ્યા હતા, હું ત્યાં જ છું.'' ત્યારબાદ શ્રી બાલમુકુંદજી સ્વરૂપ

પ્ર. ૮- શ્રી બાલમુકુંદ સ્વરૂપની ઉક્ત વાતો સાંભળીને ચોંકી ઉઠ્યા પછી ગુરુ હરિદાસજીએ શું કહ્યું ?

ઉ. ૮- શ્રી બાલમુકુંદ સ્વરૂપની ઉક્ત વાતો સાંભળીને ચોંકી ઉઠ્યા પછી ગુરુ

પ્ર. ૯- સવારે જ્યારે ગુરુ હરિદાસજી શ્રી બાલમુકુંદજીને મળ્યાની ખુશખબરી શ્રી દેવચંદ્રજીને સંભળાવવા ઘેરથી નીકળ્યા, ત્યારે બજારની વચ્ચે શ્રી દેવચંદ્રજીને મળતાં જ તેઓએ શું કર્યું ?

ઉ. ૯- સવારે જ્યારે ગુરુ હરિદાસજી શ્રી બાલમુકુંદજી મળ્યાની ખુશખબરી શ્રી

પ્ર. ૧૦- જ્યારે શ્રી દેવચંદ્રજીએ પ્રણામ કરવાના વિષયમાં ગુરુ હરિદાસજીને પૂછ્યું કે હે ગુરુદેવ !આપ એવું કેમ કરી રહ્યા છો, ત્યારે હરિદાસજીએ જવાબ આપતાં શું કહ્યું ?

ઉ. ૧૦- અચાનક ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કરવાના વિષયમાં શ્રી દેવચંદ્રજીએ

પ્ર. ૧૧- ''તો દીજો વસ્તર સેવન''-એવું કોણ, કોને અને કેમ કહી રહ્યા છે ?

પ્ર. ૧૨- ''ચલો દર્શન કરાવે હમ'' એવું કોણે, કોને અને કેમ કહ્યું ?

ઉ. ૧૨- **''ચલો દર્શન કરાવે હમ''** એવું ગુરુ હરિદાસજીએ શ્રી દેવચંદ્રજીને કહ્યું કેમ કે શ્રી બાલમુકુંદજીને અદૃશ્ય થઈ જવાથી જે રીતે ગુરુ

→ અંતર્ધાન થઈ ગયા અને ગુરુ હરિદાસજી ચોંકી ઉઠ્યા.

→ હરિદાસજીએ શ્રી બાલમુકુંદજીને અંતર્ધાન થતાં જ દોડીને પોતાના પૂજા ઘરનો દરવાજો ખોલ્યો અને જોયું કે શ્રી બાલમુકુંદજી પોઢાયેલાં સ્થાન પર જ પોઢેલાં હતા.

→ દેવચંદ્રજીને સંભળાવવા ઘેરથી ચાલ્યા, ત્યારે શ્રી દેવચંદ્રજી પણ રોજની જેમ જ મંદિર આવી રહ્યા હતા. અતઃ તે બંને પરસ્પર બજારની વચ્ચે મળી ગયા. શ્રી દેવચંદ્રજીને મળતાં જ ગુરુ હરિદાસજીએ દોડીને તેમના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા. એ જોઈને દેવચંદ્રજી ચોંકી ઉઠ્યા અને કહેવા લાગ્યા, ''હે ગુરુદેવ ! આપ શું કરી રહ્યા છો ?''

→ જ્યારે ગુરુ હરિદાસજીને પૂછ્યું, ''હે ગુરુદેવ ! આપ એવું કેમ કરી રહ્યા છો.'' ત્યારે ગુરુ હરિદાસજીએ જવાબ આપતાં કહ્યું, ''અરે દેવચંદ્રજી ! આપના સ્વરૂપનો યથાર્થ પરિચય કરાવતાં બાલમુકુંદજીએ મને કહ્યું છે કે જે સ્વરૂપની સેવા પણ હું સહન કરી શકતો નથી, તેમને તમે પોતાનો શિષ્ય બનાવીને રાખ્યો છે.''

ઉ. ૧૧- **''તો દીજો વસ્તર સેવન''**-એવું શ્રી બાલમુકુંદજી ગુરુ હરિદાસજીને કહી રહ્યા છે કેમ કે શ્રી બાંકેબિહારીજીના વસ્ત્ર તે સ્વરૂપની સેવા સહન કરી શકતા હતા.

→ હરિદાસજીએ જ્યાં સુધી ન મળે, ત્યાં સુધી અન્નજળ ગ્રહણ ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી, તે રીતે શ્રી દેવચંદ્રજીએ પણ પ્રતિજ્ઞા લીધી હતી. તે પણ ગુરુ હરિદાસજીની જેમ એકાદશી વ્રતમાં હતા.

પ્ર. ૧૩- શ્રી દેવચંદ્રજીની ઘેર પધરાવવા માટે શ્રી બાલમુકુંદજીએ શ્રી બાંકે બિહારીજીના વસ્ત્ર જ કેમ આપ્યા ? એ વસ્ત્ર કેવા હતા ? મૂર્તિ અને વસ્ત્ર (જામા) માં શું અંતર છે ? સ્પષ્ટ કરો.

ઉ. ૧૩- શ્રી બાંકેબિહારીજી કિશોર સ્વરૂપ છે અને અક્ષરાતીત સંબંધી છે. અતઃ કિશોર સ્વરૂપના વસ્ત્ર (જામા) શ્રી દેવચંદ્રજીની સેવા સહન કરી શકતા →

પ્ર. ૧૪- ''દેહ પછાડે ઈન મોં'' અર્થાત્ કોણ, શેમાં અને કેવી રીતે દેહ પછાડી રહ્યા છે ?

ઉ. ૧૪- **''દેહ પછાડે ઈન મોં''** અર્થાત્ હવે શ્રી દેવચંદ્રજી પધરાવેલાં શ્રી રાસમંડલવાળા કિશોર સ્વરૂપના વસ્ત્રો (જામા) ની સેવામાં શરીરને →

પ્ર. ૧૫- શ્રી દેવચંદ્રજીને આ રીતે સેવા કરતાં જોઈને કોણ લીલબાઈને ટોણાં મારવા લાગ્યા ?

ઉ. ૧૫- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીના ઘરમાં પધરાવેલાં વસ્ત્રો(જામા) ની સેવા પોતાના હાથથી તે પણ ધ્યાનપૂર્વક પવિત્રતા સહિત કરતાં જોઈને આડોશપાડોશના લોકો વારંવાર આવે છે અને શ્રી દેવચંદ્રજીને ક્યારે ચોખા, ખાંડ, ઘઉં વગેરે સાફ કરતાં જુએ છે, તો ક્યારે ફૂલોના હાર વગેરે ગૂંથવામાં મગ્ન જુએ છે. એવું આશ્ચર્ય જોઈને તે લોકો લીલબાઈને ટોણાં મારતાં કહે છે, ''અરે ! લીલબાઈ ! ! તમારા હોવા છતાં પણ →

પ્ર. ૧૬- લીલબાઈને કોના-કોના અને કેવા-કેવા ટોણાં સહન કરવા પડ્યા ?

ઉ. ૧૬- લીલબાઈને ટોણાં મારવાવાળાઓમાં ત્રણ પ્રકારની સ્ત્રીઓ છે. જેમ કે- જે અવિવાહિત છોકરીઓ હતી, તે લીલબાઈને પૂર્વજન્મમાં કરેલાં શુભ કર્મોની સરાહના કરતાં કહે છે, ''અરે ! આ લીલબાઈ તો બહુ ભાગ્યશાળી છે. પૂર્વજન્મમાં એને કેવા પુણ્યકર્મ કર્યા હતા કે એને →

→ હતા. એટલા માટે શ્રી બાલમુકુંદજીએ શ્રી દેવચંદ્રજીના ઘરમાં પધરાવવા શ્રી બાંકેબિહારી સ્વરૂપના જ વસ્ત્ર આપ્યા, એ વસ્ત્ર અખંડ રાસમંડલથી ઉતરેલાં વસ્ત્ર હતા. મૂર્તિ શ્રી બાલમુકુંદ સ્વરૂપની હતી અર્થાત્ બાલસ્વરૂપ સંબંધી હતી અને વસ્ત્ર (જામા) તો અખંડ રાસમંડલવાળા કિશોર સ્વરૂપના હતા. પુનઃ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીનું વાસ્તવિક સ્વરૂપ પણ કિશોર સ્વરૂપ સંબંધી જ છે, નહિ કે બાલસ્વરૂપ સંબંધી.

→ કષ્ટ આપીને કસોટીમાં ઉતરી રહ્યા છે. પધરાવેલાં વસ્ત્રો (જામા) ની સેવા તે નિર્મળ અને પૂર્ણ પવિત્ર ભાવથી કરી રહ્યા છે. પોતાનો જ શ્વાસ અથવા બીજા કોઈની છાયા-પડછાયા પડવાથી પણ તેમની પવિત્રતા ભંગ થઈ જાય છે. આ પ્રમાણે પવિત્રતાનું ધ્યાન રાખતાં તે હોશિયારીની સાથે મહેનત કરીને કસોટી કરતાં આગળ વધી રહ્યા છે.

→ તમારા પતિદેવ ઘરના બધા કામ પોતાના હાથથી કરી રહ્યા છે. તમને શરમ આવતી નથી. અરે ! તું કેવી સ્ત્રી છે ? તારા નસીબ તો ઉપરવાળાએ બહુ સારા બનાવ્યા છે. તું તો રાજરાણી બની. પતિ મળે, તો તારા જેવા. ઘરના બધા કામ પતિદેવ કરે અને પત્નીદેવી આરામથી ખુરશી પર બેસીને જોતી રહે. વાહ ! આ મધ્ય કળિયુગના લક્ષણ જ તો છે'' આડોશપાડોશ તેમજ આસપાસના ગામના લોકોના આવા ટોણાં સાંભળીને લીલબાઈને તો ઘરની બહાર નીકળવાનું જ ભારે થઈ ગયું છે. બહાર નીકળતાં જ દસેય દિશાઓથી આંગળી ચીંધીને લોકો આપસ્તમાં લીલબાઈનો પરિચય કરાવવા લાગ્યા.

→ આવા પતિદેવ મળ્યા. હે ભગવાન ! મને પણ આગળ આવા જ પતિદેવ આપજો.'' પુનઃ જો લીલબાઈની સમોવડીની વિવાહીત સ્ત્રીઓ છે, તે કહે છે ''મારા તો નસીબ જ ફૂટેલાં છે, જે મને આવા પતિ મળ્યા. આવા પતિને કોણ દેવ સમજે, જેમાં દેવતાઓના તો એક પણ લક્ષણ નથી. રાક્ષસોના લક્ષણ છે, રાક્ષસોના. આ લીલબાઈ તો બહુ બડભાગી →

→ છે. હું તો હતભાગિની છું. હવે તો ઉંમર પહોંચીને વૃદ્ધ થવા લાગી છું, કિંતુ પતિદેવનો કોઈ સહારો નથી. હાય ..... રે .... હાય ! કળિયુગનો મધ્યાહ્ન એ જ તો છે.'' પુનઃ જો ગામની બહુ ઘરડી બુઝુર્ગ વૃદ્ધા હતી, તે લીલબાઈને જોઈને તેમના પાપ અને પુણ્ય કર્મોનો માપ-તોલ કરતાં કહેવા લાગી, ''આવી સ્ત્રીઓ તો કળિયુગમાં પાપ વૃદ્ધિ કરવાવાળી સાબિત થાય છે, જે પતિદેવને નોકરોની જેમ કામમાં લગાડીને સ્વયં રાજરાણી →

પ્ર. ૧૭- ઉક્ત પ્રકારથી જાત-જાતના અસહનીય ટોણાં સાંભળીને લીલબાઈએ શ્રી દેવચંદ્રજીને પોતાની ઈજ્જત બચાવવા ખાતર શું કહ્યું અને તેના જવાબમાં શ્રી દેવચંદ્રજીએ તેમને સમજાવતાં શું કહ્યું ?

ઉ. ૧૭- ઉક્ત પ્રકારથી જાત-જાતના અસહનીય ટોણા સાંભળીને જ્યારે લીલબાઈ હેરાન થઈ ગઈ, ત્યારે તે શ્રી દેવચંદ્રજીની પાસે આવી અને બોલી, ''હે પતિદેવ ! આડોશપાડોશ, ગામ-ઘરના બધા લોકો મને →

પ્ર. ૧૮- પ્રતિદિનની જેમ ચિતવન કરતી વખતે એક દિવસ અચાનક ધ્યાનમાં શ્રી દેવચંદ્રજી ક્યાં પહોંચી ગયા અને ત્યાં તેઓએ શું-શું જોયું ? સ્પષ્ટતઃ સમજાવો.

ઉ. ૧૮- પ્રતિદિનની જેમ ચિતવન કરતી વખતે એક દિવસ અચાનક શ્રી દેવચંદ્રજી અખંડ વ્રજમંડલમાં પહોંચી ગયા અને ત્યાં પહોંચતાં જ જુએ છે કે નંદના દ્વાર પર આઈજી (યશોદા મૈયા) માંચી પર બેસીને દૂધ ગરમ કરી રહ્યા છે અને ચારે તરફથી તેમને સખીઓ ઘેરીને ઊભી છે. યશોદાજી દૂધ ઓટાવતાં (ઉકાળતાં) વચ-વચમાં સખીઓથી કંઈક જરૂરી ચીજો માંગી રહી છે. એટલામાં જ યશોદાએ શ્રી દેવચંદ્રજીને જોયા અને કહ્યું, →

પ્ર. ૧૯- ''હૈ કહાઁ શ્રી કૃષ્ણજી, મૈં કરોં દરસન''-એવું કોણે, કોને અને ક્યાં કહ્યું હતું ?

→ બનીને બેસી રહે છે. કુલક્ષણાઓના લક્ષણ આવા જ હોય છે, લીલબાઈ-રાજરાણીના જેવા.'' વૃદ્ધાવસ્થામાં પહોંચેલી વૃદ્ધાઓ પતિ-પત્નીના સંબંધને લોક, વેદ અને કુળ મર્યાદાના બંધનમાં બંધાયેલાં જ શોભિત માનીને લીલબાઈને વેદ, કુળ અને લોક મર્યાદાના પ્રતિકૂળ ચાલતા જોઈને વગર વિચારે જ તેની પર વરસી પડતી હતી. આવી રીતે લીલબાઈને તરેહ-તરેહના લોકોના તરેહ-તરેહના ટોણાં સાંભળવા પડ્યા.

→ વિભિન્ન પ્રકારના ટોણાં મારે છે, જેનાથી હું ઘરની બહાર પણ નીકળી શકતી નથી. કમ સે કમ એમના મુખ બંધ કરવા માટે આપ મને કંઈક તો સેવા આપો''. ત્યારે શ્રી દેવચંદ્રજીએ લીલબાઈને સમજાવતાં કહ્યું, જુઓ ! સેવાની એ ગહન વાતો તમે નહિ સમજી શકો. તમારાથી આ સેવા થઈ શકશે નહિ કેમ કે તમને સેવાની વિશેષતાઓ ખબર નથી. દુનિયા જાય ભાડમાં. તમે એમના નહિ, તમે મારા છો. અતઃ તે જે કહે, તેમને કહેવા દો.''

→ ''આઓ, દેવચંદ્રજી ! બહુ દુરથી આવ્યા છો. અતઃ ભૂખ લાગી હશે.'' એવું કહેતાં તેઓએ એક સખીને છાબ (ઢાંકી)માં રાખેલાં મોદક લઈ આવવા કહ્યું અને શ્રી દેવચંદ્રજીને આપતાં બોલ્યા, ''હે દેવચંદ્ર ! આ મોદકનો નાસ્તો કરી લો. ભૂખ લાગી હશે. બહુ દૂરથી આવ્યા છો ને !'' ત્યારે શ્રી દેવચંદ્રજીએ તેમને પૂછ્યું, ''તે ક્યાં છે ? હું પહેલાં-તેમના દર્શન કરવા ચાહું છું.'' ત્યારે યશોદાજીએ કહ્યું, ''તે તો ગ્વાલ બાલ (ગોવાળો)ની સાથે ગાય ચરાવવા વન તરફ ગયા છે. તમે તેમના દર્શન કરવા જ ચાહતા હોય, તો લો. આ મોદક પણ લઈ જાઓ અને ત્યાં જ બંને મળીને ખાઈ લેજો.'' શ્રી દેવચંદ્રજી મોદકની છાબ લઈને તે બાજુ ચાલી નીકળ્યા. જે બાજુ યશોદા મૈયાએ ઈંગિત ક્ર્યા હતા.

ઉ. ૧૯- **''હૈં કહાઁ શ્રી કૃષ્ણજી, મૈં કરોં દરસન''**-એવું શ્રી દેવચંદ્રજીએ યશોદા મૈયાને અખંડ વ્રજમાં સ્થિત નંદજીના ઘરમાં કહ્યું હતું.

પ્ર. ૨૦- ''દોઊ મિલકે સાથ''-એવું કોણે, કોને અને કોણ બંને પ્રત્યે તથા ક્યારે-કઈ વખત કહ્યું ?

ઉ. ૨૦- **''દોઊ મિલકે સાથ''**-એવું યશોદા મૈયાએ શ્રી દેવચંદ્રજીને મોદકના નાસ્તાના વિષયમાં સ્વયં તેમના તથા શ્રી કૃષ્ણજીના પ્રત્યે કહ્યું. જ્યારે →

પ્ર. ૨૧- શ્રી દેવચંદ્રજી દ્વારા વનમાં જઈને બાલ-ગોપાળોને શ્રી કૃષ્ણના વિષયમાં પૂછવાથી બાલ-ગોપાળોએ તેમને શું જવાબ આપ્યો ?

ઉ. ૨૧- જ્યારે યશોદા મૈયાથી વિદાય થઈને શ્રી દેવચંદ્રજી વનમાં ગયા, તો તેઓએ દૂરથી જ જોયું કે મેદાનમાં ગાયો ચરી રહી છે અને ગ્વાલબાલ ટોળીમાં ખેલી (રમી) રહ્યા છે. ત્યાં પહોંચીને શ્રી દેવચંદ્રજીએ શ્રી કૃષ્ણજીના →

પ્ર. ૨૨- અંતમાં શ્રી દેવચંદ્રજીએ તે ગ્વાલબાલોને શું જવાબ આપ્યો, જેને સાંભળતાં જ બાલ-ગોવાળોએ તુરંત આંગળી દ્વારા તે ટોળીની તરફ ઈશારો કર્યો, જેમાં શ્રી કૃષ્ણજી ખેલી રહ્યા હતા ?

પ્ર. ૨૩- જ્યારે શ્રી દેવચંદ્રજી ગ્વાલબાલો દ્વારા બતાવેલી ટોળીની તરફ ચાલી નીકળ્યા, ત્યારે શું થયું ?

પ્ર. ૨૪- શ્રી દેવચંદ્રજીને મળતાં જ શ્રી કૃષ્ણજીએ સર્વપ્રથમ શું પૂછ્યું ? તત્પશ્ચાત શ્રી દેવચંદ્રજી મનોમન શું વિચાર કરવા લાગ્યા ?

ઉ. ૨૪- શ્રી દેવચંદ્રજીને મળતાં જ શ્રી કૃષ્ણજીએ સર્વપ્રથમ પૂછ્યું, ''અરે ! આપ આટલા દિવસો સુધી ક્યાં હતા ? બહુ જ સમય પછી મળ્યા. એકવાર →

પ્ર. ૨૫- ''બાતેં લગે કરને'' અર્થાત્ જ્યારે શ્રી દેવચંદ્રજી તથા શ્રી કૃષ્ણજી બેસીને વાતો કરવા લાગ્યા, ત્યારે ત્યાં ઉપસ્થિત બાલ-ગોપાલ શું કરી રહ્યા હતા ?

→ અખંડ વ્રજમાં યશોદા મૈયાએ શ્રી દેવચંદ્રજીને મોદકનો નાસ્તો કરવાનો આગ્રહ કર્યો અને શ્રી દેવચંદ્રજીએ સર્વપ્રથમ શ્રી કૃષ્ણના દર્શન કરવાની ચાહના કરી, ત્યારે યશોદા મૈયાએ તેમને કહ્યું, ''અગર જો આપ આ મોદક અહીં ન ખાવા ચાહતા હોય, તેમના દર્શન પછી જ ખાવા ચાહતા હોય, તો લઈ જાવ અને બંને એ મોદક ત્યાં વનમાં ભેગા જ ખાઈ લેજો.''

→ વિષયમાં પૂછ્યું ત્યારે તે બાલ-ગોપાલોએ તેમને પૂછ્યું, ''આપ કયા કૃષ્ણના વિષયમાં પૂછી રહ્યા છે કેમ કે અહીં તો અનેકો કૃષ્ણજી છે'' ત્યારે શ્રી દેવચંદ્રજીએ જવાબ આપ્યો, ''મને નંદના નંદન શ્રી કૃષ્ણજીને મળવું છે.'' ત્યારે તે બાલ-ગોપાલોએ તેમને પુનઃ પ્રશ્ન કર્યો, ''અહીં નંદના પુત્ર કૃષ્ણ પણ અગણિત છે. અતઃ આપને અમે કયા કૃષ્ણને મળાવીએ ?''

ઉ. ૨૨- અંતમાં શ્રી દેવચંદ્રજીએ તે ગ્વાલબાલોને યશોદા મૈયાના લાડલા શ્રી કૃષ્ણને મળવાનું કહ્યું. યશોદા મૈયાના લાડલા શ્રી કૃષ્ણનું નામ સાંભળતાં જ તે ગ્વાલબાલોએ તુરંત આંગળી દ્વારા શ્રી દેવચંદ્રજીને તે ટોળીની તરફ ઈશારો કરી બતાવ્યું, જેમાં શ્રી કૃષ્ણજી ખેલી રહ્યા હતા.

ઉ. ૨૩- જ્યારે શ્રી દેવચંદ્રજી ગ્વાલબાલો દ્વારા બતાવેલી ટોળીની તરફ ચાલી નીકળ્યા, ત્યારે તુરંત શ્રી કૃષ્ણજી ટોળીથી નીકળીને બહાર આવી ગયા.

→ કચ્છની વાલુયુક્ત (રેતીકણ) ભૂમિમાં સફર કરતાં સમયે મળ્યા હતા.'' આ સાંભળીને શ્રી દેવચંદ્રજી મનોમન વિચાર કરવા લાગ્યા, ''**ઉહિ દિન દરસ ઈનહીં દીન્હ**'' અર્થાત્ ''શું કચ્છના રણમાં પણ એમણે જ દર્શન આપ્યા હતા ?''

ઉ. ૨૫- ''**બાતેં લગે કરને**'' અર્થાત્ જ્યારે શ્રી દેવચંદ્રજી અને શ્રી કૃષ્ણજી બંને બેસીને વાતો કરી રહ્યા હતા, ત્યારે ત્યાં ઉપસ્થિત બાલ-ગોપાલ કલેવા (નાસ્તા) માટે ઘુઘરી બનાવવા હેતુ ઉકાળેલા ઘઉંના પાણીને એક કપડાંમાં નાંખીને કપડાંના બંને છેડાથી પકડીને ગાળી રહ્યા હતા.

પ્ર. ૨૬- ''દોય ભાગ જો ઈનકે'' અર્થાત્ શ્રી કૃષ્ણજીએ ગ્વાલબાલોને શેના બે ભાગ કરવાનું કહ્યું ? ખુલસ્ત કરો.

ઉ. ૨૬- **''દોય ભાગ જો ઈનકે''** અર્થાત્ જ્યારે નંદજીના ઘરમાં યશોદા મૈયાએ શ્રી દેવચંદ્રજીને મોદકની એક છાબ (ઢાંકી) નાસ્તા માટે આપી હતી અને શ્રી દેવચંદ્રજીએ પહેલાં શ્રી કૃષ્ણજીના દર્શનની ઈચ્છા રાખી, ત્યારે યશોદા મૈયાએ શ્રી દેવચંદ્રજીને ગ્વાલબાલોની સાથે વનમાં ગયેલાં શ્રી →

પ્ર. ૨૭- ''શ્રી દેવચંદ્રજી આપ આરોગો'' એવું કોણે, કોને, ક્યારે અને ક્યાં કહ્યું ?

ઉ. ૨૭- **''શ્રી દેવચંદ્રજી આપ આરોગો''** - એવું શ્રી કૃષ્ણજીએ શ્રી દેવચંદ્રજીને જ્યારે તે ધ્યાનના સમયે અખંડ વ્રજમાં પહોંચીને શ્રી કૃષ્ણને મળ્યા હતા અને જ્યારે બાલ-ગોપાલોએ યશોદા મૈયા દ્વારા મોકલેલી મીઠાઈની →

પ્ર. ૨૮- જ્યારે શ્રી દેવચંદ્રજી ધ્યાનમાંથી ચોંકી ઉઠ્યા અને ધ્યાન તૂટી ગયું ત્યારે તેઓએ પોતાની સામે શું જોયું ?

ઉ. ૨૮- જ્યારે શ્રી કૃષ્ણજીએ શ્રી દેવચંદ્રજીને આરોગવાની અરજ કરી, ત્યારે શ્રી દેવચંદ્રજીએ તેમને કહ્યું, પહેલાં આપ આરોગો, તેના પછી મારી વારી આવશે.'' એની પર શ્રી કૃષ્ણજીએ તેમને કહ્યું, ''પહેલાં તું લે. →

પ્ર. ૨૯- ''આરોગાવનેં લગે ઈનકો'' આ કથનનું શું તાત્પર્ય છે અર્થાત્ કોણ આરોગાવવા લાગ્યા કોને ? સ્પષ્ટતઃ સમજાવો.

ઉ. ૨૯- શ્રી દેવચંદ્રજી નિરંતર આઠ સાલથી ભોજન પ્રસાદનો થાળ તૈયાર કરી પ્રથમ દર્શન આપવાવાળા સ્વરૂપને જ ધરાવતાં હતા અને તેમનું જ ચિંતન કરતાં હતા. હવે આજથી શ્રી દેવચંદ્રજી તે થાળ બીજા દર્શન →

→ કૃષ્ણજીની સાથે વનમાં જ નાસ્તા કરી લેવાનું કહ્યું હતું. મોદકની તે છાબ (ઢાંકી) શ્રી દેવચંદ્રજીએ યશોદા મૈયાને મળ્યાની હકીકત બતાવીને શ્રી કૃષ્ણજીને પકડાવી દીધી. અતઃ મોદકની તે છાબ (ઢાંકી) ગ્વાલબાલોને આપતાં શ્રી કૃષ્ણજીએ કહ્યું, ''આ મીઠાઈ (મોદક) પણ લઈ જાઓ અને ઘુઘરીની સાથે એના પણ ભાગ પાડીને બધાને આપજો અને બે ભાગ અમારા માટે પણ લઈ આવજો. તમે લોકો જ બધું ખાઈ જતાં નહિ, હં.'' આ પ્રમાણે કહેતાં ગ્વાલબાલોને તે મોદક સોંપી દીધા.

→ સાથે ઘુઘરીનો પણ એક-એક ભાગ શ્રી દેવચંદ્રજી અને શ્રી કૃષ્ણજીની આગળ આરોગવા માટે રાખી દીધો, ત્યારે શ્રી કૃષ્ણજીએ શ્રી દેવચંદ્રજીને આરોગવાની અરજ કરતાં કહ્યું, ''પહેલાં આપ આરોગો.'' ત્યારે શ્રી દેવચંદ્રજીએ તેમને કહ્યું, ''નહીં! નહીં!! પહેલાં આપ આરોગો ને.'' ત્યારે પુનઃ શ્રી કૃષ્ણજીએ કહ્યું, ''નહીં! પહેલાં આપ પ્રસાદ લો.''

→ હું પછી લઈશ. અત્યાર સુધી હું બહુવાર આગળ રહ્યો. હવે આગળ થવાની વારી તારી છે.'' એવો વાદ-વિવાદ ચાલતાં શ્રી દેવચંદ્રજીનું ધ્યાન તૂટી ગયું અને તે ચોંકી ઊઠ્યા. આંખ ખોલ્યા પછી જોયું, તો ઘુઘરીનો તે ભાગ પ્રત્યક્ષ સામે જ છે, જેને આરોગવા માટે શ્રી કૃષ્ણજી તેમને અરજ કરી રહ્યા હતા.

→ આપવાવાળા મયૂર પ્રીચ્છયુક્ત અખંડ વ્રજના સ્વરૂપને ધરાવવા લાગ્યા અને તેમનું જ ચિતવન કરવા લાગ્યા. આ દર્શન દ્વારા શ્રી દેવચંદ્રજીને ''બ્રહ્મ તત્ત્વ''ની ખોજ વિષયમાં સોળ આનામાંથી આઠ આના સફળતા પ્રાપ્ત થઈ. હવે તેમનું મન, ચિત્ત અને બુદ્ધિ શ્રી કૃષ્ણજીમાં સર્વભાવેન કેન્દ્રિત થઈ ગયું. હવે તેમને શ્રી કૃષ્ણ કથા શ્રવણની ધૂન લાગી ગઈ.

પ્ર. ૩૦- બીજા દર્શન પ્રાપ્ત થયા પછી શ્રી દેવચંદ્રજીના દિલ-દિમાગમાં કઈ (કેવી) વાતો અવિકલ્પ થઈ ગઈ ?

ઉ. ૩૦- બીજા દર્શન પ્રાપ્ત થયા પછી શ્રી દેવચંદ્રજીના હૃદયમાં અવિકલ્પરૂપથી સ્પષ્ટ થઈ ગયું કે પહેલાં દર્શનમાં મને રસ્તો પાર કરાવીને ભયંકર આપત્તિથી બચાવવાવાળા સ્વરૂપ પણ તે જ હતા. પુનઃ એ જ સ્વરૂપના દર્શન બીજીવાર પણ થયા. હવે આગળ પણ મારો સંબંધ એમની જ →

પ્ર. ૩૧- બીજા દર્શન પ્રાપ્ત થતી વખતે શ્રી દેવચંદ્રજીની ઉંમર કેટલી હતી ?

પ્ર. ૩૨- કયા અથવા કેવા સ્વરૂપની સાથે શ્રી દેવચંદ્રજીનું ચિત્ત બંધાઈ ગયું ?

ઉ. ૩૨- વિભિન્ન અવતારોમાંથી હવે શ્રી દેવચંદ્રજીનું ચિત્ત અખંડ વ્રજમાં ઘુઘરી →

પ્ર. ૩૩- ભુજનગરમાં શ્રી દેવચંદ્રજી કેટલો સમય રહ્યા ? ત્યારબાદ ક્યાં ગયા ?

ઉ. ૩૩- મારવાડ દેશ ઉમરકોટ ગામમાં શ્રી દેવચંદ્રજી ૧૭ સાલ રહ્યા. કચ્છ દેશની રાજધાની ભુજનગરમાં તે કેવલ આઠ સાલ જ રહ્યા. ત્યારબાદ →

❖ નવતનપુરી લીલા ❖

ઉ. ૪૫- **''કહ્યા કટુ વચન આચાર્યો કો''** અર્થાત્ હરજી વ્યાસ બ્રાહ્મણ શાસ્ત્રકારો -આચાર્યોને દોષ આપતાં કહેવા લાગ્યા, ''શાસ્ત્રકારો-આચાર્યોએ →

→ ભાગવતમાં એવું જ લખ્યું છે. તેઓએ તે સ્થાન ક્યારે અક્ષરનું છે, એવું લખ્યું છે, તો ક્યારે નારાયણનું, તો ફરી ક્યારે આદિનારાયણનું. →

પ્ર. ૪૬- એની વચ્ચે કાનજીભાઈએ શ્રીજીને કાનમાં શું કહ્યું ?

ઉ. ૪૬- એની વચ્ચે વિદ્વાન બ્રાહ્મણ હરજી વ્યાસની દયનીય દશા જોઈને →

પ્ર. ૪૭- જ્યારે શ્રીજીને જોશ આવ્યો, ત્યારે તેઓએ કોને ધક્કો આપતાં શું કહ્યું ?

ઉ. ૪૭- કાનજીભાઈની ઉક્ત વાતોને સાંભળીને જ્યારે શ્રીજીને જોશ આવ્યો, ત્યારે તેઓએ કાનજીભાઈને ધક્કો દઈને કહ્યું, ''અરે કાનજી ! એનાથી →

પ્ર. ૪૮- ''તબ વ્યાસકી સુધ ગઈ'' અર્થાત્ કોણે, કોના ઉપર અપ્રસન્નતા-રુષ્ટ (ક્રોધિત) થઈને કેવા વચન કહ્યા, જેને સાંભળીને હરજી વ્યાસની સૂધ-બુધ (હોશ-ચેતના) ઉડી ગઈ ?

ઉ. ૪૮- **''તબ વ્યાસ કી સુધ ગઈ''** અર્થાત્ શ્રીજી-મહામતિ શ્રી પ્રાણનાથજીએ →

પ્ર. ૪૯- તત્પશ્ચાત શ્રીજીએ હરજી વ્યાસ બ્રાહ્મણને શું કહ્યું ?

ઉ. ૪૯- ઉક્ત વાદ-વિવાદના પછી શ્રીજીએ હરજી વ્યાસ બ્રાહ્મણને કહ્યું, ''જુઓ વ્યાસજી ! આપને જેણે મોતના મુખથી બચાવીને બહાર કાઢ્યા, તેમને મને આપની પાસે મોકલ્યો છે કેમ કે ભગવાન સદૈવ (હંમેશાં) પોતાના ભક્તોના અહંકારને નષ્ટ કરી તેને પોતાના ચરણ-શરણમાં લે છે. આપને મરણાવસ્થાથી હોશમાં આવતાં જ કહ્યું હતું, **''મૈં નાહી ઈન ઈંડ કા, મેરા** →

પ્ર. ૫૦- ''મૈં કહ્યા યોં કર''-એ વચન હરજી વ્યાસ બ્રાહ્મણે ક્યારે કબૂલ કર્યા ?

→ હવે આ વિષયમાં હું આપને શું જવાબ આપીને સાંત્વના દઉં કેમ કે લખવાવાળાએ એવું જ લખ્યું છે.''

→ કાનજીભાઈએ શ્રીજીની પાસે જઈને ચુપકીથી તેમના કાનમાં કહ્યું, ''આપ એમને થોડી અક્ષરાતીત વિષયની વાતો પૂછો ને ! જોઈએ તો ખરા, તે શું જવાબ આપે છે ?''

→ અક્ષરાતીતની ચર્ચા શું કરે, એ તો ક્ષર બ્રહ્માંડની ચર્ચામાં જ પરાસ્ત થઈને આ દશામાં પહોંચી ચૂક્યા છે. એમની પાસે એવું છે જ શું જેનાથી એમની સાથે અક્ષર અને અક્ષરાતીતની ચર્ચા કરી શકાય ? એ તો ક્ષર પુરુષનો જ નિર્ણય ન કરી શક્યા, તો એમને અક્ષર-અક્ષરાતીત વિષયમાં શું પૂછે ?''

→ જ્યારે જોશમાં અપ્રસન્ન થઈને કાનજીભાઈને ધક્કો આપતાં ઈશારાથી કહ્યું કે ''એમની પાસે છે શું, જો હું એમનાથી અક્ષર-અક્ષરાતીત વિષયની ચર્ચા કરું ?'' શ્રીજીના એ વચન સાંભળતાં જ વિદ્વત્તાના અભિમાનમાં ફૂલાયેલાં બ્રાહ્મણ હરજી વ્યાસની સૂધ-બુધ ઉડી ગઈ.

→ **ક્યોં કલપાઓ મન ?''** અર્થાત્ હું આ ખેતની કમાણી ખાવાવાળાઓમાંથી નથી. આજસુધી જેને મેં હા કરી દીધી, તેને ના કરાવવાવાળા મને નથી મળ્યા અને મેં જેના માટે ના કરી દીધી, તે વાતને હા કરાવવાવાળા પણ મને કોઈ મળ્યા નથી. એ બે વાતોની દાઝ લઈને હું મરી રહ્યો છું. આપની એ બે વાતોની દાઝ મિટાવીને આપને શાંતિ પ્રાપ્ત કરાવવા માટે જ ઉપરવાળાએ મને આપની પાસે મોકલ્યો છે.''

ઉ. ૫૦- જ્યારે હરજી વ્યાસ બ્રાહ્મણે શ્રીજીના મુખથી અક્ષર-અક્ષરાતીત ઉચ્ચારણ સાંભળ્યું, ત્યારે **''મૈં કહ્યા યોં કર''** અર્થાત્ પોતાના કહેલાં વચન →

→ કબૂલ કરતાં કહેવા લાગ્યા, ''મેં તેવું જ કહ્યું હતું, જેવું આપને હમણાં મને કહ્યું કેમ કે હું ચૌદ લોક રૂપી ઈંડનો જીવ નથી. આ દાન-પુણ્ય તો જમપુરીનું સાધન છે. હું તે ખેતની કમાણી ખાવાવાળાઓમાંથી નથી. પોતાના નામ પર લોકોને આતુરી દાન કરાવતાં જોઈને મને ગુસ્સો →

પ્ર. ૫૧- ''હારા ન કાહૂ સરભર'' એવું કોણે, કોને અને કેમ કહ્યું ?

ઉ. ૫૧- **''હારા ન કાહૂ સરભર''** એવું વિદ્વત્તાના અભિમાનમાં ચૂર હરજી વ્યાસ બ્રાહ્મણે શ્રી મેહરાજને કહ્યું કેમ કે તેમનું કહેવું હતું કે તેઓએ →

પ્ર. ૫૨- ગૂલર વૃક્ષનું દૃષ્ટાંત કોણે આપ્યું અને કેમ ? આ દૃષ્ટાંત દ્વારા તે શું સમજાવવા ચાહતા હતા ?

ઉ. ૫૨- ગૂલર વૃક્ષનું દૃષ્ટાંત હરજી વ્યાસે આપ્યું, આ દૃષ્ટાંતના માધ્યમથી તે શ્રી મેહરાજને પોતાનો પરિચય આપવા ચાહતા હતા કે, ''હે ભગત ! હે ભગતરાજ ! ! હું તો ગૂલરના દાણાના અંદરના જીવ સદૃશ છું કેમ કે એક ગૂલરની અંદર રહેલાં બિચારા જીવને શું ખબર કે તે જ વૃક્ષની અંદર તેની જ જેમ એવા-એવા અન્ય અસંખ્ય ગૂલર લાગેલાં છે. ગૂલરના એ બધા જીવોનું મૂલ આધારભૂત તો તે ગૂલરનું વૃક્ષ જ છે. એવા →

પ્ર. ૫૩- ''હું પોતાની સાથે જે બે હથિયાર લઈને સંસારથી જઈ રહ્યો હતો, તે બંને હથિયાર આજે આપની આગળ રાખી રહ્યો છું.'' એવું કોણે અને કોને કહ્યું ? તે બે હથિયાર કોણ-કોણ હતા ?

ઉ. ૫૩- **''હું પોતાની સાથે જે બે હથિયાર લઈને સંસારથી જઈ રહ્યો હતો, તે બંને હથિયાર આજે આપની આગળ મૂકી રહ્યો છું.''** એવું અભિમાની, →

→ આવી ગયો કેમ કે હું પોતાની વિદ્વત્તાના ઘમંડમાં ચૂર (મસ્ત) હતો, કેમ કે મને મારી આખી જીંદગીમાં આજસુધી એવું કોઈ મળ્યું નથી, જે મારી હા ને ના અને ના ને હા કરાવી શકે. એ જ બે વાતોની દાઝ-જલન લઈને હું મરી રહ્યો હતો. આ રીતે મેં તે દિવસ પણ કહ્યું હતું, જે દિવસ હું બેહોશી અવસ્થાથી હોશમાં આવ્યો હતો.''

→ જીદંગીમાં કઈઓ-કેટલાય વિદ્વાનોથી ધર્મયુદ્ધ કર્યું હતું અને તેમાંથી એક પણ વિદ્વાન તેમને પરાસ્ત કરી શક્યા ન હતા. પરાસ્ત તો શું, તેમની બરાબર પણ ટકી શક્યા નહોતા.

→ અનેકો ગૂલરના વૃક્ષોનો આધાર આ ધરતી છે. આ ધરતીની રચના કરવાવાળા પણ એક ઈશ્વર નામક તત્ત્વ છે. જેવી રીતે એ બધી વાતોનું જ્ઞાન ગૂલરના તે અસંખ્ય દાણાની અંદર રહેલાં જીવોને હોતું નથી, તેવી રીતે અનેકો ગૂલર સદૃશ એવા અનેકો બ્રહ્માંડ પણ છે. કિંતુ હું પણ આ એક બ્રહ્માંડને જ જાણું છું. ઉક્ત બધા બ્રહ્માંડોના આધારભૂત આ નીંદરૂપ પાંચમી ક્ષર સમષ્ટિ છે. આ નીંદ અર્થાત્ પાંચમી ક્ષર સમષ્ટિથી પરે માયાતીત બેહદનું બ્રહ્માંડ છે અને તે બેહદના બ્રહ્માંડથી પરે સૃષ્ટિકર્તા પરમેશ્વર છે અને તેનાથી પણ પરે રહે છે, તે પરમાત્મા! તેથી તેમના સ્થાનને હું કેવી રીતે જાણી શકું છું?''

→ અહંકારી, ઉન્મત્ત (મૈમત્ત) બ્રાહ્મણ હરજી વ્યાસે મહામતિ સ્વરૂપ શ્રી મેહરાજને કહ્યું. જે બે હથિયારોને સાથે લઈને તે સંસારથી જઈ રહ્યા હતા, તે બે હથિયાર છે-૧) જે વાત માટે તેઓએ બધાની સામે હા કરી દીધી, તે વાતને ના કરાવીને તેને પરાસ્ત (હરાવવા) કરવાવાળા સંસારમાં કોઈ થયું નથી. ૨) જે વિષયમાં તેઓએ બધાની સામે ના કરી દીધી, તેને હા કરાવવાવાળું પણ કોઈ થયું નથી.

પ્ર. ૫૪- ''હવે મને પરમાત્મા પ્રાપ્તિ કરવાનો સીધો અને સાચો માર્ગ બતાવો'' -આ રીતે કહેતાં હરજી વ્યાસ બ્રાહ્મણે હાર તો સ્વીકાર કરી, પરંતુ શું તેઓએ ધર્મગ્રહણ કર્યો ? યદિ નહિ, તો કેમ ?

ઉ. ૫૪- ''હવે મને પરમાત્મા પ્રાપ્ત કરવાનો સીધો અને સાચો માર્ગ બતાવો'' ઉપરવાળાએ આપને મારા માટે જ મોકલ્યા છે. મારી હા ને ના અને →

પ્ર. ૫૫- ''જેતા અંકુર ઈનકા, વે ઉતના હી સત્સંગ કર સકે''-એવું કેમ કહ્યું ?

ઉ. ૫૫- ''જેતા અંકુર ઈનકા, વે ઉતના હી સત્સંગ કર સકે''-એવું એટલા માટે કહ્યું કેમ કે એક તો હરજી વ્યાસ બ્રાહ્મણમાં જીવસૃષ્ટિનો અંકુર →

પ્ર. ૫૬- જામરાજાના રાજ્ય જામનગર પર બાદશાહ કુતુબખાન કયા વિ.સં. માં ચઢાઈ કરવા આવ્યા ?

પ્ર. ૫૭- આ સમય શ્રીજીને ઈલહામ (આકાશવાણી) અર્થાત્ ઉપરી સૂચના કોણે અને કેમ આપી ?

ઉ. ૫૭- આ સમય જૂનાગઢમાં ગામ વસાવી રહેલાં શ્રીજી સ્વરૂપ શ્રી મેહરાજને કોઈ દૈવિક શક્તિએ (ઈલહામ) અર્થાત્ ઉપરી સૂચના આપી કે હે મેહરાજ ! તમે જામનગર ચાલો ! ! તમે જામનગર ચાલો ! ! ! કેમ કે તે સમય જામનગર →

પ્ર. ૫૮- શ્રી મેહરાજે સુંદરસાથજીની રક્ષાર્થ કયા વિ.સં. માં જામસત્તાની જવાબદારી સિર પર લીધી ? તે કુતુબખાનની પાસે કેમ ગયા તથા ત્યાં શું-શું થયું ?

ઉ. ૫૮- શ્રી મેહરાજ સ્વરૂપને ઈલહામ સાંભળતાં જ જામનગર જવું પડ્યું. ત્યાં પહોંચતાં જ તેમને ખબર મળી કે અહમદાબાદના બાદશાહ કુતુબખાન →

→ ના ને હા આપને જ કરાવ્યું છે. મારી દાઝ તો મટી ગઈ. કિંતુ હવે મારી મુક્તિ પણ થઈ જાય, મને કોઈ એવો ઉપાય બતાવી દો, આ રીતે હરજી વ્યાસ બ્રાહ્મણ દ્વારા વારંવાર અરજ કરવાથી મહામતિ સ્વરૂપે તેમને ''પરા દશધા પ્રેમ લક્ષણા'' ભક્તિ માર્ગનું જ્ઞાન પ્રદાન કર્યું. લેકિન તેઓમાં ધામનો અંકુર ન હોવાને કારણે તે ધર્મ અપનાવીને નિજાનંદ સિદ્ધાંતમાં શામિલ ન થઈ શક્યા.

→ હતો. બીજું તે વેદવ્યાસજીના વ્યાકરણીય જ્ઞાનના અભિમાનમાં ચૂર હતા. ત્રીજું તેઓએ વર્ણ-ધર્મનો પોશાક પહેરી રાખ્યો હતો. આ પ્રકાર ત્રણ-ત્રણ ભૂત સવાર હોવાને કારણે જ તે હર તરેહથી પરાસ્ત થઈ જવાના બાવજૂદ (બાદ) પણ પોતાનો આત્મોદ્ધાર કરી શક્યા નહિ. તેમના નસીબમાં એવું જ લખ્યું હતું.

ઉ. ૫૬- ગુજરાત પ્રાંતના જામરાજાના રાજ્ય જામનગર પર અહમદાબાદના બાદશાહ સુલતાન કુતુબખાન વિ.સં.૧૭૧૯માં ચઢાઈ કરવા લાગ્યા.

→ પર અહમદાવાદના બાદશાહ કુતુબખાન ચઢાઈ કરવા જઈ રહ્યા હતા. એ કાર્ય (ઈલહામ) વાસ્તવમાં શ્રી સદ્‌ગુરુ સ્વરૂપે જ કર્યું હતું કેમ કે શ્રી મેહરાજને માયાનો પૂરો અનુભવ કરાવવામાં હજી પણ કંઈ કમી રહી ગઈ હતી. તેથી જ્યાં સુધી તે સ્વયં પૂરી રીતે માયા ન જોઈ લે, ત્યાં સુધી તે પોતાની જમાત-બ્રહ્માત્માઓને માયાવી ખેલ બતાવીને તેમની ખેલ જોવાની ઈચ્છા પૂરી કરીને પરમધામ કેવી રીતે લઈ આવતાં ?''

→ જામનગર પર ચઢાઈ કરવાવાળા છે. ત્યારે શ્રી મેહરાજ સ્વરૂપની દૃષ્ટિમાં આવ્યું કે જો કુતુબખાનએ જામનગર પર ચઢાઈ કરી, તો જામનગર યુદ્ધ ક્ષેત્ર બની જશે અને પોતાનું તીર્થસ્થાન નષ્ટ થઈ જશે. સુંદરસાથ અકાલિક મૃત્યુના મુખમાં પડવા લાગશે. પોતાના ગાદીપતિ સ્વરૂપની પણ ન જાણે શું દશા થશે ? યસર્થ લડાઈ રોકવા અને કુતુબખાનથી સંધિ કરવી બહુ જ જરૂરી છે. એ સમજીને શ્રી મેહરાજ સ્વરૂપે વિ.સં. →

→ ૧૭૧૯ માં જામનગરની સત્તાની જવાબદારી પોતાના સિર પર લઈ લીધી અને બાદશાહ કુતુબખાનથી સંધિ કરવા અહમદાબાદ ચાલ્યા ગયા. ત્યાં સંધિ કરતાં-કરતાં અંતમાં એ નિર્ણય થયો કે એક વર્ષ સુધી શ્રી મેહરાજ સ્વરૂપ-જામનગરના મંત્રી ગીરવીના રૂપમાં કુતુબખાનની પાસે નજરકેદ રહેશે. એક સાલના અંતરાલમાં (દરમ્યાન) જામરાજા બાદશાહ કુતુબખાનથી લીધેલું કરજ ચૂકાવીને પોતાના મંત્રીને છોડાવીને →

પ્ર. ૫૯- શ્રી મેહરાજ સ્વરૂપને ફાંસી પર ચઢાવવાની ખબર સાંભળતાં જ કાનજીભાઈ શું સોચીને શ્રી મેહરાજ સ્વરૂપના રક્ષાર્થ અહમદાબાદ નજરકેદમાં જઈ પહોંચ્યા ?

ઉ. ૫૯- જ્યારે શ્રી મેહરાજ સ્વરૂપને ફાંસી પર ચઢાવવાની ખબર જૂનાગઢ રહેતાં કાનજીભાઈના કાનમાં પહોંચી, ત્યારે તે વિચાર-વિવેક કરવા લાગ્યા, "અરે ! શ્રી મેહરાજના કાંધ પર તો ૧૨૦૦૦ બ્રહ્મામાઓ તથા ૨૪૦૦૦ ઈશ્વરી આત્માઓની જુમ્મેદારી છે. જો તેમને જ ફાંસી પર ચઢાવી દે, તો શ્રી સદ્‌ગુરુ સ્વરૂપની ભવિષ્યવાણી અર્થાત્ બ્રહ્મામાઓ તથા ઈશ્વરી આત્માઓની જાગણીરૂપી જુમ્મેદારી તથા પ્રણામી ધર્મનો પ્રચાર કાર્ય કોણ નિભાવશે ? હું તો આજ મરું, ચાહે સો સાલ બાદ. મારા હાથમાં તો એક પણ આત્માની જાગણી નથી. તેથી જો હું શ્રી મેહરાજની જગ્યાએ ફાંસીમાં ચઢી જાઊં, તો શ્રી સદ્‌ગુરુ સ્વરૂપની ભવિષ્યવાણી પૂર્ણ થઈ શકે →

પ્ર. ૬૦- શ્રી મેહરાજ સ્વરૂપને શ્રી રાજજીએ માયાનો પૂરો અનુભવ ક્યાં કરાવ્યો તથા તે કઈ દશામાં ગુજરાતથી દીવ બંદર પહોંચ્યા અને ક્યારે ?

ઉ. ૬૦- શ્રી મેહરાજ સ્વરૂપને શ્રી રાજજીએ અહમદાબાદના બાદશાહ કુતુબખાનની નજરકેદમાં નાંખીને માયાનો પૂરો અનુભવ કરાવ્યો. શ્રી મેહરાજ પર પણ રાજનીતિ ક્ષેત્રનો રંગ સારી રીતે ચઢી ગયો હતો કેમ →

→ લઈ જઈ શકે છે. લેકિન યદિ એક સાલમાં જામરાજા કરજ ચૂકતે ન કરી શકે, તો તેમના મંત્રીને ફાંસીની સજા આપી દેવાશે. અતઃ જામરાજાની ઉપર વિશ્વાસ કરીને શ્રી મેહરાજ બાદશાહ કુતુબખાનના રાજ્યમાં નજરકેદમાં ફસાઈ ગયા. અંતમાં એક સાલના અંતરાલમાં પણ જ્યારે જામરાજા કુતુબખાનનું કરજ ચૂકતે ન કરી શક્યા, તો તેઓએ પોતાના મંત્રી શ્રી મેહરાજને બાદશાહ કુતુબખાનના હાથમાં સોંપી દીધા.

→ છે. અરે! સો સાલ જીવીને કૂતરા-બિલાડીની મોત મરવાથી, તો શ્રી મેહરાજને ફાંસીના ફંદાથી ઉગારીને તન છોડતાં મૂલમિલાવામાં જાગૃત થઈને પોતાનું જીવન સાર્થક કરવું એક ઉત્તમાતિઉત્તમ વિકલ્પ હશે.'' એવો વિચાર કરી બધો સામાન વગેરે લઈને તે ફાંસીના એક દિન પહેલાં સંધ્યાના સમયે શ્રી મેહરાજ સ્વરૂપની ધર્મપત્ની તેજકુવંરનો પોશાક ધારણ કરી-સ્ત્રી વેશ લઈને પાલખીમાં બેસીને તુરંત અહમદાબાદની નજરકેદમાં પહોંચી ગયા. પ્રહરીઓએ (ચોકીદારાએ) તેમને શ્રી મેહરાજ સ્વરૂપની ધર્મપત્ની સમજીને અંદર જવાની અનુમતિ આપી દીધી. અંદર જઈને તે શ્રી મેહરાજને મળ્યા અને આગળની બધીય યુક્તિ તેમને સમજાવી દીધી તથા શ્રી મેહરાજ સ્વરૂપને સ્વયં પહેરેલાં સ્ત્રીનો વેશ પહેરાવી પાલખીમાં બેસાડી અહમદાવાદની નજરકેદથી બહાર કાઢ્યા અને બદલામાં સ્વયં નજરકેદમાં રોકાઈ ગયા.

→ કે તેઓએ શ્રી સદ્‌ગુરુ સ્વરૂપને વચન આપ્યું હતું કે તે પુનઃ રાજનીતિ ક્ષેત્રમાં ક્યારેય નહિ જશે. કિંતુ **''એ થાય સરવે ધણી થકી''** આ કથન પર પૂર્ણ વિશ્વાસ ન હોવાને કારણે જ તે સમય-સમય પર ધણીને આપેલું વચન ભૂલી જતાં હતા. તેથી તે ધણીને આપેલું વચન જીવનભર ન ભૂલી શકે, એ જ ધ્યેયથી શ્રી રાજજીએ તેમને નજરકેદમાં માયાનો વાસ્તવિક પરિચય કરાવવા માટે મોકલી દીધા હતા. કિંતુ ફાંસી લાગવાના ૧૫ કલાક પહેલાં જ કાનજીભાઈને પ્રેરણા કરી શ્રી રાજજીએ શ્રી →

→ મેહરાજ સ્વરૂપને વેશ બદલાવીને નજરકેદથી પાલખીમાં બેસાડી રાતોરાત અહમદાવાદથી દીવ બંદર ભાઈ જયરામ કંસારાની ઘેર →

પ્ર. ૬૧- શ્રી મેહરાજ સ્વરૂપને અહમદાબાદની નજરકેદથી બહાર કોણે કાઢ્યા ? પુનઃ શું બાદશાહ ફુતુબખાન કાનજીભાઈનું કાંઈ બગાડી શક્યા ? યદિ નહીં, તો કેમ ?

ઉ. ૬૧- શ્રી મેહરાજ સ્વરૂપને અહમદાબાદના બાદશાહ ફુતુબખાનની નજરકેદથી જૂનાગઢના હરજી વ્યાસ બ્રાહ્મણના ઘરમાં રહેતાં ચાકર કાનજીભાઈએ કાઢ્યા હતા. શ્રી મેહરાજ સ્વરૂપને ફાંસી આપવા માટે નિશ્ચિત કરેલાં દિવસે જ્યારે સવારે નવ વાગે બાદશાહ ફુતુબખાનના પ્રહરી શ્રી મેહરાજને લઈ જવા જેલની અંદર પહોંચ્યા, ત્યારે તેમને ત્યાં શ્રી મેહરાજની જગ્યા એક દિગંબર સાધુ (સંન્યાસી) મળ્યા. તેને જોઈને બધા પ્રહરી ડરી ગયા. ડરના માર્યા તે પ્રહરીઓને તે સાધુને પકડીને ફાંસી આપવાના સ્થાન પર લઈ જવાની હિંમત થઈ રહી ન હતી. કાનજીભાઈને જ્યારે તે વાતની ખબર પડી, તો તે સ્વયં જ દિગંબર સાધુની જેમ ''ૐ તત્ સત્ - ૐ તત્ સત્'' ધૂનની ગર્જના કરતાં તે સ્થાન પર પહોંચી ગયા, જ્યાં તેમને ફાંસી આપી દેવાની હતી. ત્યાં →

❖ ત્રણ સૃષ્ટિ ❖

પ્ર. ૧- ''સૃષ્ટિ ત્રણ જ પ્રકારની છે''-આ વાતનું પ્રમાણ ક્યાં કયા-કયા ગ્રંથમાં છે ?

પ્ર. ૨- શાસ્ત્રો દ્વારા પ્રમાણિત તે ત્રણ સૃષ્ટિઓ કઈ-કઈ છે તથા કોને-કોને સંબંધિત છે ?

ઉ. ૨- વેદ,કતેબ તેમજ પુરાણો દ્વારા પ્રમાણિત તે ત્રણ સૃષ્ટિઓ આ પ્રકાર છે. →

→ પહોંચાડી દીધા. તે સમય વિ.સં.૧૭૨૧ પૂરા થઈને વિ.સં.૧૭૨૨ લાગી ચૂક્યા હતા.

→ જઈને તે બાદશાહને સંબોધિત કરતાં પૂછવા લાગ્યા,''હે કુતુબખાન! હે બાદશાહ!! શું તારા ધર્મગ્રંથ કુરાન શરીફમાં એવું જ લખ્યું છે કે ગુનો કરે એક અને સજા મળે બીજાને? યદિ એવું જ લખ્યું છે, તો આવ! મને સજા આપ!! મને ફાંસી પર ચઢાવી દે!!!'' આ રીતે લલકારતાં જ્યારે કાનજીભાઈએ ગર્જના કરી, તો આમ જનતા પણ કાંપવા લાગી. કુતુબખાન બાદશાહએ તુરંત આદેશ આપીને મલીદા મંગાવ્યો અને હાથ જોડીને માફી માંગતા મલીદા (શક્તિપ્રદ ખોરાક-મલાઈવાળી મીઠાઈ) ખવડાવીને કાનજીભાઈને વિદા કરી દીધા. આ રીતે બાદશાહ કુતુબખાન કાનજીભાઈનું કશુંય બગાડી શક્યા નહિ કેમ કે કાનજીભાઈ તો પહેલાં જ **''પહેલે પી તૂં સરબત મૌત કા, કર તેહેકીક મુકરર''** વાણીની આ ચોપાઈને અનુકૂળ મોતનું શરબત પીને ગયા હતા. તેથી તેમનું સાહસ અને તેમની નીડરતાને જોઈને બાદશાહ કુતુબખાન સ્વયં ડરી ગયો.

-(પ્રકરણ-૧૮, પ્રશ્ન-ઉત્તર નં.-૬૧, કુલ સં. ૬૦૦+૬૧=૬૬૧).

❖ ત્રણ સૃષ્ટિ ❖

ઉ. ૧- **''સૃષ્ટિ ત્રણ જ પ્રકારની છે''**-આ વાતનું પ્રમાણ સંસારમાં વેદોમાં જ નહીં, અપિતુ કુરાન સહિત અન્ય વિભિન્ન સાધુ-સંતોની વાણીઓમાં પણ મળે છે.

→ જેમ કે-પહેલી-ક્ષર પુરુષ સંબંધી માયાવી જીવસૃષ્ટિ. કૂટસ્થ અક્ષરબ્રહ્મ જગતના સૃષ્ટિકર્તા કહેવાય છે. તેથી તેમના સ્વપ્નમાં ઉત્પન્ન થવાવાળાને જીવસૃષ્ટિ કહે છે. એને સ્વપ્નિક, નાશવંત અથવા અસ્તિત્ત્વહીન સૃષ્ટિ પણ કહે છે. બીજી-અક્ષર પુરુષ સંબંધી ઈશ્વરી સૃષ્ટિ. સૃષ્ટિકર્તા અક્ષરની →

→ જાગૃત અવસ્થામાં ઉત્પન્ન જે બેહદની આત્માઓ છે, તેને ઈશ્વરી સૃષ્ટિ કહે છે. પુનઃ ત્રીજી-જે આત્માઓ ક્ષર અને કૂટસ્થ અક્ષર પુરુષથી પરે રહેતાં ઉત્તમ પુરુષ અક્ષરાતીત બ્રહ્મની સંબંધી છે, તેને બ્રહ્મસૃષ્ટિ કહે છે. તેથી બ્રહ્મ →

પ્ર. ૩- ઉક્ત ત્રણેય સૃષ્ટિઓની વાસ્તવિકતા ખોલવાવાળા કુંજીરૂપી બ્રહ્મતારક મંત્ર સૃષ્ટિમાં કોણ લાવ્યું અને કોને સોંપ્યું ?

ઉ. ૩- ઉક્ત ત્રણેય સૃષ્ટિઓની વાસ્તવિકતા ખુલસ્ત કરવાની તાકાત રાખવાવાળા →

પ્ર. ૪- તે સનાખત (તારતમ) કૂંચી (કૂંજી) આગળ ચાલીને કયા નામથી જાહેર થશે, એવું કહેવામાં આવ્યું ?

પ્ર. ૫- વેદ-કતેબને માનવાવાળાઓના પણ શું એક જ સાહેબ (પરમાત્મા) છે ?

ઉ. ૫- હા ! વેદ અને કતેબને માનવાવાળાઓના પણ એક જ સાહેબ (પરમાત્મા) છે એટલું જ નહિ બલ્કે સૃષ્ટિના સારા મતમતાંતરોના સાહેબ પણ એક જ બ્રહ્મ છે. હિંદુ અને મુસ્લિમ-એ બન્ને ધર્મ સૃષ્ટિમાં દિન અને રાતની જેમ છે. હિંદુ પોતાના ધર્મગ્રંથમાં જે લક્ષ્યવાળા સાહેબને બ્રહ્મ કહે છે, →

પ્ર. ૬- બ્રહ્મસૃષ્ટિઓ (મોમિનો) ની ઉપર જે આખરી પયગંબર મોકલ્યા છે, તે કોણ છે ?

પ્ર. ૭- કુરાનની હકીકત કોના માટે છે અને તેને કોણ ગ્રહણ કરશે ?

પ્ર. ૮- મહંમદ સાહેબે પહેલાંથી જ ભવિષ્ય વિષયમાં શું કહ્યું હતું ?

ઉ. ૮- અગિયારસો સાલ પૂર્વે જ અરબ દેશમાં આવીને મહંમદ સ્વરૂપે ભવિષ્ય →

→ તથા ઈશ્વરી સૃષ્ટિઓ બેહદ સંબંધી તથા અવિનાશી છે અને જીવસૃષ્ટિઓ ઈહલોક અર્થાત્ હદ બ્રહ્માંડના ક્ષર પુરુષ-આદિનારાયણ અથવા મહાવિષ્ણુ સંબંધી તથા સ્વપ્નિક તેમજ નાશવંત છે.

→ બ્રહ્મતારક-તારતમ મહામંત્ર આ સૃષ્ટિમાં શ્રી શ્યામાજી અવતાર ધણી શ્રી દેવચંદ્રજી લાવ્યા અને તેઓએ એ નૂર-કૂંચી (કૂંજી) -તારતમ મહામંત્ર ધામસ્થ બાર હજાર સખીઓમાંથી શ્રી ઈન્દ્રાવતી આત્મા (શ્રી મેહરાજ) ના હાથમાં સોંપી દીધી.

ઉ. ૪- તે સનાખત (તારતમ) કૂંજી (ચાવી) આગળ ચાલીને બ્રહ્મતારક મંત્ર અથવા તારતમ મહામંત્રના નામથી જાહેર થશે, એવું કહેવામાં આવે છે.

→ મુસ્લિમ પણ તે જ લક્ષ્યવાળા બ્રહ્મને પકડીને ''ખુદા એક બરહક'' કહે છે. બંનેયનું લક્ષ્ય, ધામ અને સ્થાન એક જ છે, પરંતુ નામ માત્ર અલગ-અલગ છે. મુસલમાન કહે છે-નૂર પરે નૂરતજલ્લાહ, તો હિંદુ કહે છે-અક્ષર પરે અક્ષરાતીત. યસર્થ (એટલે કે) નિર્ણય તો એ જ નીકળે છે. ''સોઈ ખુદા સોઈ બ્રહ્મ.''

ઉ. ૬- બ્રહ્મસૃષ્ટિઓ (મોમિનો) ઉપર જે આખરી પયગંબર મોકલ્યા છે, તે ઈમામ મેંહદી સ્વામી શ્રી પ્રાણનાથજી છે.

ઉ. ૭- કુરાન ગ્રંથમાં લખેલી હકીકત અક્ષર-અક્ષરાતીતની સાક્ષીના રૂપમાં છે તથા માત્ર બ્રહ્મ તથા ઈશ્વરી આત્માઓના માટે જ છે. પુનઃ તે ગ્રંથની હકીકત બ્રહ્મ અને ઈશ્વરી આત્માઓ જ અપનાવી શકશે.

→ વિષયમાં કહ્યું હતું કે મારી પાછળ કોઈ પયગંબર થશે નહિ, હું આખરી પયગંબર છું. મારા ગયા પછી એક રૂહઅલ્લાહ આવશે અને તે જ આગળ ચાલીને ઈમામ મેંહદી નામથી સૃષ્ટિમાં પ્રખ્યાત થશે.

પ્ર. ૯- ''ખુદાના નૂરથી મહંમદ અને મહંમદના નૂરથી દુનિયા ઉત્પન્ન થઈ'' -અતઃ કેવી રીતે સ્પષ્ટતઃ સમજાવો ?

ઉ. ૯- ''ખુદાના નૂરથી મહંમદ'' અર્થાત્ ખુદા-અક્ષરાતીત શ્રી કૃષ્ણનું નૂર →

પ્ર. ૧૦- આખરી પયગંબરના માજ્જા (ચમત્કાર) શું છે અને સાત નિશાન ક્યા-ક્યા છે ?

ઉ. ૧૦- આખરી પયગંબર મહામતિ શ્રી પ્રાણનાથજી છે અને ''બ્રહ્મ એક જ છે''-આ વાતનો વિશ્વાસ બંને પક્ષોના જન-જનમાં કૂટી-કૂટીને ભરવું તથા કુરાનના સાત નિશાનોને ખોલીને બધાને તેમની સ્પષ્ટતઃ ઓળખ →

પ્ર. ૧૧- મહંમદ સાહેબે રૂહઅલ્લાહને આવવાની સદી કઈ બતાવી હતી ?

ઉ. ૧૧- રૂહઅલ્લાહને આવવાના વિષયમાં મહંમદ સાહેબે કહ્યું હતું કે દસમી →

પ્ર. ૧૨- ''મિસલ ગાજિયોં'' કોણ છે, જેના માટે ખિલવતખાના જાહેર થવાનું કહ્યું છે.

ઉ. ૧૨- **''મિસલ ગાજિયોં''** બાર હજાર બ્રહ્માત્માઓ છે. એમને જ બ્રહ્મધામની →

પ્ર. ૧૩- બ્રહ્મ, ઈશ્વરી અને જીવાત્માઓનું મૂલ સ્થાન ક્યાં-ક્યાં છે ?

ઉ. ૧૩- બ્રહ્મ, ઈશ્વરી અને જીવાત્માઓમાંથી દ્વાદશ સહસ્ત્ર બ્રહ્માત્માઓનું મૂલ સ્થાન અક્ષરાતીત બ્રહ્મધામ છે. ચોવીસ હજાર ઈશ્વરી આત્માઓનું મૂલ સ્થાન અક્ષરધામ છે, જે બેહદ પરે પચીસ પક્ષના ક્ષેત્રમાં આવે છે. →

પ્ર, ૧૪- ''મોમિન-બ્રહ્માત્માઓ ઘરમાં બેઠાં-બેઠાં જ ખેલ જોઈ રહી છે''- આ વાતને જાહેર થવાની વાત ક્યારે, કોણે અને ક્યાં કહી છે ?

ઉ. ૧૪- મોમિન-બ્રહ્માત્માઓ પોતાની ઘેર શ્રી અક્ષરાતીત ધામની અંદર સ્થિત →

→ તેમની અર્ધાંગ શ્રી શ્યામાજી છે. પુનઃ ''મહંમદના નૂરથી દુનિયા'' અર્થાત્ મહંમદ શ્રી શ્યામાજી સહિત બાર હજાર બ્રહ્માત્માઓની ખેલ જોવાની ઈચ્છારૂપી નૂરથી સારી દુનિયા ઉત્પન્ન થઈ. સખીઓને ખેલ માંગવો જ શ્રી શ્યામાજીની ઈચ્છારૂપી નૂર છે.

→ કરાવવી જ તેમના માજ્જા (ચમત્કાર) છે. કુરાનના સાત નિશાન આ પ્રમાણે છે. જેમ કે-(૧) દજ્જાલનું જાહેર થવું (૨) દાભા નામક જાનવરનું પ્રગટ થવું. (૩) મગરબ (પશ્ચિમ) થી સૂર્ય ઉગવો (૪) આજૂજ-માજૂજને જાહેર થઈને દુનિયાને ખાવું (૫) અસરાફીલનું સૂર ફૂંકવું (૬) ઈસાનું જાહેર થઈને દજ્જાલને મારવું તથા (૭) ઈમામ મેંહદીનું પ્રગટ થવું.

→ સદીને પૂર્ણ થતાં જ બુરખો નાંખીને રૂહઅલ્લાહ પ્રગટ થશે અર્થાત્ જ્યારે મહંમદ સાહેબની હીજરી સનની દસ સદી પૂરી થવામાં સવા નવ વર્ષ બાકી હશે, ત્યારે રૂહઅલ્લાહ આવશે.

→ બ્રહ્મસૃષ્ટિઓ પણ કહે છે. એમને કુરાનમાં નૂરતજલ્લાહની રૂહો કહે છે. એમના માટે જ ખિલવતખાના-પચીસ પક્ષ પરમધામની દૈવત (દૈવી શક્તિ)નું વર્ણન થવાનું કહ્યું છે, જે શ્રી ૫ પદ્માવતીપુરી ધામ, પન્નામાં ચાર કિતાબો -ખિલવત, પરિક્રમા, સાગર અને સિનગાર દ્વારા જાહેર થયું.

→ પુનઃ જીવ આત્માઓનું મૂલ સ્થાન બેહદમાં અપર પ્રણવ બ્રહ્મના નેત્રમાં છે. પરંતુ અક્ષરાતીત ધણી શ્રી પ્રાણનાથજીએ એ જીવાત્માઓનું હવે તે સ્થાન છોડાવીને બેહદની આઠ પ્રકારની મુક્તિસ્થાનોમાં કાયમ (અખંડ) કરી દીધું છે.

→ મૂલમિલાવામાં બેઠાં-બેઠાં જ ખેલ જોઈ રહી છે, એ વાતોને કયામતના સમયમાં જાહેર થવાની ભવિષ્યવાણી અવ્વલ (ઉત્તમ-પહેલાં) સ્વરૂપ શ્રી મહંમદ સાહેબે કુરાનમાં શ્રી સદ્‌ગુરુ સ્વરૂપને આવવાથી હજાર સાલ પહેલાં અરબમાં જ કરી દીધી હતી.

પ્ર. ૧૫- ''ચાર ઘડી દિન પીછલા''-એ મુહૂર્ત ક્યાંનું છે ? ''અત્યારે પણ જરા જેટલી પણ દેર થઈ નથી''-એવું કેમ તથા કોના માટે કહ્યું છે ?

ઉ. ૧૫- **''ચાર ઘડી દિન પીછલા''**-એ મુહૂર્ત શ્રી પરમધામનું છે, જે મુહૂર્તમાં →

પ્ર. ૧૬- શ્રી રાજજીના હુકમે બ્રહ્માત્માઓને કેવો ખેલ બતાવ્યો છે ?

❖ કબ લોં કાંસા કૂટેગા ❖

પ્ર. ૧- શ્રી મેહરાજ સ્વરૂપ ધર્મ અભિયાન માટે ક્યારે અને ક્યાં-કઈ જગ્યાથી નીકળ્યા ?

પ્ર. ૨- શ્રી મેહરાજ સ્વરૂપને ધર્મ અભિયાન દરમ્યાન દજ્જાલોથી લડાઈ કરવી પડી. અતઃ તે દજ્જાલ કોણ-કોણ હતા ?

ઉ. ૨- ધર્મ અભિયાનની વચ્ચે જે ધર્મ વિરોધી લોકો હતા, તેઓએ ધર્મ- →

પ્ર. ૩- પૂર્ણબ્રહ્મ પરમાત્માએ શ્રી મેહરાજના પ્રતિ એવો વિચાર ક્યારે કર્યો, ''એમને અત્યાર સુધી બહુ જ કષ્ટ ઉઠાવવું પડ્યું છે. હવે એને સુખ પ્રદાન કરીએ ?''

ઉ. ૩- શ્રી મેહરાજ સ્વરૂપ વિ.સં.૧૭૨૦ થી વિ.સં.૧૭૨૧ સુધી એક વર્ષ →

પ્ર. ૪- ક્યાંથી ચાલીને શ્રી મેહરાજ ઠાકુર ક્યારે દીવ બંદર સ્થિત જયરામભાઈની ઘેર આવ્યા ?

→ બ્રહ્માત્માઓ પોતાના ઘર મૂલમિલાવામાં અસત, જડ, દુઃખરૂપી નાટક જોવા બેઠી. **''અત્યારે પણ જરા જેટલી પણ દેર થઈ નથી.''** એવું ઉક્ત મુર્હૂત માટે જ કહ્યું છે કેમ કે ત્યાં પરમધામમાં હમણાં પણ ''પીછલા પ્રહર ઘડી ચાર'' ના ચાર જ છે. અર્ધક્ષણ માત્ર પણ દેર થઈ નથી.

ઉ. ૧૬- શ્રી રાજજીએ બ્રહ્માત્માઓને પોતાના હુકમના તલે રાખીને એક અનહોની ખેલ બતાવ્યો છે.

-(પ્રકરણ-૧૯, પ્રશ્ન-ઉત્તર નં.-૧૬, કુલ સં. ૬૬૧+૧૬=૬૭૭).

❖ કબ લોં કાંસા કૂટેગા ❖

ઉ. ૧- શ્રી મેહરાજ સ્વરૂપ ધર્મ અભિયાન માટે વિ.સં.૧૭૨૨માં દીવ બંદરથી નીકળ્યા.

→ સિદ્ધાંતને સમજ્યા વગર શ્રી મેહરાજ સ્વરૂપને કષ્ટ પહોંચાડ્યું. એ દજ્જાલ સ્વરૂપ ત્યાં પ્રચલિત અન્ય ધર્મસિદ્ધાંતના કથાકાર વગેરે હતા, જેમની સાથે શ્રી મેહરાજ સ્વરૂપને લડાઈ કરવી પડી.

→ અહમદાવાદની નજરકેદમાં રહ્યા. ત્યારે અક્ષરાતીત પૂર્ણબ્રહ્મ પરમાત્માએ વિચાર કર્યો, ''અત્યાર સુધી શ્રી મેહરાજે બહુ જ કષ્ટ-દુઃખ ઉઠાવ્યું છે. તેથી હવે એમને સુખ પ્રદાન કરીએ.''-એવું સોચીને કાનજીભાઈના માધ્યમથી તેમને નજરકેદથી કાઢીને દીવ બંદર પહોંચાડ્યા.

ઉ. ૪- ગુજરાત સ્થિત અહમદાબાદની નજરકેદથી રાતોરાત ચાલીને શ્રી મેહરાજ ઠાકુર વિ.સં.૧૭૨૨માં દીવ બંદર રહેતાં જયરામભાઈ કંસારાના ઘેર પહોંચ્યા.

પ્ર. ૫- શ્રી મેહરાજ ઠાકુરના દર્શન કરતાં જ ભાઈ જયરામ કંસારાએ કેવી રીતે મિલાપ કર્યો ?

પ્ર. ૬- કુશલ-ક્ષેમ પૂછ્યા પછી જયરામભાઈએ શ્રી મેહરાજ ઠાકુરને શું કહ્યું ?

પ્ર. ૭- ભાઈ જયરામ કંસારા દ્વારા ઉક્ત પ્રકારથી પૂછવાથી શ્રી મેહરાજ ઠાકુરે તેમને શું જવાબ આપ્યો ?

ઉ. ૭- ભાઈ જયરામ કંસારા દ્વારા ઉક્ત પ્રકારથી પૂછવાથી શ્રી મેહરાજ ઠાકુરે →

પ્ર. ૮- સદ્‌ગુરુ નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજીના કહ્યા પ્રમાણે માયામાં ભૂલેલી બ્રહ્માત્માઓમાંથી પ્રત્યક્ષ મુખ્ય આત્મા કોણ હતી ?

ઉ. ૮- સદ્‌ગુરુ નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજીએ શ્રી મેહરાજ સ્વરૂપ પર આજ્ઞા →

પ્ર. ૯- શ્રી મેહરાજ ઠાકુર આ સમયે ભાઈ જયરામ કંસારાને કેવી રીતે સમજાવવા લાગ્યા ?

પ્ર. ૧૦- શ્રીજી સ્વરૂપ શ્રી મેહરાજ ઠાકુરે ભાઈ જયરામ કંસારાને જામનગર, નવતનપુરીના સમાચાર બતાવ્યા પછી શું પૂછ્યું ?

ઉ. ૧૦- શ્રીજી સ્વરૂપ શ્રી મેહરાજ ઠાકુરે ભાઈ જયરામ કંસારાને જામનગરથી →

પ્ર. ૧૧- સુંદરસાથને જાગૃત કરવાના વિષયમાં શ્રીજી સાહેબજીએ ભાઈ જયરામ કંસારાને શું પૂછ્યું ?

ઉ. ૧૧- સુંદરસાથને જાગૃત કરવાના વિષયમાં શ્રીજી સાહેબજીએ ભાઈ જયરામ કંસારાને પૂછ્યું, ''અરે જયરામ કંસારા ! તમે સદ્‌ગુરુના શિષ્ય છો. પુનઃ →

ઉ. ૫- શ્રી મેહરાજ ઠાકુરના દર્શન કરતાં જ જયરામભાઈ ઊઠીને પ્રેમપૂર્વક અત્યંત આનંદની અનુભૂતિ કરતાં શ્રીજી (શ્રી મેહરાજ ઠાકુર) ને મળ્યા.

ઉ. ૬- કુશલ-ક્ષેમ પૂછ્યા પછી ભાઈ જયરામ કંસારાએ શ્રી મેહરાજને પૂછ્યું, ''હે મેહરાજ ઠાકુર! આપ ક્યાંથી પધાર્યા છો? આપને મારું ઘર પવિત્ર કરવાની કૃપા કઈ રીતે કરી?''

→ (શ્રીજી સ્વરૂપે) જવાબ આપ્યો, ''હે ભાઈ કંસારા! હું આપના માટે અહીં આવ્યો છું. અક્ષરાતીત પૂર્ણબ્રહ્મ પરમાત્મા-શ્રી રાજજીની પ્રેરણા દ્વારા જ હું અહીં આવ્યો છું. શ્રી સદ્‌ગુરુ સ્વરૂપની પૂર્ણ કૃપા તમારી ઉપર છે. તેથી તેમની દયાથી જ હું આપની પાસે આવ્યો છું.''

→ કરી હતી કે તે માયામાં ભૂલેલી બ્રહ્માત્માઓને ઢૂંઢીને સચેત કરે. પુનઃ તે ભૂલેલી બ્રહ્માત્માઓમાંથી ભૂલવામાં અગ્રગણ્ય આત્મા છે-જયરામ કંસારા. તેથી સર્વપ્રથમ તેમને સચેત કરે.

ઉ. ૯- શ્રી મેહરાજ ઠાકુર આ સમયે ભાઈ જયરામ કંસારાને સમજાવતાં સર્વપ્રથમ શ્રી દેવચંદ્રજીથી લઈને સુંદરસાથના અત્યાર સુધીના સમાચાર બતાવ્યા.

→ લઈને અત્યાર સુધીના સારા સમાચાર બતાવ્યા ઉપરાંત પૂછ્યું, ''હે ભાઈ કંસારા! તમને દીવ બંદરમાં રહેતાં કેટલાં દિવસ થઈ ગયા? તમે આજ સુધી દીવ બંદરમાં શું-શું કર્યું? આટલાં સમયમાં તમે કેટલાં સુંદરસાથને ધર્મ સમજાવ્યો?''

→ બાર હજારમાંથી અગ્રગણ્ય આત્મામાં છો. શું તમારે આવું જ કરવું જોઈએ? અન્ય ભૂલેલી આત્માઓને ઢૂંઢવાની જગ્યાએ તમે તો બધું જ ભૂલીને પોતાની આત્માને માયામાં મગ્ન-લિપ્ત કરી દીધા. તમારે આ રીતે સદ્‌ગુરુની બદનામી ન કરવી જોઈએ. શું ધર્મ આપતાં તથા મંત્ર પ્રદાન કરતાં સમયે સદ્‌ગુરુ સ્વરૂપે આવું જ કરવાનું કહ્યું હતું?''

પ્ર. ૧૨- ''પોતાની આત્મા અને સુંદરસાથના પ્રતિ તમારે આવો અન્યાય ન કરવો જોઈએ.''-એ વાતો કોણે, કોને અને કેમ કહી ?''

ઉ. ૧૨- ''પોતાની આત્મા અને સુંદરસાથના પ્રતિ તમારે આવો અન્યાય ન કરવો જોઈએ.''-એ વાત શ્રી મેહરાજ ઠાકુરે ભાઈ જયરામ કંસારાને →

પ્ર. ૧૩- ''આપ કોણ છો ? કઈ આત્માઓમાંથી છે અને આપને કોનાથી ધર્મ ગ્રહણ કર્યો છે ? એ પ્રશ્નોનું મહત્ત્વ સમજાવતાં શ્રીજી સ્વરૂપે ભાઈ જયરામ કંસારાને કેવી રીતે તેમની અંતરાત્માથી પ્રત્યક્ષાવગત કરાવ્યા ?

ઉ. ૧૩- એ પ્રશ્નોનું મહત્ત્વ સમજાવતાં શ્રીજી સ્વરૂપે ભાઈ જયરામ કંસારાને કહ્યું કે, ''શું આપને માલૂમ નથી કે આપ કોણ છો ? આપ સંસારના માયાવી જીવાત્માઓના ઈષ્ટ અર્થાત્ બ્રહ્માત્માઓમાંથી છો, જેની બરાબર સંસારમાં બીજું કોઈ નથી. આપની ચરણરજ પ્રાપ્ત કરવા માટે તો ત્રિદેવા પણ તડપે છે. ઉત્તમાતિઉત્તમ બ્રહ્માત્મામાં થઈને પણ આ પ્રમાણે મોહમાયામાં નિમગ્ન થઈને પોતાની આત્માને ઘાત કરવું, તેમાં પણ સદ્‌ગુરુ જેવાના શિષ્ય થઈને ! આ આપને શોભા દેતું નથી. આપને ધર્મ ગ્રહણ કોનાથી કર્યો →

પ્ર. ૧૪- પુનઃ શ્રી મેહરાજ ઠાકુરે ભાઈ જયરામ કંસારાને ત્રણ-ત્રણવાર લખેલી ચિઠ્ઠીનો જવાબ ન આપવા અને દોડીને ન આવવા જેવી લાપરવાહીના વિષયમાં સાવચેત કરતાં શું કહ્યું ?

ઉ. ૧૪- પુનઃ શ્રી મેહરાજ ઠાકુરે ભાઈ જયરામ કંસારાને ત્રણ-ત્રણ વાર લખેલી ચિઠ્ઠીનો જવાબ ન આપવાનો અને દોડીને ન આવવાની લાપરવાહીના વિષયમાં સાવચેત કરતાં કહ્યું, ''મેં તમને ત્રણ-ત્રણવાર ચિઠ્ઠી લખીને મોકલી હતી. એક તો સદ્‌ગુરુ સ્વરૂપ જ્યારે બીમાર પડ્યા, ત્યારે અંતિમ દર્શનાર્થ તમને આમંત્રિત કર્યા હતા. પરંતુ તમે આવ્યા નહિ. પુનઃ બીજીવાર જ્યારે સદ્‌ગુરુ સ્વરૂપ ધામ પધાર્યા, ત્યારે પણ તમને પત્ર લખ્યો હતો. →

→ સાવચેત કરતાં કહી કેમ કે જ્યારથી જયરામભાઈ સદ્‌ગુરુ સ્વરૂપથી ધર્મ ગ્રહણ કરીને દીવ બંદર આવ્યા હતા, ત્યારથી આજસુધી માયા-મોહમાં એવા તલ્લીન થયા હતા કે તેમને ત્રણ-ત્રણ વાર ''આમંત્રણ પત્ર'' આપવાથી પણ આવવાનું તો દૂર જવાબ આપવાની પણ ફુરસદ મળતી નથી.

→ હતો ? ધર્મ આપતી વખતે સદ્‌ગુરુ સ્વરૂપે આપને જેવી રીતે ચાલવાનું કહ્યું હતું, શું આપ તેવી રીતે ચાલી રહ્યા છો ? પોતાનો આત્મઘાત કરતાં, બ્રહ્મામાઓની જમાતને કલંકિત કરતાં આપને થોડી પણ લાજ ન આવી ? આપ મને જવાબ આપો કે તમે સદ્‌ગુરુ સ્વરૂપથી ધર્મ ગ્રહણ કરી ઘરે આવ્યા પછી કેટલી વાર સદ્‌ગુરુ સ્વરૂપને મળ્યા ? કેટલી વાર જામનગર, ગુરુદ્વારના દર્શનાર્થ ગયા ? શું તમે ક્યારેય ધામનો સંબંધ પાલન કરતાં ધામધણી સ્વરૂપ સદ્‌ગુરુ અને સુંદરસાથની ખબર લીધી ? તમને પરમધામના આત્મારૂપે પિછાણી સ્વયં જાગૃત થઈ અન્ય આત્માઓને જાગૃત કરવાની જવાબદારી સોંપી હતી તે નિભાવી ? શું આપને સદ્‌ગુરુ સ્વરૂપે પોતાના આત્મ સંબંધી ધામ, ધણી અને ધર્મના ત્રિકાલ સત્ય પરિવારની ઓળખ કરાવી નહોતી ? શું સદ્‌ગુરુ સ્વરૂપે આપને પરલોક સંબંધી જ્ઞાન નહોતું આપ્યું ?''

→ સમસ્ત સુંદરસાથ ઉપસ્થિત થયા, માત્ર તમે જ ન આવ્યા. ત્યારબાદ સદ્‌ગુરુ સ્વરૂપની ગાદી પર ગુરુપુત્ર શ્રી બિહારીજીને આસીન કરતાં સમયે પણ મેં તમને આમંત્રણ પત્ર મોકલ્યો હતો. ત્યારે પણ તમે અહીં ન આવ્યા અને ન તમે પત્રનો જવાબ જ આપ્યો. અન્ય સમસ્ત સુંદરસાથને ફુરસદ મળી, ધણી ગયા-આ વિષયમાં દર્દ પણ આવ્યું. પરંતુ તમને ન તો ધર્મના પ્રતિ નિર્લજ્જ થયા વિષયમાં શરમ આવી અને ન ધામધણી સ્વરૂપ સદ્‌ગુરુના પ્રતિ દર્દ જ આવ્યું ! તમને શું થઈ ગયું છે ? આપ કોણ હતા અને શું બની ગયા છો ? આપ તો ધામની આત્મામાં થઈને જ માયાવી જીવાત્માઓથી પણ બદતર (પતીત) થઈને માયામાં નિમગ્ન થઈને બેઠાં છો ! !''

પ્ર. ૧૫- શ્રીજી સાહેબજીએ કેવા-કેવા ખંડણીના વચનો દ્વારા ભાઈ જયરામ કંસારાને જીવતા-જાગતાં કર્યા ?

ઉ. ૧૫- શ્રીજી સાહેબજીએ ભાઈ જયરામ કંસારાને જાગૃત કરવા માટે ખંડનીના વચનો દ્વારા ફટકારતાં કહ્યું, ''હે ભાઈ કંસારા ! આપનું આ પ્રમાણે માયાવી જીવ સદૃશ થઈને બેસવાનું કારણ શું છે ? શું તમારે પોતાના નિજધામ જવું નથી ? અહીં અનાદિ અખંડ થઈને રહેવું છે ? માયાવી જીવ પણ ક્યારેય પોતાનું (માયાનું) ઘર છોડતાં નથી, કિંતુ ધામની ઉત્તમ આત્મામાં હોવા છતાં પણ આપને તો પોતાના અનાદિ-અખંડ સુખ અને અનાદિ કાલના સંબંધી ધામ અને ધણીને જ છોડી દીધા ? શું સદ્‌ગુરુ સ્વરૂપે આપને તારતમ આપતી વખતે કાનમાં એવું જ કહ્યું હતું, ''હવે ઘેર જઈને ધામના સંબંધને ક્યારેય પણ યાદ ન કરીશ ! માયાવી જીવાત્માઓથી બે ગુણા માત્રામાં માયામાં દૂધ-મિસરીની જેમ ભળી જવું ! ! આપના માટે સંસાર જ અનાદિ પરમધામ છે ! ! !

પ્ર. ૧૬- ''આઈ સિર પર ક્યામત રોશન''-આ કથન કોણ, કોને અને કેમ કહી રહ્યા છે ?

ઉ. ૧૬- **''આઈ સિર પર ક્યામત રોશન''**-આ કથન મેહરાજ ઠાકુર શ્રી પ્રાણનાથજી ભાઈ જયરામ કંસારાને કહી રહ્યા છે કેમ કે ભાઈ જયરામ

પ્ર. ૧૭- તારતમ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી, સંબંધ નિશ્ચિત થયા પછી પણ માયામાં લિપ્ત થયેલાં જયરામભાઈ કંસારાને શ્રી મેહરાજ સ્વરૂપે કેવી રીતે ફટકારીને ધામ તરફ સન્મુખ કર્યા ?

ઉ. ૧૭- તારતમ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી સંબંધ નિશ્ચિત થયા પછી પણ માયામાં લિપ્ત થયેલાં ભાઈ જયરામ કંસારાને ધામની તરફ સન્મુખ કરવા માટે ફટકારતાં શ્રી મેહરાજ સ્વરૂપે કહ્યું, ''અરે મૂઢ કંસારા ! મડદા સદૃશ આ સંસારમાં રહીને આપને શું પ્રાપ્ત કરવું છે ? એ ચૌદ લોક નશ્વર છે. એમાં

→ હે ભાઈ કંસારા ! આપને કેવા ગુરુ પ્રાપ્ત થયા છે અને કેવું જ્ઞાન મળ્યું છે ? એક તો આપ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી જેવા ગુરુના શિષ્ય છો. બીજું તમને પ્રાપ્ત શ્રી તારતમ મહામંત્ર અને શ્રી તારતમ જ્ઞાન સમાન આ બ્રહ્માંડમાં ન કોઈ મંત્ર છે, ન કોઈ જ્ઞાન જ છે. એવા મંત્ર અને એવા જ્ઞાનના હકદાર બનીને પણ તમને શું થયું ? શું તમને તમારી આત્મા અને પોતાના ભવિષ્યના વિષયમાં જરા જેટલી પણ ચિંતા નથી ? આપ અક્ષરાતીત ધામથી પોતાના ધણી-શ્રી રાજજીથી આજ્ઞા લઈને આ ખેલ જોવા આવ્યા છો, ન કે આ રીતે પોતાની પરાત્મા, પોતાના ધામ અને ધણીને ભૂલીને માયામાં જીવ સદૃશ બેસીને સૂધ-બુધ ખોઈને ભૂલવા માટે ! આપ જરા જેટલો વિચાર-વિવેક કરીને જુઓ કે આપ કોણ છો ? અહીં કેમ આવ્યા છો અને આવીને શું કરવાને બદલે શું કરી રહ્યા છો ? આપને ધર્મ શું સમજ્યો ?'' આ પ્રકાર શ્રી મેહરાજ ઠાકુરે બ્રહ્માત્મા અને જીવાત્માની વચ્ચે સંતુલન કરતાં, તેમના ગુણ-દોષોનું વિવેચન તથા ખંડન-મંડન કરતાં અનેકો પ્રકારથી ભાઈ જયરામને સમજાવ્યા.

→ પૂરી રીતે સ્વધર્મ ભૂલીને માયામાં તલ્લીન થઈ ગયા હતા. તેથી તેમનો પોતાનો ધર્મ યાદ અપાવતાં શ્રી મેહરાજ કહેવા લાગ્યા, ''અરે જયરામ કંસારા ! આપના સિર (માથા) ના કાળા વાળ તો કાળાથી સફેદ થઈ ચૂક્યા છે અર્થાત્ સંસાર છોડીને ચાલવાનો અંતિમ સમય આવી ચૂક્યો છે. ત્યારે પણ આપનું કુંભકર્ણપણુ જતું નથી ?''

→ શું આપ અખંડ રહેશો ? પૂર્ણબ્રહ્મ પરમાત્માની અંગભૂતા બ્રહ્માત્માઓમાં થઈને આપને આ પ્રકાર અજાણ્યા માયાવી પૂતળા બનીને ભૂલવાની શોભા આપતું નથી. આપ કોણ છો ? ક્યાંની આત્માઓમાંથી છો અને કોના સંબંધી છો ? એટલું તો વિચાર કરો ! તમને સંસારમાં આવ્યા બહુ જ દિન થઈ ચૂક્યા છે. તમારી પોતાની ઉંમર તો જુઓ ! કેટલી વ્યતીત (પસાર) થઈ ચૂકી અને કેટલી બાકી રહી ? પુનઃ હવે ખેલમાં કેટલું રહેવું છે ? અત્યાર સુધી સંસારમાં તમે કેટલો વૈભવ કમાયા ? તમારી ઈચ્છા–તૃષ્ણા ઓછી થઈ યા નહિ ? હવે તો મૂલ ઘર શ્રી પરમધામને યાદ →

→ કરો, જ્યાંથી આપ આ સંસારમાં આવ્યો છો ! શું તમારે તમારા પોતાની ઘેર ફરીથી જવું નથી ? આપ કોને ઠુકરાવીને શું વહોરી (બટોરી) રહ્યા છો ? શું આ સંસારમાં આજસુધી કોઈ તૃપ્ત થયું છે ? આ માયાથી આજસુધી કોઈ ધરાયું નથી. કૂતરાની જેમ સૂકું હાડકું ચગળતાં-ચગળતાં (ચચોરતાં-ચચોરતાં) પોતાને જ સમાપ્ત કરવા જઈ રહ્યા છો, પરંતુ ક્યારેય તૃપ્ત ન થયા. શું આપને પણ તેવું જ થવું છે ? શું તમારે શ્રી પરમધામ આપણા ધણીની પાસે જવું નથી ? હંમેશાં શું અહીં જન્મતાં-મરતાં રહેવું છે ?

તમામ સંસાર જેને પોતાની જિંદગી સમજે છે, જેને સુખ માનીને વારંવાર જન્મ-મરણને પ્રાપ્ત કરે છે, શું તમારે પણ અહીં અખંડ-નેહેચલ (નિત્ય-અચલ) થઈને રહેવું છે ? તમે તો શ્રી ધામથી આવેલી આત્માઓમાં છો, અહીંયાના માયાવી જીવોમાં નથી, માયાથી ઉત્પન્ન જીવ પણ માયા છોડી શકતા નથી, કિંતુ આપ તો પોતાના વાસ્તવિક ધામ-ધણીનો પરિત્યાગ કરી માયામાં લીન થઈ ચૂક્યા છો. માયા વહોરવામાં (બટોરવા) બધો જ સમય બરબાદ કરી રહ્યા છો. માયાવી જીવ ઈન્દ્રીય સુખોની પાછળ પાગલ રહે છે. તે તેનાથી નીકળી શકતો નથી અને નીકળવા પણ નથી ચાહતો. →

પ્ર. ૧૮- શ્રીજી સ્વરૂપની ઉક્ત પ્રકારની વાતોની જયરામભાઈ કંસારા પર શું અસર થઈ ?

ઉ. ૧૮- શ્રીજી સ્વરૂપની ઉપરોક્ત વાતો સાંભળીને જયરામભાઈ કંસારા પોતાને ધિક્કારવા લાગ્યા અને શ્રીજીની આગળ રડતાં-રડતાં પોતાની ભૂલ →

પ્ર. ૧૯- ''ન જાની હમ નિસબત, ના કછુ ભઈ પહિચાન''-આ કથન કોણ અને કોની સામે કબૂલ કરી રહ્યા છે ?

ઉ. ૧૯- **''ન જાની હમ નિસબત, ના કછુ ભઈ પહિચાન''**-એ વાતો ભાઈ જયરામ કંસારા શ્રીજીની આગળ રડતાં-રડતાં કબૂલ કરી રહ્યા છે અને →

→ પરંતુ આપને માયાથી શું સંબંધ છે ? આપ તો ધણીની સંબંધી આત્મા છો. સંસારના માયાવી જીવો માટે તો માયાના ઈન્દ્રિયજન્ય સુખ જ સર્વસ્વ છે. શું તમોને પણ એ જ સુખનો સ્વાદ લાગી ગયો છે ? ધામના અખંડ સુખના અધિકારી થઈને તેને ઠુકરાવવું અને નશ્વર સુખોમાં મસ્ત રહેવું, પોતાનું અસ્તિત્ત્વ ખોઈ બેસવા તુલ્ય જ છે ? રાજહંસરૂપી આત્મામાં થઈને માનસરોવરના મોતી ચૂનવા (પસંદ કરવા) ને બદલે આપ બગલા બનીને સડેલી માછલીની જેમ ઈન્દ્રિયોના જૂઠા સુખોને પ્રાપ્ત કરવામાં જીવન ગુમાવી રહ્યા છો ! સર્વોત્તમ ધામના સર્વોત્તમ સુખને પ્રાપ્ત કરવાવાળી સર્વોત્તમ આત્માઓમાં થઈને આવું જ કરવું ? જરા જેવી તો શરમ રાખો !

અરે મૂઢાધીશ ! આપને શેમાં નિમગ્ન હોવું જોઈએ અને આપ શેમાં મસ્ત થઈ રહ્યા છો ? શું આપનો વ્યવહાર અને માયાવી જીવોના વ્યવહારમાં અંતર ન હોવું જોઈએ ? શું સત અને જૂઠ ગુણયુક્ત આત્માઓનો વ્યવહાર -ચલન એક સમાન હોય છે ? આપ કુંભકર્ણવત્ આચરણોને છોડીને સદ્‌ગુરુ સ્વરૂપે શું કહ્યું હતું, તે વાતોને યાદ કરી લ્યો ! !'' આ રીતે શ્રીજી સ્વરૂપે ભાઈ જયરામ કંસારાને ફટકારીને ધામની તરફ સન્મુખ કર્યા.

→ કબૂલ કરી પશ્ચાત્તાપ કરવા લાગ્યા. પોતાની મૂર્ખતાના પ્રતિ વારંવાર અફસોસ માનતા શ્રી રાજજીના પ્રતિ આભાર પ્રકટ કરવા લાગ્યા અને કહેવા લાગ્યા, ''મને આ માયામાં ધામની યાદ ન આવી ! હું બિલકુલ ભૂલી ગયો ! !''

→ પસ્તાતાં કહી રહ્યા છે, ''હું ન તો મૂલ સંબંધને જાણી શક્યો અને ન તો સદ્‌ગુરુ સ્વરૂપને ઓળખી શક્યો ! અગર જો મેં મૂલ સંબંધને જાણ્યો હોત અને શ્રી સદ્‌ગુરુ સ્વરૂપની ઓળખ કરી હોત, તો મારી આ હાલત ન થઈ હોત. હું ધામધણી સ્વરૂપ શ્રી સદ્‌ગુરુની સાથેનો સંબંધ કબૂલ ન કરી શક્યો.''

પ્ર. ૨૦- તદ્દુપરાંત ભાઈ જયરામ કંસારાએ શ્રીજીની આગળ શું કહ્યું ?

ઉ. ૨૦- ઉક્ત પ્રકાર પશ્ચાતાપ કરતાં રડતાં-રડતાં પુનઃ ભાઈ જયરામ કંસારા કહેવા લાગ્યા, ''અત્યારે મેં મારી ઉપર શ્રી રાજજીની મેહેર જોઈ છે.

પ્ર. ૨૧- તે વખત ત્યાં શ્રીજીની ચર્ચા સાંભળવામાં કોણ-કોણ ઉપસ્થિત હતું ? ચર્ચા કરતાં-કરતાં કેટલો સમય થયો ?

ઉ. ૨૧- જ્યારે સવારે આઠ-નવ વાગે દીવ બંદરમાં ભાઈ જયરામ કંસારાના ઘરમાં શ્રીજી અને જયરામ કંસારાનો મિલાપ થયો, ત્યારે શ્રીજી સ્વરૂપને પોતાના ઘરમાં પધરાવીને કુશલ-ક્ષેમ પૂછતાં ભાઈ જયરામ કંસારાએ શ્રીજીને કહ્યું, ''અરે ! ક્યાં જામનગર અને ક્યાં દીવ બંદર ? આપને આ રીતે મારા ઘરમાં પધારવાનું શું કારણ છે ? કોના માટે આપ અહીં પધાર્યા છો ?'' ત્યારે એના પ્રત્યુત્તરમાં શ્રીજીએ કહ્યું, ''હું તમારી ઘેર

પ્ર. ૨૨- ચર્ચા પૂરી થયા પછી જયરામ કંસારાએ શ્રીજીને શું અરજ કરી ?

પ્ર. ૨૩- શ્રીજીને ભોજન આરોગાવ્યા પછી ભાઈ જયરામ કંસારાએ તેમને શું કરવા માટે વિનયપૂર્વક આગ્રહ ક્યો ?

પ્ર. ૨૪- ભાઈ જયરામ કંસારાનો વિનયપૂર્ણ આગ્રહને સાંભળીને શ્રીજી સાહેબજીએ તેમને શું પ્રત્યુત્તર આપ્યો ?

ઉ. ૨૪- ભાઈ જયરામ કંસારાનો વિનયપૂર્ણ આગ્રહને સાંભળીને શ્રીજી સાહેબજીએ પ્રત્યુત્તરમાં કહ્યું, ''અરે ભાઈ કંસારા ! હું અહીં સૂવા આવ્યો નથી. હું તો

પ્ર. ૨૫- ભોજન પ્રસાદ લીધા પછી શ્રીજીએ જયરામભાઈને ક્યાંની, કોની ચર્ચા સંભળાવી ?

→ ધણીએ મને માયાથી કાઢવા માટે મારી પર દયા કરી આપને મારી ઘેર મોકલ્યા છે. આપના આવવાથી હું તો ધન્ય-ધન્ય થઈ ગયો. કદાચ આપ ન આવત,તો મારી શું દશા હોત ? મારી ડૂબતી જીવનનૈયાને આપને બચાવી લીધી. હવે હું બીજીવાર આવી ગલતી ક્યારેય થવા ન દઈશ.''

→ તમારા માટે જ આવ્યો છું. શ્રી રાજજીએ મને આપની ખબર લેવા માટે જ અહીં મોકલ્યા છે.'' આ પ્રકાર વાતો-વાતોમાં ચર્ચા શરૂ થઈ. ચર્ચા કરતાં-કરતાં શ્રીજીએ પૂછયું, ''હે ભાઈ કંસારા ! ધર્મ લઈને દીવ બંદરમાં આવે આપને કેટલો સમય થયો ? આપની દિનચર્યા શું છે ? ધર્મના સત્સંગ દ્વારા આપને કેટલાંને જ્ઞાન સમજાવ્યું ? ઈત્યાદિ ..... ઈત્યાદિ.'' આ પ્રકાર ચર્ચા કરતાં-કરતાં બપોર થઈ ગઈ, ઘરના બધા લોકો ચર્ચામાં બેઠાં હતા. ચર્ચા સાંભળતાં-સાંભળતાં ભાઈ જયરામ કંસારા પોતાની ભૂલ માનીને રડી પડ્યા. હવે બપોર (દોપહર) ના ભોજન પ્રસાદનો સમય થયો. ત્યારે ચર્ચા બંધ થઈ.

ઉ. ૨૨- ચર્ચા પૂરી થયા પછી બપોર (દોપહર) ના ભોજન પ્રસાદના પૂર્વ ભાઈ જયરામ કંસારાએ શ્રીજીને સ્નાન કરવાની અરજ કરી.

ઉ. ૨૩- શ્રીજીને બહુ પ્રેમથી ભોજન આરોગાવ્યા પછી જયરામ ભાઈ કંસારાએ ''દૂરથી આવ્યા છે, થાકી ગયા હશે''-એ સોચીને થોડી વાર વિશ્રામ કરવા માટે હાથ જોડીને વિનયપૂર્વક આગ્રહ કર્યો.

→ આપની પણ નીંદ હરામ કરવા આવ્યો છું. આપ તો આ માયામાં બેહોશ થઈને કળિયુગના કુંભકર્ણ બનીને સૂતાં છે. તમને જગાડવા અને સચેત કરવા માટે જ શ્રી રાજજીએ મને તમારી ઘેર મોકલ્યા છે અને આપ તો મને પણ સૂવડાવી રહ્યા છે ? **'હમ નહીં આયે પૌઢને'** અર્થાત્ મારું અહીંયા આવવાનો ઉદ્દેશ્ય તો કંઈક બીજું જ છે.''

ઉ. ૨૫- ભોજન પ્રસાદ લીધા પછી શ્રીજીએ ભાઈ જયરામ કંસારા દ્વારા પોઢવાની અરજ કરવાથી પુનઃ ચર્ચા શરૂ કરી અને કહ્યું, ''ભાઈ કંસારા ! તમને આ →

→ દુસ્તર માયાથી કાઢવા માટે હું આપની પાસે આવ્યો છું. શ્રી રાજજી સ્વરૂપ સદ્‌ગુરુએ આપનું નામ લઈને આપને જગાડવા માટે મને અહીંયા મોકલ્યા છે. જુઓ કંસારા ! આપ વ્રજ અને રાસમાં થઈને અહીં આવ્યો છો. તેથી યાદ કરો કે તમે વ્રજમાં કેવા પ્રકારનો વ્યવહાર કર્યો હતો ? વ્રજની →

પ્ર. ૨૬- શ્રીજી સાહેબજીએ સંસારમાં રહેતાં આત્માના ઉદ્ધાર માટે ભાઈ કંસારાને કયા માર્ગ પર ચાલવા માટે કહ્યું ?

ઉ. ૨૬- શ્રીજી સાહેબજીએ સંસારમાં રહેતાં આત્માના ઉદ્ધાર માટે ભાઈ કંસારાને સ્મરણ કરાવતાં કહ્યું, ''હે જયરામભાઈ ! વ્રજમાં હતા ત્યારે આપ શું →

પ્ર. ૨૭- ભાઈ જયરામ કંસારાને વ્રજમંડલમાં તેમના દ્વારા ધણીની સાથે કરેલાં પ્રેમ-વ્યવહારનું સ્મરણ કરાવતાં શ્રીજી સ્વરૂપે શું કહ્યું ?

ઉ. ૨૭- ભાઈ જયરામ કંસારાને વ્રજમંડલના પ્રેમ-વ્યવહારનું સ્મરણ કરાવતાં શ્રીજી સ્વરૂપે કહ્યું, ''ત્યાં વ્રજમાં પણ અહીંયાની જેમ જ આપનું કુટુંબ-કબીલા, પરિવાર-વ્યવહાર વગેરે બધું જ હતું. ઘરનું કામકાજ પણ કંઈ ઓછું ન હતું. નિત્ય પ્રતિ કામ-વ્યવહાર સંભાળતાં પણ આપનું મન કઈ રીતે શ્રી કૃષ્ણજીની સાથે પ્રેમમાં મગ્ન રહેતું હતું ? કઈ રીતે આપ શ્રી કૃષ્ણની સાથે પ્રેમ કર્યા કરતાં હતા ? કઈ રીતે રાતદિવસ શ્રી કૃષ્ણના ચિંતનમાં તલ્લીન રહેતાં હતા ? માયાવી કાર્યોમાં સંલગ્ન (જોડાયેલાં) રહેતાં પણ કેવી રીતે આપનું ચિત્ત પ્રિયતમ શ્રી કૃષ્ણજીના ચરણોથી બંધાયેલાં રહેતાં હતા. આટલો વિશાલ વહેવાર હોવા છતાં પણ પ્રિયતમ શ્રી કૃષ્ણજીની સાથેના પ્રેમ ભાવમાં આપને ક્યારેય પણ કમી આવવા દીધી નથી. ખાતાં- →

પ્ર. ૨૮- ત્યારબાદ શ્રીજી સ્વરૂપે ભાઈ જયરામ કંસારાને વ્રજથી રાસમાં જતાં સમયે બ્રહ્માત્માઓ દ્વારા ચાલેલાં એક-એક કદમનું સ્મરણ કેવી રીતે કરાવ્યું ?

→ ગોપીઓના રૂપ ધારણ કરી આપને બધાની સાથે કયા માર્ગ પર ચાલીને બતાવ્યું હતું ? આપ આપણા વ્રજના માર્ગનું સ્મરણ કરો.'' આ રીતે શ્રીજી સ્વરૂપે ભાઈ જયરામને વ્રજની પોતાની લીલાનું સ્મરણ કરાવતાં ભલી-સારી રીતે ચર્ચા કરી.

→ કરતાં હતા ? વ્રજમંડલની પોતાની લીલાનું સ્મરણ કરી લ્યો. જ્યારે આપ વ્રજમાં ગોપીના રૂપમાં હતા, ત્યારે બીજી ગોપીઓની સાથે કયા માર્ગ પર ચાલ્યા હતા, જેની પર ચાલીને માયાથી નિર્લેપ (અનાસક્ત) રહી શક્યા હતા, બચી શક્યા હતા, તે જ છે અમારા અને તમારા ધામ જવાનો માર્ગ.''

→ પીતાં, ઉઠતાં-બેઠતાં, ચાલતાં-ફરતાં નિરંતર પ્રિયતમ શ્રી કૃષ્ણજીના ચરણોમાં આપનું ચિત્ત કેવી રીતે બંધાઈ રહેતું હતું ? રાતદિવસ તેમનું જ ગાન, તેમનું જ ધ્યાન, તેમના જ વાર્તાલાપમાં આપ કેવી રીતે નિમગ્ન રહેતાં હતા ? માયાવી કાર્ય-વ્યવહારમાં લાગી રહેતાં પણ શું સંસારના બંધન ત્યાં આપને બાંધી શક્યા હતા ?

પુનઃ જ્યારે-જે દિવસ પ્રિયતમ વાછરડાં લઈને વનમાં જતાં હતા, ત્યારે દિવસની એક-એક ક્ષણ આપના માટે કેવો વ્યતીત (પસાર) થતો હતો ? જ્યાં સુધી પ્રિયતમ ધણી આપની આંખોની સામે ન આવી જતાં હતા, ત્યાં સુધી નિરંતર આપની આંખોથી આંસું કેમ વહ્યા કરતાં હતા ? ત્યાં વ્રજમાં આપના પ્રિયતમના શ્રી ચરણોમાં કેવો પ્રેમ હતો ? કેવા દિન-રાત આઠેય પ્રહર સદૈવ આપ શ્રી કૃષ્ણજીના પ્રેમ તરંગોમાં ઉન્મત્ત (ઉદ્ધત-ઝનૂની) રહેતાં હતા ? આપ તે બધી લીલાઓનું સ્મરણ કરી લ્યો.''

ઉ. ૨૮- ત્યારબાદ શ્રીજી સ્વરૂપે ભાઈ જયરામ કંસારાને વ્રજથી રાસમાં જતાં સમયે બ્રહ્માત્માઓ દ્વારા ચાલેલાં એક-એક કદમનું સ્મરણ કરાવતાં કહ્યું, ''જ્યારે અમારા પ્રિયતમ ધણી શ્રી કૃષ્ણજીએ અગિયાર વર્ષના પછી બાવનમાં દિનની સંધ્યાના સમયે બંસી ધ્વનિના માધ્યમથી અમને બોલાવ્યા હતા, →

→ ત્યારે તે સમયે તમે કેવી રીતે સંસાર સાગરને માત્ર ગાય (ગૌ) ના વાછરડાંના ચરણ-ચિહ્નમાં ભરેલાં જલના જેટલું સમજીને તેનું કેવી રીતે સરળતાથી પરિત્યાગ કરી દીધો હતો ? પુનઃ સંસારને તો આપને ગોપદવચ્છ કરી જ દીધો હતો, પરંતુ ઘરના કુટુંબ-પરિવારને પણ નહિ કે સમાન માનીને પરિત્યાગ કરી કેવી રીતે આપ યોગમાયાના બ્રહ્માંડમાં પહોંચી ગયા હતા ? પુનઃ યોગમાયાના બ્રહ્માંડમાં પ્રવેશ થવાથી પહેલાં સીમા પર જ યોગમાયા શક્તિએ આપને કેવી રીતે રોકી લીધા હતા અને →

પ્ર. ૨૯- તત્પશ્ચાત શ્રીજી સાહેબજીએ ભાઈ જયરામ કંસારાને ઊથલામાં ઉત્તીર્ણ થયા પછી વૃંદાવન રમણની વાતો કેવી રીતે યાદ અપાવી ?

ઉ. ૨૯- શ્રીજી સાહેબજીએ ભાઈ જયરામ કંસારાને ઊથલામાં ઉત્તીર્ણ થયા પછી વૃંદાવન રમણની વાતોને સ્મરણ કરાવતાં કહ્યું, "હે ભાઈ જયરામ ! આપ તે વાતોને યાદ કરો કે જ્યારે ઊથલાની પરીક્ષામાં અમે બધા ઉત્તીર્ણ થઈ ગયા, ત્યારે અમારા પ્રિયતમ શ્રી કૃષ્ણજીએ અમને કેવા-કેવી રીતે સુંદર વૃંદાવનના દર્શન કરાવ્યા હતા ? આપને યાદ છે, વાલાજીએ વૃંદાવનના એક-એક પેડ-પૌધોં (ઝાડ) ના નામ લઈ-લઈને વૃંદાવનથી અમારો પરિચય કરાવ્યો હતો ? આપ જરા દિમાગને કસરત કરાવીને યાદ કરો કે ઊથલાની પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં જ વાલાજીએ અમને કેવી રીતે અપનાવ્યા હતા ? તત્પશ્ચાત કેવા અમને વૃંદાવનમાં ઘૂમાવ્યા, ફરાવ્યા ? વૃંદાવનના દર્શન →

❖ જાતિ સ્મરણ બોધ ❖

પ્ર. ૧- દીવ બંદરમાં શ્રીજી સ્વરૂપે ભાઈ જયરામ કંસારાને અંતર્ધાન પછી ક્યાંના મૂલ સંબંધ (મૂળ સ્વરૂપ) નું સ્મરણ કરાવ્યું ?

ઉ. ૧- દીવ બંદરમાં શ્રીજી સ્વરૂપે ભાઈ જયરામ કંસારાને વ્રજ અને રાસલીલા તથા રાસલીલામાં પણ અંતર્ધાન લીલાનું સ્મરણ કરાવ્યા પછી મૂલ- →

→ ત્યારે કાલમાયાનું તન છોડાવીને કેવું આપને યોગમાયાનું શરીર ધારણ કરી યોગમાયાના જ વસ્ત્રાભૂષણોનો સિનગાર ર્ક્યો હતો ?

તત્પશ્ચાત જ્યારે અમે અને તમે વૃંદાવન પહોંચ્યા જ હતા, ત્યારે પ્રિયતમ શ્રી કૃષ્ણજીએ ''અમારી અંદર કાલમાયાનો લેશ લગાવ છે યા નહીં''–આ વાતનો નિર્ણય કરવા માટે કેવી રીતે ઊથલાના વચન કહ્યા હતા ? અમારા પ્રિયતમ ધણીએ અમને કેવી રીતે ઠુકરાવીને તુરંત વ્રજ ઘર પાછાં જવાનું કહ્યું હતું ? આપ તે બધી વાતોને યાદ કરો.''

→ કરાવ્યા પછી કેવી રીતે ધણી અમને વૃંદાવનની વચ્ચે લઈ ગયા, જ્યાં રાસલીલા કરવી નિશ્ચિત ર્ક્યું હતું ? ત્યાં લઈ જઈને પ્રિયતમ વાલાજીએ કેવો અમને મહારાસલીલામાં પ્રવેશ કરાવ્યો ? કઈ રીતે આપણે પ્રિયતમ શ્રી કૃષ્ણજીની સાથે બાથ (આલિંગન) લઈને અમે વિભિન્ન પ્રકારની રાસની રામતો સહિત નાચ્યા-ગાયું, ખેલ્યા-ઘૂમ્યા ? આપ યાદ કરો કે આપને તે મહારાસલીલામાં કેવા રમણ ર્ક્યા હતા ?

પુનઃ મહારાસ રમતાં-ખેલતાં, નાચતાં-ગાતાં જ્યારે અમે બધા પ્રિયતમની સાથે આ રીતે પ્રેમોન્મત્ત થઈ ગયા કે અમને દુઃખ-સુખ, પ્રેમ-આનંદનું પણ ભાન ન રહ્યું, ત્યારે અમારી એવી હાલત જોઈને પ્રિયતમ ધણી અચાનક કઈ રીતે અમારી વચ્ચેથી અદૃશ્ય થઈ ગયા હતા ? અરે કંસારા ! આપ એ બધી વાતોને યાદ કરો. ''

-(પ્રકરણ-૨૦, પ્રશ્ન-ઉત્તર નં.-૨૯, કુલ સં. ૬૭૭+૨૯=૭૦૬).

❖ જાતિ સ્મરણ બોધ ❖

→ શ્રી પરમધામની વાતો બતાવી કે મૂલ શ્રી પરમધામમાં થયેલો પ્રેમસંવાદ જ અન્ય બ્રહ્માત્માઓ સહિત આપને પણ ખેલમાં આવવાનું મૂલ કારણ છે. ઉક્ત પ્રેમસંવાદમાં આપણા પ્રિયતમ શ્રી રાજજીની સાથે આપને કેવા વચન કહ્યા હતા ? તે વચનોને યાદ કરો. પુનઃ શ્રી રાજજીએ આપને શું પ્રત્યુત્તર આપ્યો હતો, તે પણ યાદ કરો ?

પ્ર. ૨- મૂલ સંબંધ યાદ કરાવ્યા પછી રાસલીલાના દરમ્યાન અંતર્ધાન થયા ધણીને પુનઃ પ્રકટ કરવા માટે કરેલી લીલાનું વર્ણન શ્રીજી સ્વરૂપે ભાઈ જયરામ કંસારાને કેવી રીતે સંભળાવ્યું ?

ઉ. ૨- મૂલ સંબંધ યાદ કરાવ્યા પછી રાસલીલાના દરમ્યાન અંતર્ધાન થયા ધણીને પુનઃ પ્રકટ કરવા માટે કરેલી લીલાનું વર્ણન ભાઈ જયરામ કંસારાને સંભળાવતાં શ્રીજીએ કહ્યું, ''રાસમંડલમાં રાસ રમતાં-રમતાં હે કંસારા! અમે બધા કઈ રીતે પ્રેમવિભોર થઈ ગયા હતા અને જ્યારે એ વાત મૂલ સ્વરૂપ શ્રી રાજજીએ જોઈ કે એ બંને-અક્ષર બ્રહ્મ અને સખીઓ પોતાની સૂધ-બુધ ખોઈ બેઠાં છે. તેથી એમને પૂર્વ સ્મરણ કરાવવું અત્યંત જરૂરી છે, ત્યારે શ્રી રાજજીએ પોતાનો જોશ ખેંચી લીધો અને રાસ રમતાં-રમતાં અમારા પ્રિયતમ શ્રી કૃષ્ણજી અમારી વચ્ચેથી અંતર્ધાન થઈ ગયા. એનું કારણ એ હતું કે તે મૂલ અક્ષર બ્રહ્મને અક્ષરાતીત ધામની અંદર અમારા અને પ્રિયતમ ધણીની વચ્ચે થવાવાળી આનંદ લીલાનું અને અમે સખીઓને અસત-જડ-દુઃખરૂપી ખેલનું સ્મરણ કરાવવા ચાહતા હતા. →

પ્ર. ૩- મહારાસલીલા રમણ કર્યા પછી જ્યારે સખીઓ પોતાના ધણી શ્રી કૃષ્ણ સહિત સ્નાન કરવા જમુના તટ પર ગઈ,ત્યારે ત્યાં પ્રેમની પરકાષ્ઠામાં પહોંચેલાં અમારા ધણી શ્રી કૃષ્ણએ પોતાના પ્રગાઢ પ્રેમનો જે પરિચય આપ્યો, તે વાતો શ્રીજી સ્વરૂપે ભાઈ જયરામ કંસારાને કેવી રીતે સ્મરણ કરાવ્યો ?

ઉ. ૩- ભાઈ જયરામ કંસારાને પ્રેમની પરાકાષ્ઠામાં પહોંચેલાં અમારા ધણી શ્રી કૃષ્ણજી દ્વારા આપેલાં પ્રેમના પરિચયની વાતો સ્મરણ કરાવતાં શ્રીજી સ્વરૂપે કહ્યું, ''મહારાસલીલા સમાપ્ત (પૂરી) થયા પછી અમે બધા વાલાજી સહિત શ્રી યમુના તટ પર પહોંચ્યા. જલક્રીડા સહિત સ્નાન લીલા કરવા માટે જ્યારે અમે બધાએ રાસરમણના દરમિયાન પહેરેલાં કપડાંને ઉતારીને શ્રી યમુના તટ પર ઢગલો કરી દીધો અને સ્નાનના કપડાં પહરીને શ્રી યમુનાજીમાં →

→ પુનઃ જ્યારે અમે સખીઓ અત્યંત શોકાકુલ થઈ ઉઠી અને વૃંદાવનના ચપ્પે-ચપ્પે (ખૂણેખૂણા) ને શોધી નાંખ્યા. આપણા પ્રિયતમ વાલાજીને ઢૂંઢતાં-ઢૂંઢતાં વિરહ-વિલાપ કરતાં આખુંય વૃંદાવન ઘૂમ્યા-ફર્યા, પરંતુ અમારા વાલા શ્રી કૃષ્ણજી અમને ન મળ્યા, ત્યારે અમે બધાએ વ્રજલીલાનું અનુકરણ કરવાનો નિર્ણય કર્યો. વ્રજલીલાની અનુકરણ લીલા કરતાં-કરતાં અંત્યમાં વંશી ધ્વનિના માધ્યમથી અમે વ્રજથી વૃંદાવન ગયા. પુનઃ નાટકમાં શ્રી કૃષ્ણ બની ઈન્દ્રાવતી સખીએ દૂર જઈને એવી વંશી વગાડી કે ઈન્દ્રાવતી સખી દ્વારા વગાડેલી વંશીનાદને શ્રી કૃષ્ણજીએ જ વગાડી હોય વંશીનો નાદ સમજીને આનંદ વિભોર થઈને અમે બધા ઈન્દ્રાવતી સખીની પાસે દોડી પડ્યા, ત્યારે અક્ષરાતીતધામથી-શ્રી રાજજી દ્વારા ખેંચેલો જોશ પુનઃ છોડતાં જ અમારા વાલા પ્રિયતમ શ્રી કૃષ્ણજી અમારી વચ્ચે તે જ ઉમળકાભેર (ઉમડતાં) પ્રેમાનંદની વચ્ચે ભજનાનંદ સ્વરૂપના રૂપમાં પ્રકટ થયા. તત્પશ્ચાત અંતર્ધાનના પૂર્વના રાસથી પણ વધારે સારું (બેહતર) સુખદાયી રાસરમણ કરાવીને શ્રી પ્રિયતમે અમારી અંદરના અંતર્ધાનના દુઃખ, વિરહ અને કષ્ટને નિર્મૂળ કરી દીધા.''

→ પ્રવેશ્યા તથા પોતાની ઈચ્છાનુકૂળ વાલાજીની સાથે જલક્રીડા કર્યા પછી બહુ પ્રેમથી વાલાજીને સ્નાન કરાવ્યું. પુનઃ વાલાજીને સ્નાન કરાવતાં સમયે અમે જે સુખનો અનુભવ થયો, તે તો અવર્ણનીય છે. ત્યારબાદ અમે બધી સખીઓ પરસ્પર એક-બીજાને સ્નાન કરાવવા લાગી. આ પ્રકાર સ્નાન કર્યા પછી જ્યારે અમે બધા શ્રી યમુનાજીની બહાર આવ્યા, ત્યારે હે કંસારા ! અમે લોકોએ આપણા વાલાજીને ક્યાં બેઠેલાં જોયા હતા ? એ વાતો યાદ કરો ! તે કયું આસન હતું ? સ્નાન કરતાં પહેલાં રાસરમણના દરમિયાન પહેરેલાં જે વસ્ત્ર અમે ખોલીને (કાઢીને) શ્રી યમુનાજીના તટ પર રાખ્યા હતા, તે જ કપડાંનું આસન બનાવીને પ્રિયતમ વાલાજી બહુ પ્રેમથી બિરાજમાન થયા હતા. અમારા પ્રતિ વાલાજીના તે પ્રેમને તો સ્મરણ-યાદ કરો ! જલક્રીડા તથા સ્નાન પછી અમે બધા શ્રી યમુનાજીના તટ પર લતા-દ્રુમવેલીઓની છાયાની નીચે લાંબી-બે પંક્તિમાં કેમ બેઠાં હતા ? તે યમુના તટ પર બે પંક્તિમાં →

→ બેસીને એક-એક ચોકી પર ચાર-ચાર સખીઓએ કેવી રીતે ભોજન કર્યું હતું ? યાદ કરો, કેવી રીતે અમે સખીઓને પ્રેમથી ભોજન આરોગવાને માટે →

પ્ર. ૪- પુનઃ ભોજનલીલાના પછી પોતાના ધણી શ્રી કૃષ્ણજીની સાથે સખીઓએ રાસલીલાના દરમિયાન અંતર્ધાન હોવાના કારણ વિષયમાં જે પ્રશ્ન પૂછ્યા તથા ધણી શ્રી કૃષ્ણએ તેમનો જે પ્રત્યુત્તર આપ્યો હતો, તે બધી વાતો શ્રીજી સ્વરૂપે ભાઈ કંસારાને કઈ રીતે ફટકારીને સ્મરણ કરાવી ?

ઉ. ૪- ભોજનલીલાના પછી પોતાના ધણી શ્રી કૃષ્ણજીની સાથે સખીઓએ રાસલીલાના દરમિયાન અંતર્ધાન થવાના કારણ વિષયમાં જે પ્રશ્ન પૂછ્યા હતા, તે પ્રશ્ન ભાઈ જયરામ કંસારાને સ્મરણ કરાવતાં શ્રીજી સ્વરૂપે કહ્યું, ''હે કંસારા ! રાસ રમતાં-રમતાં વચ્ચે અંતર્ધાન થઈને વાલાજીએ અમને જે દુઃખ આપ્યું હતું, તેને યાદ કરાવતાં આ વિષયમાં આપને કઈ રીતે વાલાજીને પ્રશ્ન કર્યો હતો ? વાલાજીની પાસે જ્યારે અમે બધા એકત્રિત થઈને બેઠાં હતાં, આપને ધણીજીની આગળ પ્રશ્ન રાખ્યો હતો કે હે વાલાજી ! રાસ રમતાં-રમતાં રંગમાં ભંગ કરીને અંતર્ધાન થઈને આપને અમને વિરહનું દુઃખ કેમ આપ્યું ? તે સમયનું દુઃખ વારંવાર અમારા →

પ્ર. ૫- ઉક્ત વાતો પછી શ્રીજી સ્વરૂપે ભાઈ જયરામ કંસારાની આગળ આ ત્રીજા જાગણીના બ્રહ્માંડની રચનાના કારણને સ્પષ્ટ કરતાં કઈ રીતે તેમને ફટકારીને સ્મરણ કરવાનું કહ્યું ?

ઉ. ૫- ઉક્ત વાતોના પછી શ્રીજી સ્વરૂપે ભાઈ જયરામ કંસારાને કહ્યું, ''હે ભાઈ કંસારા ! યાદ કરો ! ! રાસરમણ પૂરી થયા પછી જ્યારે વિરહ-વિલાસની વાતો પૂરી થઈ, ત્યારે અમને પ્રિયતમ પરમાત્મા શ્રી કૃષ્ણએ કેવી પરમધામમાં જાગૃત થવાની આજ્ઞા આપી હતી અને તત્પશ્ચાત સ્વપ્નવત્ સંસાર કેવી રીતે →

→ સો સખીઓને સાથે લઈને ઈન્દ્રાવતી સખી ખાવાનું પીરસવામાં સંલગ્ન (જોડાયેલ) હતી ? અમે બધાએ કેવા પ્રેમભાવથી ભોજનલીલા કરી હતી ? ભાઈ કંસારા ! આપ ઉક્ત બધી લીલાઓને ક્રમબદ્ધ સ્મરણમાં લ્યો.''

→ હૃદયમાં ઉમડી-ઉમડીને આવે છે. અતઃ આપ જવાબ આપો કે આપને એવું કેમ કર્યું ? ત્યારે અમારી શંકાનું સુંદર વચનોમાં પ્રેમપૂર્વક સમાધાન કરતાં અમારા વાલાજીએ અમને શું જવાબ આપ્યો હતો ? હે કંસારા ! યાદ કરો ! ! વાલાજીએ કહ્યું હતું કે મારી પ્યારી સખીઓ ! હું તો વૃંદાવન છોડીને અન્યત્ર ક્યાંય ગયો જ નથી. રાસ રમતાં-રમતાં એક વૃક્ષ અમારી આડે (અવરોધરૂપમાં) આવ્યું હતું. તે એક ક્ષણમાત્રમાં કઈ યુગો વ્યતીત (પસાર) થઈ ગયા હોય, એમ તમને લોકોને લાગ્યું. કિંતુ એ બધું પ્રેમને કારણ થયું. તમે લોકોએ તો પોતાની દશા બયાન (વર્ણન) કરી દીધી. હવે મારી હાલત શું થઈ, સાંભળો ! જ્યારે હું વૃંદાવનમાં હતો અને મને તમને મળવાની ઈચ્છા થઈ, તે વખતે કટિથી (કમરમાંથી) વંશી કાઢીને મુખમાં લઈને વગાડવાનો જેટલો સમય લાગ્યો, તેટલામાં તો મને એવું લાગ્યું કે માનો કઈ કલ્પ (બ્રહ્માનો એક દિવસ ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ વર્ષો) વ્યતીત થઈ ગયા હોય. એ જ તો છે, પ્રેમની રીત ! ક્ષણમાત્ર સમય બહુ લાંબો લાગવા લાગે છે. એક ક્ષણમાં કઈ યુગ અથવા કઈ કલ્પ વ્યતીત થઈ જાય છે, એવું લાગવા લાગે છે.''

→ ભંગ (વિનાશ) થઈ ગયો હતો ? પુનઃ વ્રજ અને રાસલીલાના પછી પણ જ્યારે અમારા દિલમાં અસત, જડ, દુઃખરૂપી ખેલ જોવાની ચાહના બાકી રહી ગઈ હતી અર્થાત્ વ્રજ અને રાસ-એ બંને બ્રહ્માંડોમાં સ્વાતસી અને રાજસી સખીઓની ખેલ જોવાની ચાહના તો પૂરી થઈ, કિંતુ અમે છ હજાર તામસી સખીઓની અધૂરી ચાહનાને કેવી રીતે અમારા ધામધણીએ રાસરમણલીલા કરીને ઊઠતાં જ અમારી પરાત્મા દ્વારા જાણી લીધું હતું ? હે ભાઈ કંસારા ! શું આપને એ વાતોની જાણકારી છે ? આપણી આપવીતી લીલાઓને આપ યાદ કરી લ્યો.

→

અમારી અને આપની એ જ અધૂરી ચાહનાના કારણે આ ત્રીજું જાગણીનું બ્રહ્માંડ રચવું પડ્યું. જાગણીનું બ્રહ્માંડ રચવાનું મૂલ કારણ છ હજાર તામસી સખીઓની ખેલ જોવાની ચાહના અધૂરી રહી જવાની જ છે. આપણી એ જ ચાહનાને નિર્મૂળ કરવા માટે જ અમે અને આપ અર્થાત્ અમે ૧૨૦૦૦ બ્રહ્માત્માઓ બીજીવાર આ ત્રીજા બ્રહ્માંડમાં આવી છે. હે ભાઈ કંસારા ! જે ત્રિગુણાદિ દેવો દ્વારા અમારા ધણી શ્રી રાજજીનો હુકમ આ સૃષ્ટિના સંચાલન કરાવે છે, તે ત્રિગુણાદિ દેવ તો આપના હાથના ખિલોના❖-કઠપૂતળી છે

પ્ર. ૬- શ્રીજી સ્વરૂપ દ્વારા ભાઈ જયરામ કંસારાને જાતિ સ્મરણ તેમજ બોધ કરાવવા હેતુ કરેલી ચર્ચાથી ત્યાંના સુંદરસાથ પર શું અસર થઈ ?

ઉ. ૬- દીવ બંદરમાં શ્રીજી સ્વરૂપ દ્વારા ભાઈ જયરામ કંસારાને જાતિ સ્મરણ તેમ જ બોધ કરાવવા હેતુ કરેલી ચર્ચાના રસમાં શ્રોતાઓને જે આનંદ આવ્યો. તેમનું વર્ણન કરી શકાતું નથી. શ્રોતાગણ ચર્ચામાં એટલાં તલ્લીન થઈ ગયા

પ્ર. ૭- શ્રીજી સ્વરૂપ દીવ બંદર ક્યારે આવ્યા હતા અને ત્યાં કેટલો સમય રહ્યા ?

ઉ. ૭- શ્રીજી સ્વરૂપ અહમદાવાદથી દીવ બંદર વિ.સં.૧૭૨૨ માં પધાર્યા હતા.

પ્ર. ૮- દીવ બંદરના લોકોને શ્રીજીની ચર્ચા કેવી લાગી ?

ઉ. ૮- દીવ બંદરમાં ભાઈ જયરામ કંસારાના ઘરમાં નિત્ય પ્રતિ ધામધૂમથી ચર્ચા થતી રહી. શ્રીજી દ્વારા નિઃસ્વાર્થ આત્માહિતાર્થ કરેલી ચર્ચાની મહિમાના વિષયમાં શ્રોતાગણ કહેવા લાગ્યા કે એવી રસમયી ચર્ચા ન ક્યારે કોઈએ

❖ **અહં બ્રહ્મારહં વિષ્ણુઃ શિવોઽહમિતિમોહિતા ।**
ન જાનીમો વયં ધાતઃ પરં વસ્તુ સનાતનઃ ।।
-(દેવી ભાગવત).

ભાવાર્થ :- હું સૃષ્ટિકર્તા બ્રહ્મા, બધાના ઉત્પત્તિકર્તા છું અને હું

→ અને આપ તો તે પૂર્ણબ્રહ્મ અક્ષરાતીત શ્રી કૃષ્ણ-શ્રી રાજજીની અંગના છો. મેં આપને તમારી આપવીતી વાતો ક્રમશઃ બતાવી દીધી, જેનાથી કે વિસ્મૃત થયેલી વાતો પુનઃ આપના સ્મૃતિપટલ પર અંકિત થઈ જાય. તેથી આપ એ આપવીતી લીલાઓ પર સારી રીતે વિશ્વાસ કરીને એને આપણા સ્મૃતિપટલ પર લાવવાની કોશિશ કેમ નથી કરતાં ?''

→ કે શ્રોતા અને વક્તા બંનેયને સમયની કંઈ ખબર ન પડી. બધાના હૃદયમાં પ્રેમ ઉમડી આવ્યો. આત્મામાં આત્મજ્ઞાનની રોશની એટલી વધી ગઈ કે બધાની અંદર આત્મીય સંબંધનો પ્રેમભાવ ઉમડી પડ્યો. ત્યાં ચર્ચા સાંભળવા આવવાવાળા શ્રોતાઓના અહોભાગ્યની સરાહના (પ્રશંસા)કોણ કરી શકે ? આ નશ્વર જિહ્વા (જુબાન) તો આ વિષયમાં બિલકુલ અસમર્થ છે.

